


ઐતિહાસના વિશાળક્ષેત્ર તરફ નજર કરતા પૂર્વ પુરૂષોના જીવન સ્મરણોમ
અગ્રસ્થાન ભોગવતી તીર્થંકર ભૂમિકાનો અપ્રકટ ઇતિહાસ શોધીને અને
તેનો ગુર્જર ભાષામા અનુવાદ કરીને શ્રી સુપાર્શ્વનાથ સ્વામીના ચરિ-
ત્રને અંગે જેમણે વિરલ અને વિશાલ સાહિત્ય પ્રકાશમા આણ્યુ
છે, એટલુ જ નહિ પણ સાહિત્ય ક્ષેત્રમા જેમની કાવ્યકૃતિના
ઓજસભર્યા ભાવ વહેવગાવતી શ્રી ‘ અજીત કાવ્યકિરણા-
વલી’ તથા ‘ ગીતરત્નાવળી ’ આદિ કાવ્ય દીપમાલાઓ
પ્રકાશી રહી છે. તેમજ દ્રવ્યાનુયોગના વિષયમા સવેધ
છત્રીશી અને જૈન સાહિત્યના સબધમા પ્રકરણ
સુખસિધુ ભાગ પહેલો તથા બીજો ઘેર ઘેર
સપ્રેમ વચાય છે, એવા સાહિત્યરસિક—

આચાર્યશ્રી અજીતસાગર સૂરિ

ના ઐતિહાસિક વિશાળ અનુભવનો લાભ આ ગ્રથમા અનુમોદનીય
હોઇને ગ્રથ સૌંદર્યનો યશ તેમને ઘટે છે

ઉપોદ્ઘાત.

જૈન ધર્મ એ ક્ષાત્રધર્મ છે, કેમકે જૈનોની અહિંસામા નામર્દી નથી, પણ ક્ષત્રીયોની ક્ષમા અને શૂરતાની સૂચક ભાવના છે અને તેથીજ જૈનોનો ધર્મ ક્ષાત્રતેજ તેમજ બ્રહ્મતેજનુ સુંદર સંગમસ્થાન છે, એ વાત બુદ્ધિ અને હૃદયથી સમજાય તેવી છે, પરંતુ તેની ઉપર જમાનાના એટલા બધા આવરણ ચડી ગયા છે કે તે બધા થર ભેદીને ઐતિહાસિક સત્યો જગત્ સન્મુખ ધરવા એ બહુજ શ્રમસાધ્ય છે પીત્તળ અને સુવર્ણ ધાતુરૂપે તો સરખા જ છે, પરતુ પીત્તળ જેટલી સ્હેલાઇથી મેળવી શકાય છે, તેટલીજ સ્હેલાઇથી સુવર્ણ નથી મેળવી શકાતુ સુવર્ણની એક બારીકમા બારીક રજ મેળવવા માટે ઘણા બળ અને રસાયણિક પ્રયોગો કરવા પડે છે આપણા જૈન ઇતિહાસના પ્રસંગોમા પણ એવીજ શોધખોળ ચીવટ અને અનુરાગની પગલે પગલે જરૂર પડે છે અને તેથીજ જૈન ઐતિહાસિક પ્રસંગો આપણા ઇતિહાસમા અનેક સ્થાન ભોગવી રહ્યા છે

બારમી સદી સુધીનો ગુજરાતનો ઇતિહાસ અનેક જૈન રાજદ્વારી પુરુષો, જૈન મુત્સદ્દીઓ અને જૈન પ્રધાનોની કાર્યભરી કથાઓથી ઝળહળી રહ્યો છે ગુજરાતના ઇતિહાસમાથી મુજાલ વસ્તુપાળ, તેજપાળ અને શ્રી હેમચદ્રાચાર્ય જેવા પુરુષોને બાદ કરે, તો એ ઇતિહાસ સાવ નિસ્તેજ અને નિષ્ફલ જણાય

આજે ગુજરાતના ઇતિહાસનો કોઇ એવો અભ્યાસી નહી હોય કે જે વસ્તુપાળ તેજપાળના બળ વીર્ય અને ધર્મભાવથી પરિચિત નહી થયો હોય તેણે ધોળકામા રહીને ગુજરાતની રાજલગામ પોતાના હાથમા રાખી અને પાટણની પડતી મહેલાતને પોતાના બાહુબળ અને બુદ્ધિબળથી ટકાવી રાખી, એટલુજ નહી પણ ગુજરાતનુ ગૌરવ છેક માળવાની સીમ સુધી ફેલાવ્યુ

કુટુબનો કોઇ એક વૃદ્ધ અને પ્રભાવવાળો પુરુષ એકાએક ચાલ્યો જાય ત્યારે કુટુબના અનેક સ્ત્રી-પુરુષનો નાપ તથા સબધ્ધતાની સાકળનો આકડો ઢીલો પડી જાય, તેમ પાટણના—વસ્તુત ગુજરાતના રાજકુટુબમા પણ બન્યુ વસ્તુપાળ તેજપાળે પોતાના બુદ્ધિ સામર્થ્યથી બાહુબળથી અને ધર્મભાવથી જે રાજતત્ર ટકાવી રાખ્યુ હતુ તે તેના જવાથી શી

આજે આપણે એ કર્મયોગીપણું, એ નિર્ભયપણું અને એ નિસ્પૃહપણું ગુમાવી બેઠા છીએ અને તેથીજ સમાજ, રાજ્ય અને ધર્મના ક્ષેત્રોમાથી પણ જાણે જૈનશક્તિ ઉડી ગઈ હોય એમ લાગે છે સમાજ સુધારણાના ન્હાના શા ક્ષેત્રમા પૂર વેગથી વીર્ય સ્ફુરાવનાર પુરૂષોના જ્યા સાસા હોય ત્યા રાજદ્વારી જીવનની તો વાત જ ક્યા કરવી ? પણ અમને આશા છે કે આવા ઐતિહાસિક ચરિત્રો અમારા જૈન વાચકોના હૃદયમા નવો પ્રકાશ અને દીલમા નવુ કૌવત પ્રકટાવશે. જૈન ઇતિહાસના ઉપકરણ તો અસખ્ય છે. પણ એ ઉપકરણો એકઠા કરવા, તેમાથી ઐતિહાસિક ઘટનાઓ તારવવી અને તેમા રસ પૂરવો એ કામ એટલુ બધુ સરળ નથી અમે અમારા સજ્જન મિત્રો અને પૂજ્ય ગુરૂવર્યોની સલાહ, સૂચના તથા અનુમોદનના પ્રતાપે એ દિશામા યથાશક્તિ ફાળો આપી રહ્યા છીએ તેનો તમામ જશ તેમનેજ અર્પી અમે કૃતકૃત્ય થઇએ છીએ. તેમજ ભાઇ જગજીવન માવજી કપાસીએ અનેક અવસાયો અને રોકાણોમાથી અવકાશ મેળવીને સાહિત્યપ્રેમથી આવી નવલકથા લખવામા મુખ્ય ભાગ લીધો છે તેમ જણાવતા આનદ થાય છે

જેમ જેમ વધુ ઐતિહાસિક માહિત્ય મળતુ જશે, ઇતિહાસરસિક ગૃહસ્થો તથા મુનિવરોની અણમોલી સહાય મળતી જશે, તેમ તેમ પ્રાચીન રાસાઓ, પદ્યપ્રબધો તથા શીલાલેખો ઉપરથી છેક નવોજ પ્રકાશ તથા નવો રસ, ગુજરાતી જૈન સાહિત્યમા આમેજ કરવાની અત્યારે તો ભાવના રાખી વિરમીએ છીએ અને ઇચ્છીએ છીએ કે જૈન પ્રજા આવા પૂર્વ પુરૂષોના ક્ષાત્રતેજને પોતાના જીવનમા પચાવી જૈન શબ્દ પાછળ આજકાલ ઘૂસી ગયેલુ 'ભિરૂતા'નુ કલક ધોઇ નાખવા જેટલા ઓજસ પ્રકટાવે !

સમાજસેવક.

શેઠ દેવચંદ દામજી—કુંડલાકર.



પર્યુષણ ક્ષમાપના પત્રો

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

અનુક્રમણિકા.



જૈન પત્રની ભેટો.

[illegible]

૨૦ [illegible] આદર્શ [illegible]

૨૧ [illegible] (સચિત્ર)

[illegible]

અણહિલપુરનો

આથમતો સૂર્ય.



વીર શિરોમણિ વસ્તુપાળ કિંવા પાટણની ચડતી પડતીના બીજા ભાગનું અનુસંધાન.



પ્રકરણ ૧ લું.

જીવનનો આદર્શ.

મનુષ્યના જીવનમા ઉત્સાહ અને ચેતન ભરનારો પ્રભાતનો સમય હતો, રાત્રિનો અંધકાર પલાયન થઈ ગયો હતો અને પૂર્વ દિશામા સવિતાનારાયણનો ઉદય પણ થઇ ચૂક્યો હતો. મીઠા, સુશીતળ અને મંદ પવનની લહેરોથી જાગૃત થઇ ઉત્સાહી જનો કર્ત્તવ્યમા ગુંથાતા હતા, જ્યારે પ્રમાદી જનો નિદ્રાના પાશમા વધારેને વધારે ભપડાતા જતા હતા ભૃગુકચ્છના શેઠ રાજચંદ્રની એકની એક પુત્રી યશોમતી વ્હેલી ઉઠી, સ્નાનાદિ ક્રિયાથી પરવારી ગૃહમંદિરમા પ્રભુની પૂજામા આ સમયે રોકાએલી હતી વાચક મહાશયો યશોમતીના પરિચયમા આવેલા છે, તેઓ તેના વિચારોને પણ જાણે છે યશોમતીએ જગતની જંજાળ અને સંસારના સાંકડા બંધનને જુદા માન્યા હતા તે પરમાત્માની પૂજા અને તેમના ભજનને જીવનનુ કર્ત્તવ્ય તથા પરોપકાર અને લોકકલ્યાણને જીવનનો આદર્શ માનતી હતી. તેનુ વય પંદર કે સોળ વર્ષનું હતુ, યૌવનના સુલભ્ય અને સ્વાભાવિક લક્ષણોથી તેનું શરીર વિકાસને પામ્યુ હતુ: પરતુ તેનું મન તો નિર્વિકારજ હતુ. પ્રભાતમાં પ્રભુની પૂજા, મધ્યાન્હે ઉત્તમ ગ્રંથોનુ વાચન અને રાત્રે તત્વનું ચિંતન, એ એનુ નિત્યનું

તે લજ્જાશીલા મુગ્ધાએ કહ્યુ " તમે મારા ખોટા વખાણ્ કરો છો. મારો ગગ કાઇ એટલો બધો સારો નથી રાગ તો પદ્મા બ્હેનનો. જાણે સ્વર્ગ લોકની કિન્નરી !"

" મીઠો કંઠ એ સ્ત્રીઓને માટે ઉત્તમ બક્ષીસ છે, કારણકે તેના પ્રયોગથી પોતાના સ્વામીને પ્રસન્ન કરી શકાય છે. " અનુપમાએ ધીમેથી પણ અર્થસૂચક ભાવથી કહ્યુ.

યશોમતીના મુખ ઉપરથી હાસ્યની છટા ચાલી ગઇ અને તે ઉપર ગભીરતા છવાઇ ગઇ ગભીરતાથી તેનું મુખ વિશેષ તેજસ્વી બન્યુ

અનુપમાને કાંઈ યાદ આવ્યુ હોય, એવો ભાવ દર્શાવીને તેણે પૂછ્યુ, " યશોમતી ! પદ્મા બ્હેને કહેલી એક વાત મને અત્યારે યાદ આવી છે તે હુ તને કહુ ?"

" કહોને " યશોમતીએ ઉત્સુકતા દર્શાવીને કહ્યુ " એવી તે વળી શી વાત અચાનક યાદ આવી છે ?"

" પણ એથી તને ખોટું તો નહિ લાગે ને ?" અનુપમાએ ભાર દઇને પૂછ્યુ,

" ખોટુ અને તે તમારા માટે ?" યશોમતીએક હ્યુ. " એ શું કહો છો, કાકી ! તમે તો મારા મનથી મારી માતા સમાન છો."

" ત્યારે સાભળ " અનુપમાએ સહજ વિચાર કરીને કહ્યું. "તારી સખીએ મને એક વખત કહ્યુ હતુ કે તુ જીવનભર કુમારી અવસ્થામા રહેવાને ઇચ્છે છે શુ આ વાત ખરી છે ?"

યશોમતીએ એક વાર પદ્માની સામે જોયુ તેની વિશાળ આખોમા કપટનો ભાવ સ્પષ્ટ જણાતો હતો, પરતુ પદ્મા તો મૌનજ રહી

યશોમતીએ થોડી વાર વિચાર કર્યો અને પછી દઢતાથી જવાબ આપ્યો " એ વાત તદ્દન ખરી છે."

" આ વાત તારી માતા અને તારા પિતા જાણે છે ?" અનુપમાએ આગળ ચલાવ્યુ.

" કેટલીક વાત એવી છે કે જે માતાપિતાને પ્રસગ વિના કહી શકાતી નથી અને સખીને કહેવાય છે " યશોમતીએ જવાબ આપ્યો

" એ હુ જાણુ છુ પરતુ શ તારા માતાપિતાએ તને તારા

"એ તારો દુરાગ્રહ છે, યશોમતી !" અનુપમાએ કહ્યુ." સ્ત્રીને માટે કૌમારવ્રત પાળવુ ઘણુ મુશ્કેલ અને અત્યત કઠિન છે. પુરૂષ જેટલી સરલતાથી બ્રહ્મચર્યને પાળી શકે છે, તેટલી સરલતાથી સ્ત્રી બ્રહ્મચર્યને સર્વદા પાળી શકતી નથી પુરૂષની આકર્ષક રીતભાત તથા તેની ઝેરી નજરથી બચવુ અને ચચળ મનને સયમમા રાખવું, એ કાઇ નાના છોકરાની રમત નથી "

"એ ગમે તેમ હોય, અને તમને એવો અનુભવ હોય તો તમે જાણો. બાકી મેં જે નિશ્ચય કર્યો છે એથી હુ ડગવાની નથી " યશોમતીએ દૃઢતાથી કહ્યુ "ભ્રમમૂલક કલ્પનાના તરગે નાચતા ભ્રમિત જગતને હુ બતાવવા માગુ છુ કે સ્ત્રી પણ કુમારી રહી જનસેવા અને લોકકલ્યાણ કરી શકે છે અને પુરૂષની પેઠે સસારના સર્વ કાર્યોમા ભાગ લઇ સ્વપરનુ હિત સાધી શકે છે "

"યશોમતી ! તુ આખા જગતને ભ્રમિત ગણે છે, એ તારી ભૂલ છે ખરી રીતે તો તુજ ભ્રમિત બની ગઈ છે સ્ત્રીનુ ખરૂ કર્ત્તવ્ય શુ છે અને તેણે આ સસારમા રહી પોતાના જીવનને શી રીતે વ્યતિત કરવાનુ છે, તે તુ જાણતી નહિ હોવાથીજ અનુચિત નિશ્ચયને બાધી બેઠી છુ " અનુપમાએ કહ્યુ

અનુપમા યશોમતીને જેમ જેમ કસોટીએ ચડાવતી હતી, તેમ તેમ યશોમતી વધારેને વધારે દીપી નીકળતી હતી. તેણે કાઇક અભિમાનથી અને કાઇક જુગુપ્સાથી પૂછયુ "તમે સ્ત્રીના કર્તવ્યની વાત કરો છો, એ ઠીક છે, પરતુ સ્ત્રીનુ કર્ત્તવ્ય કયુ ગણો છો ? મનમોજી, કઠોર, પ્રેમહિન અને સ્વાર્થી એવા પુરૂષની સાથે પરણીને જીવનને પરતત્રતમા મૂકવુ એ શુ સ્ત્રીનુ કર્ત્તવ્ય છે, કાકી ? "

"જો સ્ત્રીને સસારમા રહેવુ હોય, તો એજ તેનુ કર્ત્તવ્ય છે " અનુપમાએ શાતિથી ઉત્તર આપ્યો

"મને સસારની દરકાર નથી હું સંસારમા રહેવા માગતી નથી" યશોમતીએ કહ્યુ

"તો પછી શા માટે દીક્ષા લેતી નથી ?" અનુપમાએ પૂછયુ

"દીક્ષા લેવી હશે તો લઇશ અને નહિ લેવી ઘટે તો નહિ લઉ, પરતુ જીવનને પરતત્ર તો નહિજ થવા દઉ." યશોમતીએ દૃઢતાથી જવાબ આપ્યો અને ઉત્તેજક સ્વરથી કહ્યુ "અનુપમા કાકી ! તમે મને આ વિષયમા આટલો બધો અનુરોધ શા કારણથી કરી રહ્યા

પદ્માએ કટાળીને કહ્યું. " ભાભી ! ચાલો હવે જઇએ. "

" હા, ચાલો. " અનુપમાએ યશોમતી સામે જોઇને કહ્યું. " અમે હવે જઇશું "

યશોમતી વિચારગ્રસ્ત હતી; તે કાંઇ બોલી નહિ

પદ્માએ યશોમતીના આવાસના દ્વારમાંથી નીકળતાં કહ્યું "ભાભી ! આવા દૃઢ નિશ્ચયવાળી બાળાને શુ તમે પુત્રવધુ બનાવી શકશો ખરા ? હું નથી માનતી કે તમે તેમા વિજય મેળવો. "

અનુપમાએ પ્રત્યુત્તરમાં માત્ર હાસ્યજ કર્યું.



પ્રકરણ ૨ જું.

અમરદેવી.

વીરમનુ ચિત્ત બહુજ અસ્વસ્થ રહેતુ હતુ. તેના દિલમાં શાતિ કે આરામ ન હતા તેના પિતા વીરધવળની અવકૃપા, વસ્તુપાળ અને તેજપાળનુ પ્રાબલ્ય, વીસળની લોકપ્રિયતા અને પાટણ તથા ધોળકાના રાજકારસ્થાનીઓની ખટપટ ઇત્યાદિ તેની માનસિક અસ્વસ્થતાના કારણો હતા વીરમને મિત્રો હતા, પરંતુ તેઓ માત્ર સ્વાર્થ પૂરતો સ્નેહ રાખતા હતા. વીરમને સ્ત્રી હતી પરતુ તેનો પ્રેમ તે ગુમાવી બેઠો હતો. તેને આધાર માત્ર બેજ મનુષ્યોનો હતો. એક તેના દાદા લવણપ્રસાદનો અને બીજો તેની પ્રેમપાત્રી મધુરીનો

રાત્રિનો પ્રથમ પ્રહર ચાલતો હતો પ્રભાતમા વીરમને અગત્યના કામે વીરમગામ છોડીને જવાનુ હતુ તે તેની સ્ત્રીને મળવાને રાણીવાસમા ગયો. જબલપુરના રાજા ઉદયસિંહની પુત્રી અને વીરમની પત્ની અમરદેવી ઓરડામા એક આસન ઉપર બેઠી હતી તેના મસ્તક ઉપરથી વસ્ત્ર ખસી ગયુ હતુ અને તેના વાળ અવ્યવસ્થિત હતા ગાલે હાથ ટેકાવી નીચી નજરે વિચારગ્રસ્ત અવસ્થામા તે બેઠી હતી અને તેની દાસી પ ખાથી તેને પવન નાખતી પછવાડે ઊભી હતી વીરમે એ ઓરડામા પ્રવેશ કર્યો, ત્યારે અમરે માથાના વાળને અને વસ્ત્રને ઠીકઠાક કર્યા તેણે તેના પતિ તરફ એકવાર નજર નાખી અને ત્યારબાદ પુનઃ તે વિચારનિદ્રામા પડી. અમર વધારે સુદર હતી કે

અમરના હૃદયનો ઉભરો હવે દાબ્યો રહી શકયો નહિ તેના મુખ ઉપર ક્રોધના ચિન્હો પ્રસરી ગયા તેની સુડોળ અને સરલ નાસિકાના ક્ષુદ્ર રંધ્રો પ્રફુલિત થયા અને તેની વિશાળ આંખો વિશેષ વિશાળ થઇ તો પણ અમરે ક્રોધને કાબુમા રાખતા કહ્યુ "મને બાળીને શા માટે બાળો છો ? વિના કારણ મારી મશ્કરી શા માટે કરો છો ?"

વીરમે કાંઇક ખુલ્લા દિલથી કહ્યુ "અમર ! હુ તને બાળતો નથી, તેમ તારી મશ્કરી પણ કરતો નથી, હુ ખરા દિલથી તારી રજા લેવાને જ આવ્યો છુ "

"તો હુ પણ તમને ખરા દિલથી કહુ છુ કે હુ તમને રજા આપી શકતી નથી અમરે ગર્વથી કહ્યુ

"એનુ કારણ ?" વીરમે પૂછ્યુ

"એનુ કારણ એ કે મારી રજા માગવાનો તમને શો અધિકાર છે ?" અમરે જવાબ આપતા સામો પ્રશ્ન કર્યો

"શુ તારી રજા માગવાનો મને અધિકાર નથી ? શું તુ મારી પત્ની અને હુ તારો પતિ નથી ?" વીરમે આશ્ચર્ય દર્શાવતા પૂછ્યુ

અમરે જરા પણ ગભરાયા સિવાય ઉત્તર આપ્યો. "તમે મારા પતિ છો–માથાના મુગટ છો–જીવનના દેવતા છો. પરંતુ હુ તમારી પત્ની નથી તમે મને તમારી પત્ની કયારે ગણી છે કે આજે આવો પ્રશ્ન પૂછો છો ?"

"તુ મારી પત્ની નથી, ત્યારે કોણ છો ?" વીરમે પુનઃ પૂછ્યુ

"હલકામા હલકી દાસી," અમરે જવાબ આપ્યો અને કહ્યુ "અને દાસીની રજા લેવાનુ કાંઇ પ્રયોજન નથી "

"અમર ! ક્રોધના આવેશમા તુ સારાસારનુ ભાન ભૂલી ગઇ જણાય છે તુ મારી દાસી નહિ, પરંતુ પત્નીજ છે અને તે પ્રમાણે તારી સાથે વર્તવાને હું તૈયાર છુ પણ તુ જ મને તારો પતિ માનીને મારી સાથે એ પ્રમાણે વર્તવાને તૈયાર નથી " વીરમે ગભીર બનીને કહ્યુ

અમરનો ક્રોધ ધીમે ધીમે વધતો જતો હતો તેણે જુસ્સાથી કહ્યુ "કોણ કહે છે કે તમે મારા પતિ નથી ? સમસ્ત જગત્ જાણે છે કે ગુજરાતના રાજા વીરધવળના યુવરાજ વીરમકુમાર જયલપુરના રાજા ઉદયસિંહની કુંવરી અમરના પતિ છે, ભગવાન સૂર્યનારાયણ અને અગ્નિ

રાખવો હોય અને તે તમારા ગળે વળગી હોય, તો ચાલ્યા જાઓ મારા આવાસમાંથી અને જ્યાં સુધી તમારે એ દુષ્ટ વ્યવહાર રાખવો હોય, ત્યાં સુધી કદિ પણ મારા આવાસમાં આવશો નહિ "

પતિ પત્નીનો ઝઘડો જોઇને દાસી ક્યારની ચાલી ગઇ હતી

વીરમે અમરના અપમાનકારક વચનો સાંભળીને પૂછ્યું "આ શબ્દો તું કોને સંભળાવી રહી છે, તેનું તને ભાન છે ?"

"હા, મને તેનું સંપૂર્ણ ભાન છે. ગુજરાતના યુવરાજ અને જખલ-પુરની રાજકુંવરી અમરના પતિને એ શબ્દો હું સંભળાવી રહી છું." અમરે ઉત્તર આપ્યો.

"અને તેનું શું પરિણામ આવશે, એનું તને જ્ઞાન છે?" વીરમે પુનઃ પૂછ્યું

"હા, એક સ્વાર્થી અને અધમ નારીના મોહની ખાતર તમે તમારી ધર્મપત્નીનો ત્યાગ કરશો." અમરે ઉત્તર આપીને કહ્યું "પણ મને પરિણામની દરકાર નથી તમે મારો ત્યાગ કરવાના હો, તો આજ-થીજ—અત્યારથીજ કરો વિરહની વ્યથાને સહન કરવાની મારામાં શક્તિ છે અને કદાચ નહિ સહન થાય, તો તેની આગમાં હું બળીશ-મરીશ પરંતુ મારા પતિને અન્ય સ્ત્રીના મોહમાં પડેલા જોઈ શકીશ નહિ "

"પણ આવા કટુ વચનો મને કહેવાનો અને અહીંથી ચાલ્યા જવાની આજ્ઞા કરવાનો તને શો અધિકાર છે?" વીરમનો ધુંધવાઇ રહેલો ક્રોધ ધીમે ધીમે બહાર નીકળવા લાગ્યો

"અસંખ્ય મનુષ્યોની મેદની વચ્ચે તમે મારું પાણિગ્રહણ કર્યું છે અને અગ્નિદેવની સાક્ષીએ લગ્નની પવિત્ર પ્રતિજ્ઞાઓ લીધી છે, એ આધારે એવા કટુ વચનો કહેવાનો અને તમને એવી અપમાનકારક આજ્ઞા કરવાનો મને અધિકાર છે" અમરે ગર્વથી ઉત્તર આપતાં કહ્યું.

"ઠીક છે, અભિમાની નારી! તારા અભિમાનને ઉતારવા અને તારા ગર્વને ગાળવા માટે તને ઉચિત શિક્ષા કરવી પડશે અમર! હું આજથી તારો ત્યાગ કરું છું" વીરમ એમ કહીને તથા અમર તરફ ક્રોધભરી નજર નાખીને ચાલતો થયો

અમરે જરા આગળ આવીને આજ્ઞાસૂચક સ્વરે કહ્યું "ઉભા રહો."

વીરમ તુરત ઉભો રહ્યો તેણે પાછા ફરી પૂછ્યું "કેમ? શું કહે છે?"

તમને તમારા અધમ વર્તનનો પશ્ચાત્તાપ થાય અને તમારા સાચા કર્તવ્યનુ ભાન થાય તો આહી ખુશીથી આવજો એ વખતે હુ તમારી ક્ષમા માગીશ તમને આલિગીશ અને મારા ઉન્નત વક્ષસ્થળ ઉપર તમારા મસ્તકને અત્યત પ્રેમપૂર્વક સ્થાન આપીશ પરતુ તે પહેલા તમને મારા આવાસમા આવવાનો અધિકાર નથી બસ ! જાઓ, ચાલ્યા જાઓ યુવરાજ ! '

વીરમે અમર તરફ એકવાર તીવ્ર દૃષ્ટિથી જોયુ અને ત્યારપછી ત્વરાથી ચાલ્યો ગયો

વીરમ ગયા પછી **અમર**નો ક્રોધ જ્યારે શાત થયો ત્યારે તે હતાશ થઈને પલગમા પડી એ અભિમાની અને ક્રોધપૂર્ણ યુવતીની વિશાળ આખો અશ્રુઓથી છલાછલ ભરાઈ ગઈ હતી.



પ્રકરણ ૩ જું.

વીરશિરોમણિ.

જે સમયની આ **નવલકથા** લખાય છે, તે સમયે **વીર** વનરાજે સ્થાપેલા પ્રસિદ્ધ **પાટણ**ની અને ગૌરવભર્યા ગુજરાતની કેવી સ્થિતિ હતી, તે ઇતિહાસપ્રિય વાચક મહાશયોની જાણ બહાર નથી આ વખતે સમસ્ત ગુજરાતમા મોટી રાજકીય અને ધાર્મિક ખટપટ ચાલતી હતી **પાટણ**નો પતિ ભોળો **ભીમ**દેવ એકાત વાસમા રહી લગભગ **સં**ન્યાસી જીવન ગાળતો હતો તેનો ઉત્તરાધિકારી અને **પાટણ**નો મહાસામત ત્રિભુવનપાળ રાજ્યગાદી મેળવવાને અનેકવિધ કાવત્રા કરી રહ્યો હતો વાઘેલાઓ ધોળકાના નવા રાજતત્રને વધારવાને અને સુદૃઢ કરવાને જીવતોડ પ્રયત્નો કરતા હતા જૈનો તથા શૈવો ગુજરાતમા પોતાના ધર્મની મહત્તા સ્થાપવાને પરસ્પર લડી રહ્યા હતા અને **માળવા**ના પરમાર દેવગિરિના યાદવો તથા પરદેશી **મુસલમાનો** ગુજરાતની રાજસત્તાને તોડી પાડવાને ટાપી રહ્યા હતા ટુકામા કહીએ તો ગુજરાતના **પાટનગર** **પાટણ**મા અને આખા ગુર્જર દેશમા રાજકીય સામાજિક, ધાર્મિક અને કૌટુમ્બિક ક્લેશનો અગ્નિ સળગી રહ્યો હતો **પાટણ**ના રાજચિતાકારી મહામડલેશ્વર લવણપ્રસાદ ધોળકાનો રાણા વીરધવળ અને મહામાત્ય વસ્તુપાળ આ ક્લેશના

તેણે સૈનિકનો પોશાક પહેરેલો હતો અને તેથીજ રામેશ્વર તેની તરફ આશ્ચર્યથી જોઇ રહ્યો હતો. તંબૂમાં એક તરફ બળતા દીપકના આછા પ્રકાશમાં રામેશ્વરે આવનાર પુરૂષના સર્વાંગનું અવલોકન કરીને પૂછ્યું.

'તું...તમે કોણ છો ?' રામેશ્વરના મુખમાંથી સ્વાભાવિક રીતેજ 'તું' ને બદલે 'તમે' શબ્દ નીકળ્યો.

એ પુરૂષે ઉત્તર આપ્યો: 'સૈનિક—પહેરેગીર.'

'કેવળ અસત્ય. તમે પહેરેગીર નથી.' રામેશ્વરે કહ્યું.

'ત્યારે હું કોણ છું ?' એ પુરૂષે પ્રશ્ન કર્યો.

"હું નથી જાણતો કે તમે કોણ છો; પણ તમારો પહેરવેશ સામાન્ય સૈનિકનો છે. તમારો દેખાવ કોઇ ઉચ્ચ પદવીધારી પુરૂષનો છે.' રામેશ્વરે જવાબ આપ્યો.

'ત્યારે સાંભળો સેનાપતિ ! હું ગુજરાતી સૈન્યનો એક સૈનિક છું.' તે પુરૂષે કહ્યું.

'બરોબર છે.' રામેશ્વરે એમ કહીને ગંભીરતાથી પૂછ્યું: "પણ તમે કોના આવાસમાં આવી રીતે પ્રવેશવાનું સાહસ કર્યું છે, એ જાણો છો ?"

"હું એ બરાબર જાણું છું. આ આવાસ યાદવ સેનાપતિ રામેશ્વરનો છે." તેણે પણ ગંભીરતાથી જવાબ આપ્યો.

'અને આ સાહસનું—આ ધૃષ્ટતાનું પરિણામ શું આવશે, તેની તમને ખબર છે ?' રામેશ્વરે વધારે ગંભીર બનીને પ્રશ્ન કર્યો.

"પરિણામની દરકાર હું રાખતો નથી." એ પુરૂષે જવાબ આપ્યો.

'ઠીક છે.' રામેશ્વરે કહ્યું અને પછી પૂછ્યું: 'અત્યારે મધ્ય રાત્રિએ અહીં આવવાનું શું પ્રયોજન છે ?'

'પ્રયોજન એટલુંજ કે તમે ગુર્જરાનીકો સાથે યુદ્ધ કર્યા વિના પાછા જાઓ.' તેણે જવાબ આપ્યો.

'શા માટે ? એનું કારણ શું ?' રામેશ્વરે અધીર થઈને પૂછ્યું.

'એનું કારણ એટલુંજ કે સૈનિકોનો નિરર્થક રક્તપાત થતો અટકે.' તે પુરૂષે તુરતજ ઉત્તર આપ્યો.

'ત્યારે તમે શું ગુર્જરાનીકો તરફથી સંધિનો સંદેશો લઇને આવ્યા છો ?' રામેશ્વરે પુનઃ પૂછ્યું.

અહિંસાધર્મના પરિપાલક શ્રાવકનુ કામ નથી ?" રામેશ્વરે કંઇક ગર્વથી અને કંઈક હાસ્યથી પૃછ્યુ

"ત્યારે તમારૂ કહેવુ એવુ છે કે લડાઇમા ભોજન ઉપર સારી રીતે હાથ મારનાર બ્રાહ્મણનુજ કામ છે ખરૂને ?" રામેશ્વર બ્રાહ્મણ હતો અને તેથીજ તે પુરૂષે ઉત્તર આપવાને બદલે સામો પ્રશ્ન કર્યો.

આ સાભળી રામેશ્વરનો ક્રોધ વધ્યો તેણે ગુસ્સાપૂર્વક કહ્યુ "લડાઇના મેદાનમા ભોજન ઉપર હાથ મારનારા બ્રાહ્મણનુ કામ છે કે ગાદી-તકીએ આડા પડ્યા પડ્યા કલમ ચલાવનારા વણિકનુ કામ છે ? એનુ નિરાકરણ પ્રભાત પછીજ થશે "

"ત્યારે તમે અમારી સાથે સધિ કરવાને તૈયાર નથી ?" ગુજરાતી સૈનિકે પ્રશ્ન કર્યો

"જરા પણ નહિ" યુવાન સેનાપતિએ અભિમાનથી ઉત્તર આપ્યો

"જેવી તમારી ઇચ્છા પણ સેનાપતિજી ! ગુજરાતના વણિકો જેમ કલમને ચલાવી જાણે છે, તેમ તલવારને પણ ચલાવી જાણે છે, એ તમારા સમજવામા હોય, એમ જણાતુ નથી " સૈનિકે રામેશ્વર તરફ નજર નાખીને કહ્યુ

" અને દક્ષિણના બ્રાહ્મણો જેમ ભોજન ઉપર હાથ મારી જાણે છે તેમ શત્રુઓ ઉપર પણ હાથ મારી જાણે છે, એ પણ તમારા જાણવામા હોય એમ લાગતુ નથી " રામેશ્વરે તુરતજ કહ્યુ

" ઠીક છે, સેનાપતિજી ! જ્યારે તમે અમારી સાથે સધિ કરવાને રાજી નથી, ત્યારે હુ રજા લઉ છુ પણ યાદ રાખજો કે ગુજરાત જેવા સમર્થ રાજ્યની સાથે સધિ કરવાનો આવો અમૂલ્ય અવસર ફરીને મળવાનો નથી અને આ વખતે તેને વ્યર્થ જવા દેવાને માટે તમારે અવશ્ય પસ્તાવુજ પડશે તમે એમ માનતા લાગો છો કે ગુજરાતમા વણિકોનુ જોર અને અહિંસાધર્મનો પ્રચાર હોવાથી ગુજરાતીઓ ઉપર વિજય મેળવવાનુ અતિ સરળ છે, પરતુ મારે તમને સ્પષ્ટ શબ્દોમા કહી નાખવુ જોઇએ કે આવી માન્યતા ધરાવવામા તમે ગભીર ભૂલ કરો છો ગુજરાતમા કલમધારી વણિકોનુ જોર છે એ સાચુ છે તેમ અહિંસાધર્મનો પ્રચાર વિશેષ છે એ પણ તેટલુજ સાચુ છે પરતુ એથી ગુજરાત દેશ નિર્બળ બની ગયો છે, એમ જો તમે માનતા હો, તો તે તમારી કેવળ મૂર્ખતા સુચવે છે ઉદય અને અસ્તના પ્રકૃતિના શાશ્વત નિયમાનુસાર અતિ ગૌરવશાળી ગુજરાતમા કદાચ નિર્બળતા પેસી ગઇ હશે પરતુ તેના કારણો અનેક છે અને નિર્બળતાનો આરોપ

"ત્યારે સેનાપતિજી! મારી અને તમારી મતિમા આટલોજ ફેર છે હુ વસ્તુપાળજ છુ અને તમારી ચોકીને થાપ આપી તથા તમારા ખાસ પહેરેગીરોને બધનમા નાખી અત્રે આવ્યો છુ એ સૈનિક—વસ્તુપાળે એમ કહીને પુછ્યુ "કહો, તમે અમારી સાથે સધિ કરવાને ખુશી છો કે નહિ ?"

ગુજરાતના મહામાત્ય અને ગુજરાતી સૈન્યના સેનાનાયક વસ્તુ-પાળને પોતાની સમક્ષ નિડરતાથી ઉભેલો જોઇને યુવાન રામેશ્વ-રની આખોના ડોળા પહોળા થઈ ગયા તેણે તલવાર ઉપર હાથ મુકીને જવાબ આપ્યો વસ્તુપાળ મહેતા ! સધિ એ શુ વસ્તુ છે તે હુ જાણતો નથી હુ માત્ર જાણુ છુ મરવુ અને મા-રવુ પણ તમે મારી છાવણીમા આવી રીતે આવ્યા છો, એ ઠીક કર્યુ નથી એનુ પરિણામ સારૂ આવશે નહિ

વસ્તુપાળે તુરતજ કહ્યુ "તમે શુ મને કેદ કરવા માગો છો ? તમારી ભુલ થાય છે રામેશ્વર ! મને કેદ પકડવા જેટલી તમારામા શક્તિ નથી અને તેમ છતા તમારે તમારી શક્તિની અજમાયશ કરવી હોય તો ચાલ્યા આવો મારી પાછળ'

એટલુ કહીને ગુજરાતનો મહામાત્ય વસ્તુપાળ શાંતિ અને ગભીરતાથી પગલા ભરતો તબુમાથી બહાર નીકળ્યો અને સેનાપતિ રામેશ્વર એ નરશ્રેષ્ઠ તરફ કેવળ મત્રમુગ્ધ બનીને જોઈ રહ્યો



પ્રકરણ ૪ થું.

વિજય.

યાદવાની છાવણીમાથી વસ્તુપાળ પોતાની છાવણીમા આવ્યો ત્યારે પ્રાતઃકાળ થવાને બહુ વાર ન હતી રાત્રિ થોડીજ રહેલી જાણીને સેનાનીઓ પ્રભાતે થનારા યુદ્ધની તૈયારીમા પડ્યા હતા વસ્તુપાળ તેના તબુમા જઈને પોતે ધારણ કરેલા સૈનિકના કપડા બદલતો હતો, ત્યારે પહેરેગીરે તબુમા પ્રવેશ કરી નમન કરીને કહ્યુ "જૂના[illegible] કામ ઉપર ગયેલા આપણા ત્રણ ઘોડેસ્વારો આવી પહોચ્યા છે [illegible]ળવાની આજ્ઞા માગે છે'

ત્યારે સેનાપતિજી ! મારી અને તમારી મતિમા આટલોજ ફરક છે હુ વસ્તુપાળજ છુ અને તમારી ચોકીને થાપ આપી તથા તમારા ખાસ પહેરેગીરને બધનમા નાખી અત્રે આવ્યો છુ. એ સૈનિક—વસ્તુપાળે એમ કહીને પુછ્યુ ' કહો, તમે અમારી સાથે સધિ કરવાને ખુશી છો કે નહિ ? '

ગુજરાતના મહામાત્ય અને ગુજરાતી સૈન્યના સેનાનાયક વસ્તુપાળને પોતાની સમક્ષ નિડરતાથી ઉભેલો જોઇને યુવાન રામેશ્વરની આખોના ડોળા પહોળા થઈ ગયા તેણે તલવાર ઉપર હાથ મુકીને જવાબ આપ્યો વસ્તુપાળ મહેતા ! સધિ એ શુ વસ્તુ છે તે હુ જાણતો નથી હુ માત્ર જાણુ છુ મરવુ અને મારવુ પણ તમે મારી છાવણીમા આવી રીતે આવ્યા છો. એ ઠીક કર્યુ નથી એનુ પરિણામ સારૂ આવશે નહિ

વસ્તુપાળે તુરતજ કહ્યુ ' તમે શુ મને કેદ કરવા માગો છો ? તમારી ભુલ થાય છે રામેશ્વર ! મને કેદ પકડવા જેટલી તમારામા શક્તિ નથી અને તેમ છતા તમારે તમારી શક્તિની અજમાયશ કરવી હોય તો ચાલ્યા આવો મારી પાછળ '

એટલુ કહીને ગુજરાતનો મહામાત્ય વસ્તુપાળ શાતિ અને ગભીરતાથી પગલા ભરતો તબુમાથી બહાર નીકળ્યો અને સેનાપતિ રામેશ્વર એ નરશ્રેષ્ઠ તરફ કેવળ મત્રમુગ્ધ બનીને જોઈ રહ્યો



પ્રકરણ ૪ થુ.



વિજય.

શત્રુની છાવણીમાથી વસ્તુપાળ પોતાની છાવણીમા આવ્યો ત્યારે પ્રાતઃકાળ થવાને બહુ વાર ન હતી રાત્રિ થોડીજ રહેલી જાણીને સેનાનીઓ પ્રભાત થનારા યુદ્ધની તૈયારીમાં પડ્યા હતા વસ્તુપાળ તેના તબુમા જઈને પોતે ધારણ કરેલા સૈનિકના કપડા બદલતો હતો ત્યારે પહેરેગીરે તબુમા પ્રવેશ કરી નમન કરીને કહ્યુ ' જુદા જુદા કામ ઉપર ગયેલા આપણા ત્રણ ઘોડેસ્વારો આવી પહોચ્યા છે અને આપને મળવાની રજા માગે છે '

"એ સબંધમા વધારે સ્પષ્ટ બાતમી મળવાની ગોઠવણ થવી જોઈએ " વસ્તુપાળે આજ્ઞા કરી

ત્રીજો ઘોડેસ્વાર તુરતજ પોતાના કામ ઉપર ચાલ્યો ગયો

હવે વસ્તુપાળે પહેલા ઘોડેસ્વાર તરફ જોઈને કહ્યુ "તમે પણ જાઓ અને યાદવી સૈન્યની હિલચાલના વધારે ખબર એકદમ લઈ આવો "

ત્રણે ઘોડેસ્વારો ગયા પછી મહામાત્ય વસ્તુપાળ વિચારમા પડી ગયો કે ગુજરાત ઉપર ઝઝુમી રહેલા ભયકર વાદળને શી રીતે દૂર કરવુ ? અને આવા અતિ વિકટ પ્રસગમાથી શી રીતે વિજય મેળવવો ? આ સમયે કોઈ બીજો અમાત્ય કે સેનાનાયક હોત, તો તેની મનોદશા કેવી થાત, એ લખી બતાવવાની અગત્ય નથી, પરતુ વસ્તુપાળ ગમે તેવી વિપરિત દશામા અને પ્રતિકૂળ સયોગોમા પણ હિમ્મત હારી જાય એવો ન હતો તેણે ધીરજથી બધા સયોગોનો વિચાર કર્યો અને ગુજરાતના ડગમગતા રાજમુગટને શી રીતે સ્થિર કરવો, એ સબધી એક નિશ્ચય કરી લીધો ત્યારબાદ તે રાજા વીરધવળને મળવાને તબુ તરફ રવાના થયો

રાજા વીરધવલ અને મહામંડલેશ્વર લવણપ્રસાદ બન્ને તૈયાર થઇને તબુમા બેઠા હતા મહામાત્ય વસ્તુપાળે એ વખતે તબુમા પ્રવેશ કર્યો અને પિતા–પુત્રને નમીને તે યોગ્ય આસને બેઠો.

"મંત્રીશ્વર !" લવણપ્રસાદે તુરતજ પૂછ્યુ "મે સાભળ્યુ છે કે ગોધ્રા અને લાટના માડલિક રાજાઓ આ તકનો લાભ લેવાની ખાતર આપણી ઉપર ચડી આવે છે, એ વાત શુ સાચી છે ? "

"એ વાત તદ્દન સાચી છે " વસ્તુપાળે જવાબ આપતા કહ્યુ.

"આપણા ગુપ્તચર તરફથી તેની બાતમી મને હમણા જ મળી છે અને વિશેષમા બીજી બાતમી પણ મળી છે કે મરુદેશના ચાર રાજાઓ પણ ચડાઈ લઈને આવે છે "

' ત્યારે તો ચોતરફથી વાદળ ઘેરાઈ ગયુ લાગે છે ! ' વીરધવળે ધૈર્યતાપૂર્વક કહ્યુ.

"અવશ્ય પ્રસગ ઘણો કટોકટીનો આવી લાગ્યો છે " લવણપ્રસાદે પણ તેવીજ ધીરતાથી કહ્યુ

"અને મે પણ પ્રયાસ કરી જોયો, પરન્તુ યાદવો આપણી સાથે સધિ કરવાને રાજી નથી " વસ્તુપાળે ચેટનુ કહીને રાત્રિની સઘળી ઘટના વિગતથી કહી દર્શાવી

હતા પરંતુ યાદવોના અતિ પ્રબળ વેગને રોકવા ગુજરાતીઓ અસમર્થ હતા અને ધીમે ધીમે પાછા હટતા જતા હતા પણ વસ્તુપાળ પોતાના ચુનંદા ઘોડેસ્વારોના સૈન્ય સાથે મેદાનમાં આવી પહોંચ્યો ત્યારે યુદ્ધની સ્થિતિ પલટાઈ ગઈ ગુજરાતીઓના મોખરેના સૈનિકો એથી હિંમતમા આવી ગયા અને પાછળ હટવાને બદલે દૃઢ પગે ઉભા રહીને યાદવોના આક્રમણને અટકાવવા લાગ્યા રાજા વીરધવળ અને મહામંડલેશ્વર લવણપ્રસાદ પણ પોતપોતાના સૈન્ય સાથે આવી પહોંચ્યા હતા અને તેઓ ડાબી તથા જમણી બાજુએ રહીને આગળ લડતા સૈનિકોને પ્રોત્સાહન આપતા હતા સામી બાજુથી સેનાપતિ રામેશ્વર મધ્ય ભાગમા લડતા સૈનિકોને મૂકી બીજી બાજુથી પોતાના ઘોડેસ્વારો સાથે નર્મદા ઉતરીને આ તરફ આવી લાગ્યો હતો વસ્તુપાળને એ વાતની જાણ થતા તે તુરતજ તેની સામે ગયો અને થોડીજ વારમા તેને આગળ વધતો અટકાવી શક્યો રાજા વીરધવળ અને મહામંડલેશ્વર લવણપ્રસાદ યાદવોના મુખ્ય સૈન્યને આગળ વધતુ અટકાવવામા રોકાયા હતા ત્યારે આ બાજુ વસ્તુપાળ તથા રામેશ્વર વચ્ચે પૂરેપુરો રણસંગ્રામ મચ્યો હતો જુવાન સેનાપતિ રામેશ્વર વસ્તુપાળને મહાત કરવાને પોતાના સમસ્ત બળનો ઉપયોગ કરતો હતો પરંતુ પરમ ધીર વીર વસ્તુપાળ તેને મચક આપતો નહોતો તે રામેશ્વરની ઉપર સામો પ્રહાર કરવાને બદલે તેના પ્રહારોને ઝીલતો હતો અને એ રીતે તેના બધા દાવને નિષ્ફળ કરતો હતો આથી રામેશ્વર ઘણો ક્રોધાયમાન થયો અને ઘણાજ જોરપૂર્વક વસ્તુપાળ ઉપર ભાલાનો ઘા કર્યો પરંતુ તે ઘોડાની ગરદન ઉપર એકદમ નમી ગયો અને રામેશ્વરના ભાલાનો ઘા ખાલી ગયો હવે વસ્તુપાળનો વારો આવ્યો તેણે તેના ઘોડાને રામેશ્વરની બરોબર સામે લઈ તેના તરફ ભાલાનો ઘા કર્યો ભાલાના પ્રહારથી એ જુવાન સેનાપતિ ઘોડા ઉપરથી નીચે પડી ગયો અને તેનો પ્રાણ પરલોકમા ચાલ્યો ગયો યાદવી સૈન્યમા હાહાકાર અને કોલાહળ થઈ રહ્યો અને સૈનિકો યુદ્ધને પડતુ મૂકી પોતાનો જીવ બચાવવા નાસી છૂટ્યા દયાળુ વસ્તુપાળે પોતાના ઘોડેસ્વારો અને સૈનિકોને તેમની પાછળ પડતા અટકાવ્યા અને તેમને નાસી જવા દીધા દયાળુ અને ક્ષમાશીલ પુરુષ ખરા સમયે દયા દર્શાવવાનુ ચૂકતો નથી.

યાદવો ઉપર આવી રીતે એકદમ અસાધારણ જીત મેળવવાથી ગુજરાતીઓના આનંદનો અવધિ આવી રહ્યો હતો પરંતુ તેમને મરકીના રાક્ષસોનો જે ભય હતો તે નિર્મૂળ થયો ન હતો તેમજ રોગો અને હારના માણસો પણ ફરી બેઠા હતા તે તેઓને માટે ચિંતાજનક હતુ પણ

પાશમા સપડાવુ એ તો જુવાન અને જ્ઞાનશૂન્ય માણસને માટે કેવળ સ્વ-ભાવસિદ્ધ છે આ કારણથીજ હુ તેને નિર્દોષ માનુ છુ '

" એ તો ઠીક પણ જ્યારે એને સ્પષ્ટ કહેવામા આવ્યુ કે ધોળકાના રાજ્યતંત્રનો નાશજ કરવાનો છે, ત્યારે પણ કારસ્તાનીઓની મતલબ તેના સમજવામા આવી નહિ એ ઘણી નવાઈની વાત છે વીરમ આટલો બધો ભોળો અને મુગ્ધ છે એ તો મે આજેજ જાણ્યુ ! વીરધવળે આશ્ચર્યથી કહ્યુ

પણ તે એ નવજુવાન નારીના મોહમા એવો તો સપડાઈ ગયો હતો કે તેની વિવેક-બુદ્ધિનો સર્વથા નાશ થઈ ગયો હતો અને તે તેના હાથમા માત્ર નિર્જીવ રમકડા તુલ્ય બની ગયો હતો આવી દશામા વીરમ જયતસિહ જેવા મહા ખટપટી અને કારસ્તાનીની જાળમા સપડાઈ જાય તો એમા નવાઈ જેવુ કાઈ નથી તેમ એ માટે તેને દોષ દેવાની પણ અગત્ય નથી લવણપ્રસાદે વાતને વધારે સ્પષ્ટ કરતા કહ્યુ

વસ્તુપાળ અને બીજા મ ત્રીઓ પિતા-પુત્રની ચર્ચાને એકધ્યાને સાભળતા હતા

વીરધવળે ક્ષણવાર વિચાર કરીને પૂછ્યુ ' તમે કહો છો કે એ બ નાવ બન્યા પછી તે વીરમગામ ગયો છે, પણ જયતસિહ અને મધુરી તેને ફરીને સપડાવશે નહિ ? તેઓ બન્ને હાલમા ક્યા છે ? '

લવણપ્રસાદે જવાબ આપતા કહ્યુ " મારી માન્યતા મુજબ તો વીરમ હવે ફરીથી તેમની જાળમા સપડાશે નહિ જયતસિહ અને મધુરીની વિશેષ હિલચાલની મને ખબર નથી તેઓ કદાચ વીરમગામ પણ ગયા હોય '

ત્યારે તેઓ વીરમને ફરીને ફસાવ્યા વિના રહેવાના નથી " વીરધવળે એમ કહીને રક્તનેત્ર કરી આવેશપૂર્ણ અવાજે પૂછ્યુ. પણ એ રાજદ્રોહીઓને તમે પાટણમા શા માટે રહેવા દો છો ? મહારાજ ભીમદેવ તેઓને શામાટે પકડીને કેદ કરતા નથી ? '

" મહારાજા ભીમદેવ માત્ર નામનાજ મહારાજા છે ' લવણપ્રસાદે ઉત્તર આપતા કહ્યુ રાજકાજને છોડી તે ફક્ત પ્રભુભજનમાજ બધો વખત ગાળે છે એટલે તેમને પણ શુ કહેવુ ? '

" ત્યારે તે સન્યાસ કઈ વનમા શામાટે જતા નથી ? " વીરધવળે તેવાજ અવાજથી પુન પૂછ્યુ

યુદ્ધમાં મારવાથી ગુજરાતી વીરોના શૌર્યની કીર્તિ ચોતરફ પ્રસરી ગઈ છે દક્ષિણની પ્રબળ યાદવી સેનાને મરુદેશના ચારે રાજાઓને અને વિશ્વાસઘાતી અનેક ગોધ્રા અને લાટના માંડલિક રાજાઓને શામ દામ, દંડ અને ભેદથી એક સાથે મહાત કરવાથી આપના મહામંડલેશ્વરના અને ગુજરાતના બાહોશ અમાત્ય વસ્તુપાળના શૌર્ય અને ચાતુર્યના ગુણગાન ચોતરફ ગવાઈ રહ્યા છે અને આ વખતના અસાધારણ વિજયથી આપણા ભિન્નશત્રુઓ કેવળ મંત્રમુગ્ધ બની ગયા છે આપણે જે આશયથી ધોળકાનું નવું રાજ્યતંત્ર સ્થાપન કર્યું છે, તે ઘણે અંશે પૂર્ણ થયું છે કારણ, આપણે સમસ્ત ગુજરાતમાં શાંતિ અને વ્યવસ્થા સ્થાપી શક્યા છીએ અને તેથી ધોળકાને ગુજરાતનું પાટનગર બનાવી આપે મહારાજાના પદને ધારણ કરવું એવી મારી સલાહ છે

સોમેશ્વરનું કથન સાંભળીને બધા વિચારમાં પડી ગયા

થોડીવાર રહી વસ્તુપાળે નાગડ મંત્રી સામે જોઈને કહ્યું–' સોમેશ્વર દેવનું કથન સાચું છે ધોળકાનું નવું રાજ્યતંત્ર સ્થાપવાનો આપણો આશય ઘણા અંશે પાર પડ્યો છે

નાગડે લવણપ્રસાદ સામે નજર રાખીને કહ્યું– મને પણ સોમેશ્વર દેવનું કથન સાચું લાગે છે "

વસ્તુપાળ તથા નાગડ બન્નેને સોમેશ્વરના કથનને અનુમોદન આપતા જોઈ લવણપ્રસાદે ભારપૂર્વક પૂછ્યું–' સોમેશ્વરદેવનું કહેવું તો તદ્દન સાચું છે, એ કોઈથી ના પાડી શકાય તેમ નથી પરંતુ મહારાજા ભીમદેવ હયાત હોવા છતાં એ પ્રમાણે કરવું એ શું યોગ્ય ગણાશે? એ સંબંધમાં તમારો બધાનો શો મત છે '

મારો મત તો તદ્દન સ્પષ્ટ છે સોમેશ્વર તુરત જ કહ્યું

અને હું બધાના મતથી કાંઈ જુદો પડતો સાગરનો નથી '
નાગડે નરિસ્થભાવથી કહ્યું.

યુદ્ધમંત્રી તેજપાળે અત્યાર સુધીના મૌનનો ભંગ કરીને કહ્યું–
મંડલેશ્વર ! મારો અભિપ્રાય સોમેશ્વરદેવના અભિપ્રાયથી જુદો નથી ધોળકાનું રાજ્યતંત્ર સ્થાપવામાં આપણે જે ઉદ્દેશને પ્રધાન સ્થાન આપ્યું હતું તે ઉદ્દેશ ઘણે અંશે નહિ પરંતુ સર્વાંશે પાર પડ્યો છે અલબત્ત હજુ આપણે ઉપાડેલાં અનેક કાર્યો ... મહાન કર્યા નથી પરંતુ હવે આપણને તેમનાથી ડરવાનું કશું પણ કારણ નથી તેથી આપણા સોમેશ્વરદેવે ... કર્યો છે તેમ નહિ હવે મહારાજાના ... પાટનગર

મહારાજાનુ પદ આપવાને ઇચ્છો છો, એ તમારી મારા પ્રત્યેની શુભ-લાગણી છે અને એ માટે હુ તમારો સર્વનો અત્યત આભારી છુ તમારા કહેવા મુજબ અલબત્ત આપણે આપણા વિશુદ્ધ આશયને સર્વાંશે નહિ તો ઘણા અંશે પાર પાડી શક્યા છીએ, પરતુ મારા મતાનુસાર હજુ ઘણુ કરવાનુ બાકી રહે છે યુદ્ધમત્રી તેજપાળે ઉઘાડા અને છુપા શત્રુઓની વાત કરી, તે ખાસ વિચારવા જેવી છે આપણે તેમનાથી ડરતા નથી, પરતુ તેમનાથી સાવધ રહેવાની ખાસ જરૂર છે ધોળકાના રાણા તરીકે પ્રજાનો, સમસ્ત ગુજરાત દેશનો અને **પાટણના** બીજા **માંડલિક** રાજાઓનો મારા ઉપર જે ભાવ છે, તેમા હું જ્યારે મહારાજા **ભીમદેવની** હયાતી હોવા છતા પણ ગુજરાતનો મહારાજા બનીશ ત્યારે ઘણો ફેર પડી જશે, આપણા શત્રુઓને બ્હાનુ મળશે અદરોઅદર ભયકર તોફાનો થશે અને તેનો લાભ હાલમા આપણાથી મહાત થયેલા બીજા રાજાઓ અને કદાચ મુસલમાનો પણ લઈ જશે મહામાત્ય વસ્તુપાળે મને અગાઉ પણ ગુજરાતના મહારાજા બનવાની સલાહ આપી હતી અને અત્યારે સોમેશ્વરદેવ તથા તમે બધા પણ તેવીજ સલાહ આપી રહ્યા છો હુ તમારી સલાહની અવગણના કરવામા ખુશી નથી પરતુ જ્યા સુધી ગુજરાતના ખરા મહારાજા **ભીમદેવ** હયાત છે ત્યા સુધી મારે નિરુપાયે અને સર્વ સામાન્યના લાભ ખાતર તેની અવગણના કરવી પડે છે વળી ગુજરાતનો મહારાજા થવાને હુ લાયક નથી જે રાજામા શૌર્ય ક્ષમા, દયા અને દાન ઇત્યાદિ ગુણોનો વાસ હોય તે દેશનો મહારાજા બનવાને લાયક છે મારામા તેવા કયા ગુણો છે કે હુ મહારાજા બનવાની ઇચ્છા કરુ કિંવા લોભ રાખુ? વળી એ વાતને બાજુ ઉપર રાખીએ તો પણ હુ જે ખરીરીતે મહારાજા **ભીમદેવનો માંડલિક** રાજા છુ એટલે તેમની દરકાર કર્યા વિના તથા તેમની ઇચ્છા જાણ્યા વિના સમસ્ત ગુજરાતનો મહારાજા બનવાનો લોભ રાખુ તો મારા જેવો બીજો કયો નૃપ કહેવાય? મને લાગે છે કે તમે બધા મારી કસોટી કરો છો જો તેમ હો તો ભલે કરો હુ તમારી કસોટીમા પાર ઉતરીશ **મ**ત્રીશ્વર! ધોળકાના રાણા તરીકે મને પ્રજાની અને દેશની સેવા કરવાની જે તક મળશે તે ગુજરાતના મહારાજા બન્યા પછી ભાગ્યેજ મળશે તે વખતે મારા ઉપર ચોતરફની ચિંતાઓનો અસહ્ય ભાર એટલો બધો વધી પડશે કે મહારાજાનો રાજમુગટ મસ્તકે ધારણ કરવામા મે ભૂલ કરી છે, એવુ મને ભાન થશે અને મહારાજ

મહારાજાનું પદ આપવાને ઇચ્છો છો, એ તમારી મારા પ્રત્યેની શુભ લાગણી છે અને એ માટે હું તમારો સર્વનો અત્યંત આભારી છું તમારા કહેવા મુજબ અલબત્ત આપણે આપણા વિશુદ્ધ આશયને સર્વાંગે નહિ તો ઘણા અંશે પાર પાડી શક્યા છીએ, પરંતુ મારા મતાનુસાર હજુ ઘણું કરવાનું બાકી રહે છે યુદ્ધમંત્રી તેજપાળે ઉઘાડા અને છુપા શત્રુઓની વાત કરી, તે ખાસ વિચારવા જેવી છે આપણે તેમનાથી ડરતા નથી, પરંતુ તેમનાથી સાવધ રહેવાની ખાસ જરૂર છે ધોળકાના રાણા તરીકે પ્રજાનો સમસ્ત ગુજરાત દેશનો અને પાટણના બીજા માંડલિક રાજાઓનો મારા ઉપર જે ભાવ છે, તેમાં હું જ્યારે મહારાજા ભીમદેવની હયાતી હોવા છતાં પણ ગુજરાતનો મહારાજા બનીશ ત્યારે ઘણો ફેર પડી જશે, આપણા શત્રુઓને બહાનું મળશે, અંદરોઅંદર ભયંકર તોફાનો થશે અને તેનો લાભ હાલમાં આપણાથી મહાત થયેલા બીજા રાજાઓ અને કદાચ મુસલમાનો પણ લઈ જશે મહામાત્ય વસ્તુપાળે મને અગાઉ પણ ગુજરાતના મહારાજા બનવાની સલાહ આપી હતી અને અત્યારે સોમેશ્વરદેવ તથા તમે બધા પણ તેવીજ સલાહ આપી રહ્યા છો હું તમારી સલાહની અવગણના કરવામાં ખુશી નથી પરંતુ જ્યાં સુધી ગુજરાતના ખરા મહારાજા ભીમદેવ હયાત છે ત્યાં સુધી મારે નિરુપાયે અને સર્વ સામાન્યના લાભ ખાતર તેની અવગણના કરવી પડે છે વળી ગુજરાતનો મહારાજા થવાને હું લાયક નથી જે રાજામાં શૌર્ય, ક્ષમા, દયા અને દાન ઇત્યાદિ ગુણોનો વાસ હોય, તે દેશનો મહારાજા બનવાને લાયક છે મારામાં તેવા કયા ગુણો છે કે હું મહારાજા બનવાની ઇચ્છા કરૂં કિંવા લોભ રાખું ? વળી એ વાતને બાજુ ઉપર રાખીએ તો પણ હું જે ખરીરીતે મહારાજા ભીમદેવનો માંડલિક રાજા છું, એટલે તેમની દરકાર કર્યા વિના તથા તેમની ઇચ્છા જાણ્યા વિના સમસ્ત ગુજરાતનો મહારાજા બનવાનો લોભ રાખું, તો મારા જેવો બીજો કયો મૂર્ખ કહેવાય ? મને લાગે છે કે તમે બધા મારી કસોટી કરો છો કરતા હો તો ભલે કરો હું તમારી કસોટીમાં પાર ઉતરીશ મંત્રીશ્વર ! ધોળકાના રાણા તરીકે મને પ્રજાની અને દેશની સેવા કરવાનો જે હક મળશે, તે ગુજરાતના મહારાજા બન્યા પછી ભાગ્યેજ મળશે તે વખતે મારા ઉપર ચોતરફની ચિંતાઓનો

બનાવી તેની ગાદી ઉપર રાણાજીને મહારાજાનું પદ આપી રાજ્યાભિષેક કરવામાં કોઈપણ પ્રકારની હરકત થાય એમ હું માનતો નથી પાટણની ગાદી ઉપર મહારાજા ભીમદેવ હયાત છે એ વાત ધ્યાનમાં લેવા જેવી છે, પરંતુ તે માત્ર નામનાજ મહારાજા રહ્યા છે તે રાજ્યના કોઈપણ કાર્યમાં ભાગ લેતા નથી અને [illegible] ગાળે છે તેમજ સમસ્ત ગુજરાતમાં તથા બીજા સ્થળોમાં પણ સૌ કોઈ રાણાજીનેજ મહારાજા માને છે અને પોતાની રાજગાદી [illegible], આ બધી પરિસ્થિતિનો વિચાર કરીએ તો આપણે સોમેશ્વરદેવના મત પ્રમાણે વગરવિલંબે વર્તવું જોઈએ

તેજપાળના સ્પષ્ટ અભિપ્રાયથી સહુ પુનઃ વિચારમાં પડી ગયા નાગડ તથા વિરધવળના મામો [illegible] બન્ને આ ચર્ચાથી બહુ અકળાતા હતા, પરંતુ તેમનામાં રાજ્યના અતિ માનનીય રાજપુરોહિત સોમેશ્વરદેવના અભિપ્રાય વિરુદ્ધ પોતાનો મત જાહેર કરવાનું સાહસ ન હતું

આ ચર્ચાનો તુરત નિકાલ લાવવા વસ્તુપાળે નવો માર્ગ શોધી કાઢ્યો તેણે બધા સભાસદોને ઉદ્દેશીને કહ્યું– 'આપણામાંથી કોઈનો અભિપ્રાય જૂદો હોય, તો તેણે પ્રગટ કરવામાં સહજ પણ અચકાવાનું નથી, કારણકે આપણે બધા એક નિશ્ચય ઉપર આવીએ, તે પહેલાં આ વિષયમાં મંડલેશ્વરની તથા રાણાજીની શી ઇચ્છા છે, તે જાણવું બહુ અગત્યનું છે તેઓ પોતાની ઈચ્છા જાહેર કરે તે પછીજ આપણે આ ચર્ચામાં આગળ વધવું, એ વધારે ઉત્તમ છે'

વસ્તુપાળના કથનથી બધા મંડલેશ્વર તથા વીરધવળ તરફ આતુરતાથી જોઈ રહ્યા વીરધવળ પોતે આ વિષે વિચાર કરતો હતો, પરંતુ લવણપ્રસાદે તો તુરતજ કહી નાખ્યું– 'મંત્રીશ્વર ! તમે બધા રાજ્યના પરમ શુભેચ્છક અને હિતેચ્છુ છો તમારા અભિપ્રાયને માન આપવું એ અમારી ફરજ છે'



વસ્તુપાળ જાણતો હતો કે લવણપ્રસાદ તો બહુમતાનુસાર વર્તવા આનાકાની કરશે નહિ, પરંતુ તેને વીરધવળનો વિશ્વાસ ન હતો

લવણપ્રસાદે તેના પિતાએ જ્યારે વસ્તુપાળના કથનને અનુમોદન આપ્યું, ત્યારે હવે વીરધવળને પોતાની ઇચ્છા કહી જણાવ્યા સિવાય ચાલે તેમ ન હતું ક્ષણભર વિચાર કરી તથા સર્વ સભાસદોના મુખ તરફ ધ્યાનપૂર્વક અવલોકન કરી તેણે ધીરજ અને શાંતિથી કહ્યું– '[illegible] ધોળકાને ગુજરાતનું પાટનગર બનાવી સર્વ ગુજરાતના

મહારાજાનું પદ આપવાને ઇચ્છો છો, એ તમારી મારા પ્રત્યેની શુભ-લાગણી છે અને તેને માટે હું તમારો સર્વનો અત્યંત આભારી છું. તમારા કહેવા મુજબ અલબત્ત આપણે આપણા વિશુદ્ધ આશયને સર્વાંગે નહિ તો ઘણા અંશે પાર પાડી શક્યા છીએ, પરંતુ મારા મતાનુસાર હજુ ઘણું કરવાનું બાકી રહે છે. યુદ્ધમંત્રી તેજપાળે ઉઘાડા અને છુપા શત્રુઓની વાત કરી, તે ખાસ વિચારવા જેવી છે. આપણે તેમનાથી ડરતા નથી, પરંતુ તેમનાથી સાવધ રહેવાની ખાસ જરૂર છે. ધોળકાના રાણા તરીકે પ્રજાનો, સમસ્ત ગુજરાત દેશનો અને પાટણના બીજા માંડલિક રાજાઓનો મારા ઉપર જે ભાવ છે, તેમાં હું જ્યારે મહારાજા ભીમદેવની હયાતી હોવા છતાં પણ ગુજરાતનો મહારાજા બનીશ ત્યારે ઘણો ફેર પડી જશે. આપણા શત્રુઓને બ્હાનું મળશે. અંદરોઅંદર ભયંકર તોફાનો થશે અને તેનો લાભ હાલમાં આપણાથી સહાય વગેરે બીજા રાજાઓ અને કદાચ મુસલમાનો પણ લઈ જશે. મહામાત્ય વસ્તુપાળે મને અગાઉ પણ ગુજરાતના મહારાજા બનવાની સલાહ આપી હતી અને અત્યારે સોમેશ્વરદેવ તથા તમે બધા પણ તેવીજ સલાહ આપી રહ્યા છો. હું તમારી સલાહની અવગણના કરવામાં ખુશી નથી. પરંતુ ત્યાં સુધી ગુજરાતના ખરા મહારાજા ભીમદેવ હયાત છે, ત્યાં સુધી મારે નિરૂપાયે અને સર્વ સામાન્યના લાભ ખાતર તેની અવગણના કરવી પડે છે. વળી ગુજરાતનો મહારાજા થવાને હું લાયક નથી. જે રાજામાં શાર્ય, ક્ષમા, દયા અને દાન ઇત્યાદિ ગુણોનો વાસ હોય તે દેશનો મહારાજા બનવાને લાયક છે. મારામાં તેવા કયા ગુણો છે કે હું મહારાજા બનવાની ઇચ્છા કરું કિંવા લોભ રાખું? વળી એ વાતને બાજુ ઉપર રાખીએ તો પણ હું જે ખરીરીતે મહારાજા ભીમદેવનો માંડલિક રાજા છું, એટલે તેમની દરકાર કર્યા વિના તથા તેમની ઇચ્છા જાણ્યા વિના સમસ્ત ગુજરાતનો મહારાજા બનવાનો લોભ રાખું તો મારા જેવો બીજો કયો મૂર્ખ કહેવાય? મને લાગે છે કે તમે બધા મારી કસોટી કરો છો. કરતા હો તો ભલે કરો. હું તમારી કસોટીમાં પાર ઉતરીશ. મંત્રીશ્વર! ધોળકાના રાણા તરીકે મને પ્રજાની અને દેશની સેવા કરવાનો જે લાભ મળશે, તે ગુજરાતના મહારાજા બન્યા પછી ભાગ્યેજ મળશે. તે વખતે મારા ઉપર ચોતરફની ચિંતાઓનો અસહ્ય ભાર એટલો બધો વધી પડશે કે મહારાજાનો રાજમુગટ મસ્તકે ધારણ કરવામાં મે ભૂલજ કરી છે, એવું મને ભાન થશે અને મહારાજા

મુ તરીકે રાખવાનો સર્વનો અભિપ્રાય થાય છે, ત્યારે એ વિષયમાં મારો વાંધો નથી જે કામ કરવું તે સર્વાનુમતે કરવું જોઇએ "

આજે બીજી ચર્ચા કરવાની નહિ હોવાથી તુરતજ રાજસભા બરખાસ્ત કરવામાં આવી અને એકત્ર થયેલા મંત્રીઓ જૂદા જૂદા તર્કવિતર્ક કરતા સભાખંડ છોડીને ચાલ્યા ગયા રાજા વીરધવળ તેની નવી રાણી રત્નાવળીના મહેલે ગયો અને તેનો પિતા લવણપ્રસાદ પાટણ તરફ રવાના થયો



પ્રકરણ ૬ ઠું.

સૂરીશ્વરનો ઉપદેશ.

મહામાત્ય વસ્તુપાળ રાજસભામાંથી નીકળ્યા પછી સીધો પૌષધશાળાએ ગયો તેજપાળ પણ તેની સાથેજ હતો બન્ને ભાઇઓ ગમે તેવા રાજકાર્યમાં ગુંથાયેલા હોય, તો પણ તેમાંથી વખત મેળવીને હમેશા એકવાર દેવમંદિર અને પૌષધશાળાએ જતા હતા તેમના હમેશના નિત્યક્રમ માહેનો આ પણ એક ક્રમ હતો અને તેને તેઓ દ્રઢતાથી પાળતા હતા વસ્તુપાળ અને તેજપાળ બન્ને બહુશ્રુત અને જ્ઞાની હતા તેમણે અનેક શાસ્ત્રાનું વાચન કર્યું હતું અને મોટા મોટા વિદ્વાનોને મહાત કરે એવી વિદ્વત્તા પણ મેળવી હતી વળી વસ્તુપાળ પોતે સારો કવિ હતો તો પણ તેઓ વ્રત, જપ અને તપ ઇત્યાદિ બાહ્યાચારને ચુસ્તપણે પાળતા હતા અંત:કરણની શુદ્ધિ અને મનની પવિત્રતા એ માનવજીવનમાં આત્મસોપાન ઉપર ચડવાને અગત્યની વસ્તુઓ છે, પરંતુ અંત:કરણને શુદ્ધ અને મનને પવિત્ર રાખવા માટે બાહ્યાચારની પણ જરૂર છે અને તે માટેજ તેની યોજના થયેલી છે એવી તેમની માન્યતા હતી

તેઓ બન્ને પૌષધશાળાએ આવ્યા ત્યારે નરચંદ્રસૂરિ પૌષધશાળાના એક નાના ખંડમાં બેઠા હતા વસ્તુપાળના પરંપરાગત ધર્મગુરૂ વિજયસેનસૂરિ અન્યત્ર વિહાર કરી ગયા હતા અને આ નરચંદ્રસૂરિ તેના માતૃપક્ષના ધર્મગુરૂ હતા. વસ્તુપાળ અને તેજપાળ તેમની સન્મુખ જઇ વંદન કર્યું, ગુરૂએ ધર્મલાભ આપ્યો અને તેઓ યોગ્યસ્થળે તેમની સામે બેઠા

સૂરીશ્વર કાંઇક વિષાદમાં હતા એટલે કાંઈ બોલ્યા નહિ વસ્તુપાળે

મુરતવી ગાખવાનો સર્વનો અભિપ્રાય થાય છે, ત્યારે એ વિષયમા મારે આગ્રહ નથી જે કામ કરવુ. તે સર્વાનુમતે કરવુ જોઇએ."

આજે બીજી ચર્ચા કરવાની નહિ હોવાથી તુરતજ રાજસભા બરખાસ્ત કરવામા આવી અને એકત્ર થયેલા મત્રીઓ જૂદા જૂદા તર્કવિતર્ક કરતા સભાખડ છોડીને ચાલ્યા ગયા રાજા વીરધવળ તેની નવી રાણી રત્નાવળીના મહેલે ગયો અને તેનો પિતા લવણપ્રસાદ પાટણ તરફ રવાના થયો



પ્રકરણ ૬ ઠું.

સૂરીશ્વરનો ઉપદેશ.

મહામાત્ય વસ્તુપાળ રાજસભામાથી નીકળ્યા પછી સીધો પૌષધશાળાએ ગયો તેજપાળ પણ તેની સાથેજ હતો બન્ને ભાઇઓ ગમે તેવા રાજ્યકાર્યમા ગુથાયેલા હોય, તો પણ તેમાથી વખત મેળવીને હમેશા એકવાર દેવમદિર અને પૌષધશાળાએ જતા હતા તેમના હમેશના નિત્યક્રમ માહેનો આ પણ એક ક્રમ હતો અને તેને તેઓ દ્રઢતાથી પાળતા હતા વસ્તુપાળ અને તેજપાળ બન્ને બહુશ્રુત અને જ્ઞાની હતા તેમણે અનેક શાસ્ત્રાનુ વાચન કર્યુ હતુ અને સારા સારા વિદ્વાનોને મહાત કરે એવી વિદ્વત્તા પણ મેળવી હતી વળી વસ્તુપાળ પોતે સારો કવિ હતો તો પણ તેઓ વ્રત જપ અને તપ ઇત્યાદિ બાહ્યાચારને ચુસ્તપણે પાળતા હતા અતઃકરણની શુદ્ધિ અને મનની પવિત્રતા એ માનવજીવનમા આત્મસોપાન ઉપર ચડવાને અગત્યની વસ્તુઓ છે પરતુ અતઃકરણને શુદ્ધ અને મનને પવિત્ર રાખવા માટે બાહ્યાચારની પણ જરૂર છે અને તે માટેજ તેની યોજના થયેલી છે એવી તેમની માન્યતા હતી

તેઓ બન્ને પૌષધશાળાએ આવ્યા ત્યાર નરચદ્રસૂરિ [illegible] બાના એક નાના ખડમા બેઠા હતા વસ્તુપાળના [illegible] વિજયસેનસૂરિ અન્યત્ર વિહાર કરી ગયા હતા અને [illegible] તેના માતૃપક્ષના ધર્મગુરૂ હતા. વસ્તુપાળ અને તેજ[illegible] જઈ વદન કર્યુ. ગુરૂએ ધર્મલાભ આપ્યો અને તે[illegible] સામે બેઠા

સૂરીશ્વર કાઈક વિષાદમા હતા એટલે [illegible]

સમાજમા ધર્મ અને જાતિના અંગે જે ઘટનાઓ બને છે, તે જોતા આપણા ધર્મ અને સમાજના પ્રખર તાપવાળો તપતો સૂર્ય ધીમે ધીમે અસ્તાચળ તરફ પ્રયાણ કરતો જણાય છે અને કળિકાળસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય કાળધર્મ પામ્યા પછી આપણી ધાર્મિક અને સામાજિક અવસ્થા દિન-પ્રતિદિન નબળી બનતી જણાય છે બૌદ્ધો ઉપર મેળવેલો વિજય આપણને ભારે થઈ પડ્યો છે અને હાલ શૈવોની સાથે ચાલતી ખટપટ પણ ભારે થઈ પડશે એવો સંભવ છે, કારણ કે આપણામા જ જ્યા કુસંપ અને જાતના ભેદો અંકુરીત થયા હોય, ત્યા આપણે બીજાની ઉપર વિજય મેળવવામા અશક્ત નિવડીએ તો એમા અસંભવિત શુ છે? વળી આપણા ભવ્ય દેવમંદિર ઉપર પણ મુસલમાનોનો ભય લટકી રહ્યો છે તેઓએ ધર્માંધતાથી તોડવાના અને ફોડવાના ઘણા મંદિરોને જમીનદોસ્ત કરી નાખ્યા છે એ આપણે જાણીએ છીએ અને તે સાથેજ જૈનમંદિર ઉપર પણ તેઓનુ ધર્મઝનુન કદાચ ઉતરે એવી શંકા થાય છે ટુંકામા ધર્મ અને સમાજનુ નાવ મધ્ય સમુદ્રમા આવી પહોચ્યુ છે અને દૂર દૂર તોફાનના સ્પષ્ટ ચિન્હો જણાય છે હવે તોફાન શમી જઈ નાવ સહિસલામત પસાર થઈ જાય છે કે તોફાનનુ જોર વધવાથી નાવ તેમા સપડાઈ જાય છે એ જોવાનુ રહે છે અને પરિણામને માટે ઉંડી ચિંતા થાય છે.'

આચાર્ય મહારાજે ગંભીરતાથી કહ્યુ 'મંત્રીશ્વર! તમારે રાજ્યની સેવાના અંગે ઘણા કર્તવ્યો કરવાના હોવા છતા પણ ધર્મ અને સમાજની બાબતમા ધ્યાન આપો છો, એ મારી જાણ બહારનથી અને તમારા જેવા ધર્મધુરંધર પુરુષોનુ એ ખાસ કર્તવ્યજ છે, તો પણ તમારી એ કર્તવ્યનિષ્ઠાને માટે તમને ધન્યવાદ ઘટે છે તમે ઉભય બંધુઓ રાજ્યકાર્યમા દિન-પ્રતિદિન વિજયને વરતા જતા હોવાથી તમારા યુદ્ધકૌશલ્ય અને બુદ્ધિચાતુર્યના બહુજ વખાણ થાય છે ગુજરાતમા ચાલતા નિર્નાયક કારભારને કેન્દ્રસ્થ કરી સર્વત્ર શાંતિ અને વ્યવસ્થાનુ સ્થાપન કરવામા તથા પાટણની રાજકીય પડતીમાથી ચડતી કરવામા તમે જે અસાધારણ વીરત્વ અને મુત્સદ્દીગીરીનો પરિચય કરાવ્યો છે, તેથી સમસ્ત દેશમા તમારી કીર્તિ પ્રસરી ગઈ છે વળી પૂર્વજીવનના પુણ્યના યોગે તમે ઉત્તમ કુળમા જન્મ્યા છો, સારૂ જ્ઞાન અને ઉચ્ચ પ્રકારની વિદ્વત્તા પ્રાપ્ત કરી છે, સુદેવ સુગુરૂ અને સુધર્મને પામ્યા છો, રાજ્ય અને સમાજના સ્થંભ છો અને ટુંકામા કહુ તો સર્વ પ્રકારે સુખી છો હુ ઇચ્છુ છુ કે આથી પણ તમે વધારે માન, આબરૂ, કીર્તિ તથા ગૌરવને મેળવો

રત્ન એ રીતે શાસન રક્ષણ કરો તથા તીર્થની યાત્રા કરીને પુણ્યનો સંગ્રહ કરજો

નરચંદ્રસૂરિનુ વિસ્તૃત અને ઉપદેશથી ભરપૂર કથન સાંભળીને વસ્તુપાળ અને તેજપાળ બન્ને પ્રસન્ન થઈ ગયા

વસ્તુપાળે તુરત જ કહ્યુ ' આચાર્ય મહારાજ! આપનો ઉપદેશ અમે માથે ચડાવીએ છીએ અને તે પ્રમાણે વર્તવામા અમારા તન મન અને ધનની પણ દરકાર કરશુ નહિ

' અને ગુરુદેવ ! તીર્થના રક્ષણની ચિંતા અમારા મનમા સદાય ચાલ્યા કરે છે અને તેથી એક નિશ્ચય ઉપર આવી અમે એ બાબતમા ઉચિત પ્રબંધ કરશુ, માટે આપ નિશ્ચિત રહેજો " તેજપાળે કહ્યુ

એ પછી વસ્તુપાળે આચાર્યને વિનતિ કરતા કહ્યુ " મહારાજ ! શત્રુંજય વગેરે તિર્થોની સંઘ સહિત યાત્રા કરવાનો ઘણો વખત થયા અમારો વિચાર છે, પરંતુ વારંવાર લડાઈઓમા જવુ પડતુ હોવાથી એ વિચારને અત્યાર સુધી અમે પાર પાડી શક્યા નથી હવે ઘણે ભાગે લડાઈનો અંત આવી ગયો છે અને દેશમા બધે સ્થળે શાંતિ પથરાઈ ગઈ છે એટલે હવે અમે તીર્થયાત્રાએ જવાનો નિશ્ચય કર્યો છે શત્રુંજય વગેરે સ્થળે જવાથી યાત્રાનો લાભ મળશે, અને તીર્થભૂમિની શી અવસ્થા છે તે નજરે નિહાળી પણ શકાશે અત્યારે આપની પાસે આવવાનુ કારણ પણ એજ છે, માટે જ્યારે આપની આજ્ઞા હોય ત્યારે તીર્થયાત્રાએ જવાનો દિવસ નક્કી કરીએ અને તે બાબતની બધી તૈયારી કરવા માંડીએ "

આચાર્યે પ્રસન્ન વદનથી કહ્યુ મહાનુભાવો ! ધર્મ અને સમાજ પ્રત્યેની તમારી ઉત્કટ લાગણી જોઈને અને સંઘ સહિત તીર્થયાત્રાએ જવાનો તમારો નિશ્ચય જાણીને હુ અત્યંત ખુશી થયો છુ. જ્યા સુધી તમારા જેવા ધર્મપ્રાણ અને સમાજ સેવાભિલાષી પુરુષોની હયાતી છે, ત્યાસુધી ધર્મ અને સમાજની કદિપણ પડતી થવાની નથી તીર્થયાત્રાએ જવાના સંબંધમા તમે મારી આજ્ઞા માગો છો, એ તમારો વિવેક સ્તુતિપાત્ર છે, પરંતુ ખરી રીતે તમારે આચાર્યશ્રી વિજયસેનસૂરિની આજ્ઞા લેવી જોઈએ, કારણકે તેઓશ્રી તમારા પિતૃપક્ષના ગુરૂ છે હુ જો કે તમારી સાથે સંઘમા આવીશ, પરંતુ વિજયસેનસૂરિને અહી તેડાવી તેમની આજ્ઞા મેળવી તેમની આગેવાની નીચે તીર્થયાત્રાએ જવાનુ રાખો, એવી મારી ઈચ્છા છે "

પલંગ ઉપર જઈને પડી અને પલંગ પાસેની દિવાલ ઉપર લટકાવેલા એક ચિત્ર તરફ કરુણાભરી દૃષ્ટિથી જોઈ રહી અને છેવટ પુનઃ ગાઈ પડી ! બાળાનું રુદન એટલું બધું હૃદયભેદક હતું કે તેના પ્રતિધ્વનિ રૂપે આખો ઓરડો, પલંગ ઇત્યાદિ આસનો અને દિવાલ ઉપરના નિર્જીવ ચિત્રો પણ રડતા હોય એવો ભાસ થતો હતો. અત્યુચ્ચ, રમણીય અને વિશાળ પ્રાસાદમાં રહેતી આ બાળાને એવું તે શું દુઃખ આવી પડ્યું હશે કે જેને લીધે તે આવું કરુણાજનક રુદન કરતી હતી ?

એ બાળાનું રુદન ધીમે ધીમે વધતું ગયું અને છેવટ તે હૈયાફાટ રડવા લાગી. તેનું રુદન સાભળીને એક પુરુષ અને એક સ્ત્રી તે ઓરડામાં આવી પહોંચ્યા. પણ એ બાળા તેમના આગમનથી અજાણ રહી અને જેમની તેમ મોટા સ્વરે રડતીજ રહી.

સ્ત્રીએ તેની પાસે જઈ તેનો હાથ પકડીને અધિરતાથી પૂછ્યું "પ્રીતિમતી ! તને શું થયું છે ? તું શા માટે રડે છે ?"

એ જોબનવતી બાળાનું નામ પ્રીતિમતી હતું. તે તેની માતાનો અવાજ સાભળીને સાવધ બનવાનો પ્રયત્ન કરવા લાગી. પરંતુ તેનાથી સ્વસ્થ થઈ શકાયું નહિ અને પુનઃ રુદન કરવા લાગી.

પ્રીતિમતીની માતા યશોદા પલંગ ઉપર બેઠા અને તેની પુત્રીને બળપૂર્વક ઉઠાડીને બાહુપાશમાં લીધી અને તેના આંસુઓને લુછવા લાગી. કેટલાક વખત પછી પ્રીતિમતીનું હૈયું હેઠું બેઠું અને તે રોતી બંધ થઈ. તેણે સ્વસ્થ બનીને આમ તેમ જોયું. પલંગની એક બાજુ તેના પિતાને દિન વદને ઉભેલા જોતાજ લજ્જા, દુઃખ અને શોકથી તેનું સુંદર મુખકમળ કરમાઈ ગયું અને તે કેવળ નીચુંજ જોઈ રહી.

યશોદાએ તેની પુત્રીના માથે, કપાળે, છાતીએ અને વાંસે હાથ ફેરવીને તેના મનનું સાંત્વન કરવા માંડ્યું. થોડી વાર પછી જ્યારે તે તદ્દન શાંત અને સ્વસ્થ બની, ત્યારે યશોદાએ ધીમેથી પૂછ્યું

"બેટા પ્રીતિ ! તું શા માટે રુદન કરતી હતી ? શું તારી પ્રકૃતિ કાંઈ અસ્વસ્થ છે કે તને કાંઈ અચાનક વ્યાધિ થયો છે ? કે શું છે ?"

પ્રીતિમતીએ તેની માતાના પ્રશ્નનો ઉત્તર દીર્ઘ નિઃશ્વાસમાં આપ્યો, અને તેના વિસ્તૃત નયનો અશ્રુઓથી પુનઃ છલાછલ ભરાઈ ગયા.

યશોદાએ વસ્ત્રના પાલવથી તેના અશ્રુઓને લુછી નાખતા કહ્યું. "દીકરી ! તને આજ શું થયું છે ? તું કયા દુઃખથી રડે છે ? તારા મનોદુઃખનું કારણ મને નહિ કહે તો કોને કહીશ ?"

પલગ ઉપર જઈને પડી અને પલગ પાસની દિવાલ ઉપર લટકાવેલા એક ચિત્ર તરફ કરૂણાભરી દૃષ્ટિથી જોઈ રહી અને છેવટ પુન રાઈ પડી ! બાળાનુ રૂદન એટલુ બધુ હૃદયભેદક હતુ કે તેના પ્રતિધ્વનિ રૂપે આખો ઓરડો, પલગ પ્રભૃતિ સામાનો અને દિવાલ ઉપરના નિર્જીવ ચિત્રો પણ રડતા હોય એવો ભાસ થતો હતો અત્યુચ્ચ, રમણીય અને વિશાળ પ્રાસાદમા રહેતી આ બાળાને એવુ તે શુ દુ ખ આવી પડયુ હશે કે જેને લીધે તે આવુ કરૂણાજનક રૂદન કરતી હતી ?

એ બાળાનુ રૂદન ધીમે ધીમે વધતુ ગયુ અને છેવટ તે હયાફાટ રડવા લાગી તેનુ રૂદન સાભળીને એક પુરૂષ અને એક સ્ત્રી તે ઓરડામા આવી પહોચ્યા પણ એ બાળા તેમના આગમનથી અજાણ રહી અને જેમની તેમ મોટા સ્વરે રડતીજ રહી

સ્ત્રીએ તેની પાસે જઈ તેનો હાથ પકડીને અધિરતાથી પૂછયુ "પ્રીતિમતી ! તને શુ થયુ છે ? તુ શા માટે રડે છે ? "

એ જોબનવતી બાળાનુ નામ પ્રીતિમતી હતુ તે તેની માતાનો અવાજ સાભળીને સાવધ બનવાનો પ્રયત્ન કરવા લાગી પરતુ તેનાથી સ્વસ્થ થઈ શકાયુ નહિ અને પુન રૂદન કરવા લાગી

પ્રીતિમતીની માતા યશોદા પલગ ઉપર બેઠી અને તેની પુત્રીને બળપૂર્વક ઉઠાડીને બાહુપાશમા લીધી અને તેના આસુઓને લુછવા લાગી. કેટલાક વખત પછી પ્રીતિમતીનુ હૈયુ હેઠુ બેઠુ અને તે રોતી બધ થઇ. તેણે સ્વસ્થ બનીને આમ તેમ જોયુ પલગની એક બાજુ તેના પિતાને દિન વદને ઉભેલા જોતાજ લજ્જા, દુ ખ અને શોકથી તેનુ સુદર મુખકમળ કરમાઈ ગયુ અને તે કેવળ નીચુજ જોઈ રહી

યશોદાએ તેની પુત્રીના માથે, કપાળે, છાતીએ અને વાસે હાથ ફેરવીને તેના મનનુ સાત્વન કરવા માડયુ થોડી વાર પછી જ્યારે તે તદ્દન શાત અને સ્વસ્થ બની, ત્યારે યશોદાએ ધીમેથી પૂછયુ

" બેટા પ્રીતિ ! તુ શા માટે રૂદન કરતી હતી ? શુ તારી પ્રકૃતિ કાંઈ અસ્વસ્થ છે કે તને કાંઈ અચાનક વ્યાધિ થયો છે કે શુ છે ? '

પ્રીતિમતીએ તેની માતાના પ્રશ્નનો ઉત્તર દીર્ઘ નિ શ્વાસમા આપ્યો અને તેના વિસ્તૃત નયનો અશ્રુઓથી પુન છલાછલ ભરાઈ ગયા

'થી તેના અશ્રુઓને લુછી નાખતા કહ્યુ.

'તુ કયા દુ ખથી રડે છે ? તારા

કહીશ ' '

આપનુ કહેવુ સત્ય છે, એમ આપની ઇચ્છા મુજબ વર્તવુ વસ્તુપાળે નરચંદ્રસૂરિની ઇચ્છાનો સ્વીકાર કરતાં કહ્યું. ' પ્રભુ ! અમારી જે પ્રશંસા કરો છો, એ પ્રશંસાને અમે લાયક નથી, અમે તો માત્ર ધર્મ અને સમાજના નમ્ર સેવકો છીએ અને અમારી શક્તિ અનુસાર તેની સેવા કરીએ છીએ ખરી રીતે તો આપ જેવા સમર્થ જ્ઞાની, ત્યાગી અને તપસ્વી મહાત્માઓ આ જગત્ ઉપર હયાત છે ત્યા સુધી જૈનધર્મ અને જૈન-સમાજની સદા ઉન્નતિ જ છે "

વસ્તુપાળના કથનથી નરચંદ્રસૂરિ ગંભીર વિચારમા પડી ગયા. ક્ષણવાર પર્યંત ત્યા શાંતિ પથરાઈ ગઈ. તે પછી થોડીવારે વસ્તુપાળ તથા તેજપાળ આચાર્યશ્રીની રજા લઇ સ્વસ્થાનકે ચાલ્યા ગયા અને આચાર્ય પાઠશાળામા કે જ્યા તેમના શિષ્યો અને શહેરના પુરુષો ધાર્મિક અભ્યાસ કરતા હતા ત્યા જવાને રવાના થયા



પ્રકરણ ૭ મું.

હાય વૈધવ્ય !

મધ્યાન્હનો સમય થયો હતો કચ્છ દેશનુ અતિ સમૃદ્ધિપૂર્ણ અને શોભાયમાન નગર ભદ્રેશ્વર કોલાહલથી શાંત રહ્યુ હતુ. માત્ર અતિ ઉંચા અને સુંદર એવા અનેક આવાસમા કેવળ શાંતિ હતી એ આવાસના ઓરડામા પલંગ ઉપર એક સોળ વર્ષની પૂર્ણ યૌવનવાળી બાળા આડી પડેલી હતી એ ઘણી સુંદર અને લાવણ્યથી ભરપુર બાળાના માથાના કેશ છુટા હતા તેના ગુલાબી ગાલોથી શોભતા મુખ ઉપર વિષાદની સ્પષ્ટ છાયા જણાતી હતી, તેના વિશાળ નયનો આંસુથી ભીંજાયેલા હતા અને તેનુ આખુ અંગ અસ્વસ્થ દેખાતુ હતુ તેણે પહેરેલા વસ્ત્રો કેવળ સફેદ હતા, અને તેના શરીર ઉપર એક પણ આભૂષણ ન હતુ, છતા પણ તેનુ સ્વાભાવિક સૌંદર્ય અને લાવણ્ય સાદાઇમા વધારે દીપી નીકળ્યુ હતુ તેણે એક હાથે કોઈ પુસ્તક પકડેલુ હતુ અને બીજા હાથે મસ્તકને ટેકો આપ્યુ હતુ. તેના મુખમાંથી નિઃશ્વાસ નીકળતો હતો અને આંખમાંથી આંસુની અવિરત ધારા વહી રહી હતી કેટલીકવાર પર્યંત તે જેમની તેમ રહી, પરન્તુ તે પછી માનસિક વેદનાના અસહ્ય થઈ પડવાથી પલંગ ઉપરથી ઉઠીને ઉભી થઈ અને ઓરડામા આમતેમ ફરવા લાગી. તે આમતેમ ફરવાથી થોડીજ વારમા શ્રમિત થઈ ગઈ અને પાછી

પલંગ ઉપર જમીન પડી, અને પલંગ પાસેની દિવાલ ઉપર લટકાવેલા એક ચિત્ર તરફ કરુણાભરી દૃષ્ટિથી જોઈ રહી અને છેવટ પુનઃ રોઈ પડી! બાળાનું રુદન એટલું બધું હૃદયભેદક હતું કે તેના પ્રતિધ્વનિ રૂપે આખો ઓરડો, પલંગ ઇત્યાદિ સામાનો અને દિવાલ ઉપરના નિર્જીવ ચિત્રો પણ રડતા હોય એવો ભાસ થતો હતો. અત્યુચ્ચ, રમણીય અને વિશાળ પ્રાસાદમાં રહેતી આ બાળાને એવું તે શું દુઃખ આવી પડ્યું હશે કે જેને લીધે તે આવું કરુણાજનક રુદન કરતી હતી?

એ બાળાનું રુદન ધીમે ધીમે વધતું ગયું અને છેવટ તે હૈયાફાટ રડવા લાગી. તેનું રુદન સાંભળીને એક પુરુષ અને એક સ્ત્રી તે ઓરડામાં આવી પહોંચ્યા. પણ એ બાળા તેમના આગમનથી અજાણ રહી અને જેમની તેમ મોટા સ્વરે રડતીજ રહી.

સ્ત્રીએ તેની પાસે જઈ તેનો હાથ પકડીને અધિરતાથી પૂછ્યું: પ્રીતિમતી! તને શું થયું છે? તું શા માટે રડે છે?

એ જોબનવતી બાળાનું નામ પ્રીતિમતી હતું. તે તેની માતાનો અવાજ સાંભળીને સાવધ બનવાનો પ્રયત્ન કરવા લાગી. પરંતુ તેનાથી સ્વસ્થ થઈ શકાયું નહિ અને પુનઃ રુદન કરવા લાગી.

પ્રીતિમતીની માતા યશોદા પલંગ ઉપર બેઠાં અને તેની પુત્રીને બળપૂર્વક ઉઠાડીને બાહુપાશમાં લીધી અને તેના આંસુઓને લુછવા લાગી. કેટલાક વખત પછી પ્રીતિમતીનું હૈયું હેઠું બેઠું અને તે રોતી બંધ થઈ. તેણે સ્વસ્થ બનીને આમ તેમ જોયું. પલંગની એક બાજુ તેના પિતાને દિન વદને ઉભેલા જોતાંજ લજ્જા, દુઃખ અને શોકથી તેનું સુંદર મુખકમળ કરમાઈ ગયું અને તે કેવળ નીચુંજ જોઈ રહી.

યશોદાએ તેની પુત્રીના માથે, કપાળે, છાતીએ અને વાંસે હાથ ફેરવીને તેના મનનું શાંત્વન કરવા માંડ્યું. થોડી વાર પછી જ્યારે તે તદ્દન શાંત અને સ્વસ્થ બની, ત્યારે યશોદાએ ધીમેથી પૂછ્યું:

“ બેટા પ્રીતિ! તું શા માટે રુદન કરતી હતી? શું તારી પ્રકૃતિ કાંઈ અસ્વસ્થ છે કે તને કાંઈ અચાનક વ્યાધિ થયો છે કે શું છે?”

પ્રીતિમતીએ તેની માતાના પ્રશ્નનો ઉત્તર દીર્ઘ નિઃશ્વાસમાં આપ્યો. અને તેના વિસ્તૃત નયનો અશ્રુઓથી પુનઃ છલાછલ ભરાઈ ગયા.

યશોદાએ વસ્ત્રના પાલવથી તેના અશ્રુઓને લુછી નાખતાં કહ્યું: “ દીકરી! તને આજ શું થયું છે? તું કયા દુઃખથી રડે છે? તારા મનોદુઃખનું કારણ મને નહિ કહે તો કોને કહીશ?”

પ્રીતિમતીએ પુનઃ નિઃશ્વાસ મૂક્યો.

"વ્હાલી પુત્રી!" યશોદાએ મહાજ ગળગળા સાદથી કહ્યું "તને–અમારી એકની એક પુત્રીને રડતી જોઈને મારું હૃદય ભેદાઈ જાય છે અને જોને આ તરફ કે તારા પિતા પણ કેવા દિલગીર અને દુઃખી થઈને ઉભા છે?"

પ્રીતિમતીએ તેના પિતા સામે જોયું અને તે પુનઃ રડી પડી.

તેનો પિતા જગન્નાથ નજીક આવ્યો અને તેણે તેના મસ્તક પર હાથ મૂકીને કહ્યું

"બેટા! તું છાની રહે અને તારા મનની વાત દીલ ખોલીને અમને કહે. તને મારા સોગાન છે."

પોતાના પરમ પૂજનીય પિતાના સોગન સાંભળીને પ્રીતિમતી તુરતજ રડતી બંધ થઈ ગઈ. ક્ષણ વાર રહી ઊંડો નિઃશ્વાસ નાખીને તે કરૂણાભર્યા અવાજથી કહ્યું "પિતાજી! તમારા તથા મારી માતાના સ્નેહ અને મમતાપૂર્ણ આશ્રય સ્થાનમાં મને કશું દુઃખ નથી. તેમ મારા શરીરે પણ કાંઈ અસુખ નથી. તમે મારા વાસ્તે શા માટે દિલગીર થાઓ છો?"

"તો પછી તું રડે છે શા માટે? તારા રૂદનનું કારણ શું છે?" યશોદાએ તુરતજ પ્રશ્ન કર્યો.

"માતુશ્રી! મારા રૂદનનું કારણ કાંઈ ખાસ કે નવીન નથી. તમને કહી બતાવું. મારા માટે રૂદન કરવું સ્વાભાવિક છે." પ્રીતિમતીએ જવાબ આપ્યો.

"પ્રિય પુત્રી!" તેની માતા યશોદાએ ગંભીરતાથી કહ્યું "મનુષ્ય માત્રને માટે હસવું કે રડવું કિંવા આનંદ કે શોક કરવો એ સ્વાભાવિક છે, પરંતુ આનંદ કે શોકને માટે કાંઈ કારણ તો ઉપસ્થિત થવુંજ જોઈએ. કેમકે કારણ વિના કાર્ય બનતું નથી. આનંદના અતિરેકથી જેમ હસવું આવે છે, તેમ શોકના અતિરેકથી રડવું આવે છે અને તેથી તું એવા શોકથી ચોધાર રડતી હતી, એ તારા માતાપિતા જાણવાને આતુર છે."

પ્રીતિમતીએ ફરીને ઊંડો નિઃશ્વાસ મૂક્યો.

જગન્નાથે આગ્રહથી કહ્યું. "બેટા! જે કહેવાનું હોય, તે કહે. તારા દુઃખ અને શોકના કારણને જાણ્યા વિના અમે શાંતિ વળવાના નથી."

પ્રીતિમતીએ પોતાની ધડકતી છાતી ઉપર હાથ મૂક્યો. તેણે વિચાર કરીને હૃદયને દૃઢ બનાવ્યું અને પછી કરૂણા અને ગભીરતાથી ભરેલા અવાજે કહ્યું "પૂજનીય પિતાશ્રી અને માનનીય માતુશ્રી! તમારી સુશીતલ છાયામાં મને કોઈ પ્રકારનું દુઃખ નથી. હું તમારી એકની એક વ્હાલી દીકરી હોવાથી તમે મારા સુખને માટે ઘણી કાળજી અને સંભાળ રાખો છો અને મારી પ્રત્યેક ઈચ્છાને પૂર્ણ કરવાને સદા તત્પર રહો છો. મને તમારા જેવા માતાપિતાની પુત્રી થવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે, તે માટે હું પરમ કૃપાનિધાન પરમાત્માનો જેટલો ઉપકાર માનું તેટલો ઓછોજ છે અને ભવોભવમાં તમેજ મારા માતાપિતા થાઓ, એમ અંતઃકરણ પૂર્વક ઇચ્છું છું. પરંતુ આટલી નાની અવસ્થામાં દૈવે મને મારા સ્ત્રી તરીકેના સાચા સુખના શિખર ઉપરથી ચ્યુત કરીને દુઃખના જે અગાધ સાગરમાં ધકેલી દીધી છે, તેનું જ્યારે મને સ્મરણ થાય છે, ત્યારે હાય! મારૂં હૃદય નિર્બળ થઈ જાય છે અને ઈચ્છા નહિ છતાં પણ રડી જવાય છે. તમે મારા આ દુઃખને જાણો છો, પણ તેમાં તમારો શો ઉપાય? કારણ કે એ દુઃખ કોઈથી દૂર કરી શકાય તેવું નથી. તેને ભોગવ્યેજ છૂટકો છે."

પ્રીતિમતીના દુઃખની ઘટના તેના માતાપિતાથી અજાણી ન હતી, પરંતુ જ્યારે તેમણે તેના મુખેથી તેને સાંભળી, ત્યારે તેઓ પણ ધીરજ રાખી શક્યા નહિ અને બન્નેની આંખોમાંથી આંસુઓની ધારાઓ વહેવા લાગી.

પણ નવયૌવના પ્રીતિમતીના હૃદયમાં હવે હિંમતે વાસ કર્યો હતો. તેણે કાંઈક દૃઢતાથી કહ્યું "માતાપિતા! તમને તમારી પુત્રીનું દુઃખ જોઈ કિંવા સાંભળી શોક થાય, એ સર્વથા સ્વાભાવિક છે. ક્યા માતાપિતાને તેમના સંતાનના દુઃખથી શોક થયો નથી? મતલબ કે સર્વને થયો છે, થાય છે અને થશેજ. પરંતુ તેમાં માતાપિતાનો શો દોષ છે? દોષ માત્ર મારા ભાગ્યનો કિંવા કર્મનો છે, માટે તમે શા માટે રડો છો? તમારે રડવાનું કાંઈ કારણ નથી, કારણ કે કર્મના ફળને હસતા કે રોતા ભોગવ્યા વિના છૂટકારો થવાનો નથી. કર્મનું ફળ એટલું બધું અચૂક છે કે તેને ભોગવ્યેજ માણસનો આરો છે."

પ્રીતિમતીના દૃઢ અને હિંમત ભર્યાં વચનો સાંભળીને તેનો પિતા વિચાર ગ્રસ્ત અવસ્થામાં મૌન રહ્યો, પરંતુ તેની માતાથી શાંત રહી શકાયું નહિ. તે દીકરીનું દુઃખ સાંભળીને મોટા સાદે રોવા લાગી.

જેમ જેમ પ્રીતિમતીના માતાપિતા તેનું દુઃખ સાંભળીને દિલગીર

કહેજે અને અમે તેને અવશ્ય અમલમાં મૂકશું. પરંતુ મેં મારા મનથી તારા સુખને માટે એક નિશ્ચય કરી રાખ્યો હતો અને તેને આજની તારી અવસ્થાથી ટેકો મળ્યો છે મે આજ પર્યંત એ નિશ્ચયને કોઈને-તારી માતાને પણ કહ્યો ન હતો, પરંતુ હવે હુ તેને કહીશ અને તેની સમ્મતિ મેળવીને તેને કાર્યમાં મૂકીશ. પુત્રી ! એ વિના તારૂં દુ ખ દૂર થશે નહિં

છેવટનુ વાક્ય બોલતાં બોલતાં જગડુશાહનાં મુખ ઉપર દૃઢતાની છાયા છવાઇ ગઇ અને પ્રીતિમતીના મુખ તરફ એક વાર જોઇને તે ત્યાથી ચાલ્યો ગયો યશોદા પણ પુત્રીને એક વાર બાથમાં લઇ તેના ઉજ્જવલ કપોલ-પ્રદેશ ઉપર તથા મસ્તક ઉપર પ્રેમપૂર્વક હાથ ફેરવીને તથા આશ્વાસન આપીને ધીમે ધીમે ઓરડાનો ત્યાગ કરી ગઇ. તેઓ ગયા પછી પ્રીતિમતી ગહન વિચારમા ગરકાવ થઇ ગઇ. પલગ પાસેની દિવાલ ઉપર લટકાવેલા ચિત્રને ત્યાથી ઉતારી લઇ તે તેને એકધ્યાને નિહાળી રહી તેના માતાપિતાની હાજરીમા પ્રીતિમતીમા જે દૃઢતા અને હિમત આવી હતી, તે પલાયન કરી ગઈ તેની કોમળ કાયા કપવા લાગી, તેનુ દિલ ધડકવા લાગ્યુ અને તેની આખે અધારા આવ્યા. દુ ખના અતિરેકથી તેની નાજુક દેહલતા પલગમા તુટી પડી અને તે ડુસકા ભરી ભરીને રૂદન કરવા લાગી તેનાં મુખમાથી કારમી ચીસ નીકળી ગઈ. “ હાય દૈવ્ય ! ”



પ્રકરણ ૮ મું.

પુનર્લગ્ન કે પુનર્મીલન ?

કચ્છદેશના સુવર્ણનગર ભદ્રેશ્વરના રાજા ભીમદેવ પ્રતિહાર સાથે ગુજરાતના રાજા વીરધવલને યુદ્ધ થયુ હતુ અને છેવટ બન્ને વચ્ચે સંપના કોલકરાર થયા હતા, એ વાત વાચક મહાશયો સારી રીતે જાણે પરંતુ ત્યારબાદ ભીમદેવ પ્રતિહારનુ મૃત્યુ થયુ હતુ અને એ નગર તથા તેના રાજ્યનો કેટલોક પ્રદેશ વીરધવળના અધિકારમા આવ્યા હતા તથા જે ત્રણ ચૌહાણ સરદારો સામન્તપાલ, અનન્તપાલ અને ત્રિલોકસિંહ કે જેઓ ભીમસિંહ પ્રતિહારની નોકરીમા રહેલા હતા, તેઓ પણ હવે વીરધવલની સેવામા આવીને રહ્યા હતા ઇતિહાસ પ્રસિદ્ધ કચ્છ દેશનું એ અતિ સમૃદ્ધ અને વિશાળ નગર ભદ્રેશ્વર હાલ નાશ પામ્યુ છે માત્ર તેના કેટલાક ખંડેરો મોજુદ રહ્યા છે કચ્છમા હાલ જે ભદ્રેશ્વર ગામ

છે, તે નવું વસાવેલું છે જૂના ભદ્રેશ્વરના અવશેષોમાં જગડુનાહનું જૈન મંદિર, દુદાનાહના શિવાલયના થાંભલા અને ઘુમટ, તેની પાસેની દુદા વાવ, અન્નપૂર્ણા માતાનું જીર્ણ દેવળ, બે મસ્જીદ અને લાલનાહબાઝ પીરની દરગાહ છે પરંતુ જે સમયની અત્ર વાત ચાલે છે, તે સમયના ભદ્રેશ્વરની સુંદરતા અને વિશાળતા જુદા પ્રકારની હતી મોટા મોટા દેવાલયોના ધ્વજશિખરોથી અને ગગનસ્પર્શી મહાલયોના ઝરૂખાઓથી શોભતા તથા દેવળોમાં આરતીના વખતના ઘંટાનાદથી અને પ્રાસાદોમાં યુવતીઓની ક્રિડાના હાસ્યધ્વનિથી ગાજતા એ નગરનું કેટલું અને કેવું વર્ણન કરવું ' એવું વર્ણન કરવાને માટે તો માઘ સર્વાનંદસૂરિ જેવા કવિ જોઇએ (શ્રી જગડુચરિત કાવ્યમાં શ્રી સર્વાનંદસૂરિએ ભદ્રેશ્વરનું કંઇક પણ માર્મિક વર્ણન કરેલું છે)

જેના પ્રાતઃસ્મરણીય નામથી અને જેની અસીમ ઉદારતાથી અત્યારે પણ લોકો મંત્રમુગ્ધ થાય છે, તે ઉદાર નરશ્રેષ્ઠ જગડુશાહ આ નવલકથાના સમયે ભદ્રેશ્વરમાં રહેતો હતો જગડુશાહ જાતે શ્રીમાળી વણિક અને ધર્મે જૈન હતો તેનો પિતા સોળ અને અને તેની માતા લક્ષ્મી મૂળ કંથકોટના રહેવાસી હતા, પરંતુ ત્યારપછી ભદ્રેશ્વરની ખ્યાતિ સાંભળીને તેઓ તે નગરમાં આવીને વસ્યા હતા જગડુને રાજ અને પદ્મ નામના બે ભાઇઓ હતા આ ત્રણે ભાઇઓ પરણેલા હતા અને તેમની સ્ત્રીઓના નામ યશોદા (યશોમતી), રાજલ્લ અને પદ્મા હતા ન્યાય અને નીતિપૂર્વક વાણિજ્ય અને ઉદ્યોગ કરતા કરતા જગડુ મહાન્ સમૃદ્ધિશાળી અને મોટો સંપત્તિવાન બન્યો હતો સમસ્ત ભદ્રેશ્વરમાં તેના જેવો બીજો કોઇ ધનાઢ્ય અને શ્રીમંત માણસ ન હતો ધનના પ્રભાવથી અને ઉત્તમ ચારિત્રથી જગડુશાહની કીર્તિ ચોતરફ પ્રસરી ગઇ હતી અને ગુજરાતના રાજા વીરધવલે તથા લોકોએ તેને એ પ્રદેશના નગરશેઠનું પદ આપેલું હોવાથી તેની પ્રતિષ્ઠા પણ સારી જામેલી હતી જગડુશાહને સંતાનમાં માત્ર એક પુત્રી પ્રીતિમતી હતી પ્રીતિમતી સૌંદર્યશાલિની અને લાવણ્યમયી હોવાની સાથે બુદ્ધિમતી, ચતુરા અને ગુણવતી હતી જગડુશાહે તેને યોગ્ય વયે લગ્નનો સમય આવ્યેથી યશોદેવ નામના એક રૂપવાન અને ગુણવાન યુવકની સાથે પરણાવી પરંતુ તેનું પાણિગ્રહણ કર્યા પછી યશોદેવનું આકસ્મિક રોગથી અકાળ મૃત્યુ થયું ! અને પ્રીતિમતી યુવાવસ્થાના આંગણે પગ મૂકતાજ વિધવા થઇ પ્રીતિમતીના સંબંધમાં આટલા પ્રસ્તાવથી વાચક બંધુઓ ગત પ્રકરણમાં વર્ણવેલી ઘટનાને સહજમાં સમજી શકશે

એ ઘટના પછી કેટલોક કાળ વહી ગયો છે. ઉનાળો ઉતરી ચોમાસુ બેઠું છે. મેઘના આગમનથી વેલાકુલનો પ્રદેશ લીલોછમ બની ગયો છે. આકાશ વાદળાથી હમેશાં ઘેરાયેલું રહે છે. સૂર્યનારાયણનું દર્શન ક્વચિતજ થાય છે. કોઈ કોઈ વાર વિજળીના ચમકારા અને મેઘગર્જના થાય છે અને મેઘ મુશળધારે વરસે છે. પ્રીતિમતી આજ પણ એજ ઓરડામાં—એજ પલંગ ઉપર બેઠી હતી. તેના હાથમાં તેના મૃત પતિ યશોદેવનું ચિત્ર હતું ને એ ચિત્રને એક ધ્યાને જોઈ રહી હતી અને વારંવાર નિશ્વાસ મૂકતી હતી. જેમ પ્રકૃતિના રાજ્યમાં મેઘજન્ય તોફાન મચ્યું હતું, તેમ તેના મનોરાજ્યમાં વિચારોનું તોફાન જામ્યું હતું. કેટલાક સમય પછી તે પલંગ ઉપરથી ઉઠીને ઓરડાના ઝરૂખાએ જઈને ઉભી રહી. તેણે ત્યાં ઉભા ઉભા જોયું કે વર્ષાદ હજી પણ તેટલાજ જોરથી વરસતો હતો, વીજળીના ચમકારા આંખને આંજી નાખતા હતા અને મેઘની ગર્જના કાનના પડદાને ફાડી નાખતી હતી. સામેના મહાલયની છત ઉપર મયુર અને મયુરીનું એક યુગલ અવનત મુખે મેઘની અવિરલ ધારાને હર્ષથી ઝીલતું પરસ્પર આલિંગીને બેઠું હતું! પ્રીતિમતીની ચકોર દૃષ્ટિ તેના ઉપર પડી અને તે તુરતજ હાય પોકારતી ઝરૂખાથી પાછી ફરી. તેણે જમીન ઉપર લગભગ પડતાં પડતાં મોટા સ્વરથી કહ્યું "આ મયુર અને મયુરી અત્યારે જે સુખ ભોગવી રહ્યાં છે, તે સુખ ભોગવવાનો અધિકાર મને નથી, તો પછી આ સંસારમાં જીવીને શું કરવું છે? આ અભાગિનીને માટે હવે તો મૃત્યુજ આ અસહ્ય યાતનામાંથી છુટવાનો એક માર્ગ છે! હાય ક્રૂર વિધાતા!"

બરાબર આજ વખતે પ્રીતિમતીના પિતા જગડુશાહે એ ઓરડામાં પ્રવેશ કર્યો. તેણે પ્રીતિમતીની પાસે જઈને તેના વાંસામાં મૃદુતાથી હાથ ફેરવતાં ફેરવતાં કહ્યું 'બેટા! વૈધવ્યની અતિ દુઃખકર યાતનામાંથી છુટવાનો મૃત્યુ સિવાય બીજો માર્ગ છે. અને એ માર્ગ ઉપર તને ચઢાવવાનો મેં હવે નિશ્ચય કર્યો છે."

પ્રીતિમતી તેમની તેમ જમીન ઉપર પડી રહી.

જગડુશાહે વાત્સલ્યથી પુનઃ કહ્યું 'પ્રિય પુત્રી! બેઠી થા અને શાંત થઈને મારી વાતને સાંભળ. મેં જે નિશ્ચય કર્યો છે, તેને અમલમાં મૂક્યા સિવાય હવે હું ઢીલ કરવાનું નથી."

પ્રીતિમતી સ્વસ્થ બનીને તેના પિતાની સામે બેઠી. તેણે અશ્રુઓને

સ્વભાવના પાલવડે લુછી નાખ્યા અને પછી કહ્યુ ' પિતાજી ! હુ શાંત થઈને બેઠી છુ તમારે જે વાત કહેવાની હોય, તે ખુશીથી કહો '

જગડુશાહે વાતની શરૂઆત કરી " પ્રીતિમતી ! મે તને તેર વર્ષની ઉમ્મરે યશોદેવ જેવા એક અતિ લાયક યુવકની સાથે પરણાવી હતી અને તારા સિવાય અમારે બીજુ કોઈ સતાન નહિ હોવાથી તારા લગ્નના શુભ અવસરનો લહાવો લેવાની ખાતર મે પુષ્કળ ધન વાવરીને મોટો ઉત્સવ કર્યો હતો આ પ્રસગનુ તને અવશ્ય સ્મરણ હોવુ જોઈએ કારણ કે એ વખતનુ તારુ વય નાનુ ગણાય નહિ પરતુ લગ્ન પછી તુરતજ થોડા સમયમા અમારા અને તારા હતભાગ્યે તારા પતિનુ અકાળ મૃત્યુ થયુ અને તુ આટલી નાની અવસ્થામા વિધવા થઈ આ વખતે તે તારુ કપાળ કુટયુ અને અમે પુષ્કળ રોયા, પણ દૈવની પ્રબળ સત્તા પાસે માણસ લાચાર છે અને કરેલા કર્મના ફળ ભોગવ્યા વિના બીજો ઉપાય નથી ' એમ મનને મનાવીને અમે ધીરજને ધારણ કરી એ વખતથી તને આવી પડેલા દુ ખનુ વિસ્મરણ થાય અને કોઈ વાતે ઓછુ ન લાગે, એ માટે અમે ઘણા પ્રયાસો કર્યા, પરતુ તારા કુમળા હૃદયમા એ સમયથી જે કારી ઘા પડ્યો છે, તે રૂઝવાને બદલે મોટો થતો જાય છે અમે આશા રાખતા હતા કે દુ ખનુ ઔષધ સમય છે અને વખત જતા તારુ દુ ખ વિસારે પડશે પરતુ અમે એ આશામા નિષ્ફળ થયા છીએ તને પદર વર્ષ પૂરા થયા છે અને જેમ જેમ વખત જાય છે, તેમ તેમ તારુ દુ ખ ઘટવાને બદલે વધતુ જાય છે અને તેને સહન કરવાને માટે તુ નિર્બળ બનતી જાય છે અમારે સતાનમા માત્ર તુજ છે અને તે–અમારી એકની એક પુત્રી આવી દુ ખી હાલતમા રહે એ હવે મારાથી અને તારી માતાથી જોવાતુ કે સહેવાતુ નથી જ્યારે તુ વિધવા થઈ, ત્યારેજ મને એક ચોક્કસ વિચાર સુઝ્યો હતો, પરતુ એ વખતે મે તેને દાબી રાખ્યો હતો, જ્યારે બે વર્ષના ગાળા પછી મને જણાયુ છે કે એ વિચારને વર્ત્તનમા મૂકયા વિના ચાલે તેમ નથી, કારણ કે એમ કર્યા વિના તુ કે અમે સુખી થઈ શકીશુ નહિ, એ નક્કી છે "

પ્રીતિમતીએ શાત મનથી અને ધીરજથી તેના પિતાની વાત સાભળી અને પૂર્વનુ સ્મરણ તાજુ થવાથી તેના વિશાળ લોચન આસુથી ભીંજાઈ ગયા તે એક અક્ષર પણ બોલ્યા વિના ચૂપચાપ બેસી રહી

આ વખતે યશોદા પણ આવી પહોચી. તેણે પ્રીતિમતીને રડતી જોઈને કહ્યુ ' દીકરી ! તુ હવે રુદન કર તો તને મારા સમ છે "

એમ કહીને યશોદા પ્રીતિમતીની પાસે જઈને બેઠી અને તેના આંસુઓને સાડીના પાલવ વતી લૂછવા લાગી.

એ પછી જગડુશાહે કહ્યું "તને હવે રોવાનું કાંઈ કારણ નથી, કારણ કે તારા રૂદનને મુકાવી નાખવાનું અમે નક્કી કર્યું છે. માત્ર તારી સંમતિની વાર છે. તું અમારા નિશ્ચય સાથે સંમત થઈશ ?"

પ્રીતિમતીએ એક વખત તેની માતા તરફ અને એક વખત તેના પિતા તરફ જોયું અને પછી ક્ષણભર વિચાર કરીને કહ્યું "પણ તમે મને તમારા નિશ્ચયને સ્પષ્ટતાથી કેમ કહેતા નથી ?"

જગડુશાહે તુરતજ કહ્યું "પુત્રી ! તારૂં વૈધવ્યનું દુઃખ જે રીતે દૂર થાય, તે રીતને વર્તનમાં મૂકી તને પુનઃ સુખી કરવી, એ અમારો નિશ્ચય છે."

"પરંતુ વૈધવ્ય આ જન્મનું શાશ્વત દુઃખ છે. એ દુઃખને દૂર કરી સુખી બનવાની કોઈ રીત હોય, એ હું જાણતી નથી. પિતાશ્રી તમારા નિશ્ચયને વધારે સ્પષ્ટ કરો." પ્રીતિમતીએ પણ તુરતજ કહ્યું

"તારૂં કહેવું યોગ્ય છે, તેમ છતાં વૈધવ્યના દુઃખને દૂર કરવાનો ઉપાય છે અને તે ઉપાય એ પુનર્લગ્ન" જગડુશાહે સ્પષ્ટતાથી કહ્યું "અમે કોઈ લાયક યુવકની સાથે તારૂં પુનર્લગ્ન કરી તને સુખી કરવાનો નિશ્ચય કર્યો છે. તારા વૈધવ્યનાં દુઃખને દૂર કરવાનો ઠરાવ કર્યો છે."

પોતાના પિતાના મુખેથી પુનર્લગ્ન શબ્દ સાંભળીને પ્રીતિમતીને આશ્ચર્ય થયું. તેના મુખ ઉપરની દિલગીરી ચાલી ગઈ, તેની આંખમાંનાં આંસુ સુકાઈ ગયાં, તેનો શ્વાસ જોરથી ચાલવા લાગ્યો, અને તેના સમગ્ર વદન ઉપર એક પ્રકારની વેદનાની છાયા છવાઈ ગઈ.

તેણે તેની માતા તરફ અર્થસૂચક દૃષ્ટિથી જોઈને પૂછ્યું. "શું શક્ય વાત છે, માતુશ્રી !"

"ના શા માટે નહિ, બેટા !" યશોદાએ જવાબ આપતાં કહ્યું "તારી સંમતિ હોય, તો એ વાત શક્ય થાય તેમ છે."

"પણ એ વાત શી રીતે શક્ય થાય તેમ છે ?" પ્રીતિમતીએ પુનઃ પૂછ્યું "સમાજનું બંધારણ અને સમાજનો તિરસ્કાર એ બે વિધવાના પુનર્લગ્નની આડે પડેલા છે, એ તમે કેમ ભૂલી જાઓ છો ?"

"એ વિગતોને અમે ભૂલી ગયા નથી, તે અમારાં ધ્યાનમાંજ છે." જગડુશાહે લાગણીથી ભરેલા અવાજે કહ્યું "પરંતુ પ્રિય પુત્રી ! તારા સુખની ખાતર અમે સમાજના બંધારણ અને તિરસ્કારની અવગણના

કરવાને તૈયાર થયા છીએ. અમારા વહાલા સંતાનનું દુઃખ મીટાવવાને અમે નાત, જાત, ધર્મ કે સમાજ—કોઇની પણ દરકાર કરવાના નથી."

પ્રીતિમતીના આશ્ચર્યની હવે કોઇ સીમા રહી નહિ. તેણે પૂછ્યું: "પણ એવી રીતે નાત, જાત અને ધર્મની અવગણના અને તેના તિરસ્કારને સહન કરવા કોઇ યુવક તૈયાર છે—તૈયાર થશે ખરો?"

"શા માટે નહિ થાય?" જગડુશાહે ઉત્તર આપતાં કહ્યું. "અમે કોઇ નિર્ધન અને નિરાધાર પણ સુશિક્ષિત યુવકને શોધી કાઢીશું અને તેની સાથે તારૂં પુનર્લગ્ન કરી તેને અમારી સાથેજ રાખશું અને તેને આપણી આ સર્વ સંપત્તિનો ઉત્તરાધિકારી બનાવીશું. આવી લાલચને વશ કોઇ યુવક નહિ થાય, એમ બનેજ નહિ."

"પણ પિતાશ્રી! જાતિ અને સંઘના તિરસ્કારનો તમને સંપૂર્ણ ખ્યાલ હોય, એમ જણાતું નથી અને તમે જે સાહસ કરવાને તૈયાર થયા છો, તેનું કેવું અને કેટલું વિપરિત પરિણામ આવશે, એનું તમને ભાન હોય, એમ લાગતું નથી. માનો કે તેવો યુવક કોઇ મળી આવ્યો અને તેણે તમારી વાતનો સ્વીકાર પણ કર્યો, પરંતુ એથી જ્ઞાતિ તમારો વ્યવહાર બંધ કરશે, સંઘ તમને બહિષ્કારની શિક્ષા કરશે અને ભદ્રેશ્વરની સમસ્ત જનતા તરફથી તિરસ્કાર કરશે! જ્ઞાતિ, સંઘ અને જનતામાં તમારી જે પ્રતિષ્ઠા છે, તે નાશ પામશે. આ નગરના નગરશેઠની માનનીય પદવી ચાલી જશે અને રાજદરબારમાં તમારૂં જે માન સચવાય છે, તેના બદલે અપમાન થશે, એટલુંજ નહિ પણ આપણા ગુરૂ તમને સખ્ત ઠપકો આપશે. માટે પિતાશ્રી! પ્રથમ આ બાબતોનો વિચાર કરો અને પછી જે નિશ્ચય ઉપર આવવાનું હોય, તે ઉપર આવો." પ્રીતિમતીએ ગંભીરતાથી કહ્યું.

જગડુશાહે અવાજમાં સહજ જુસ્સો લાવીને કહ્યું. "તેં કહી તે બધી બાબતોનો મેં વિચાર કર્યો છે અને તેના અંતેજ હું એક નિશ્ચય ઉપર આવ્યો છું. જાતિ, સંઘ અને જનતાનો તિરસ્કાર મળતો હોય, તો ભલે મળો, મારી પ્રતિષ્ઠા અને નગરશેઠની પદવી ચાલી જતી હોય, તો ભલે ચાલી જાય અને આચાર્યમહારાજ ઠપકો આપતા હોય, તો ભલે આપે, પરંતુ મેં જે નિશ્ચય કર્યો છે, તે પ્રમાણે વર્ત્તીશ અને તને સુખી કરીશ. દીકરી! તારા સુખની આગળ મારા માન, પ્રતિષ્ઠા અને નગરશેઠનું પદ કાંઇ વિસાતમાં નથી. તારૂં દુઃખ દૂર કરવાની ખાતર ગમે તેવા વિકટ સંયોગો અને વિઘ્નોની સામે થવાને હું તૈયાર થયો છું અને આ નગર કે દેશનો ત્યાગ કરવો પડે, તો તેમ કરવાને પણ આતુર છું. ટુંકામાં મારે

કહેવાનું એટલુંજ છે કે, ગમે તે ભોગે તારા વૈધવ્યનાં દુઃખને દૂર કરી તને સુખી બનાવીશ અને ત્યારેજ મારા દિલને શાન્તિ મળશે.'

પોતાના પિતાની દૃઢતા અને તેનો એક નિશ્ચય જોઈને પ્રીતિમતીની આંખમાં આંસુ આવ્યાં તેણે અવાજમાં સ્નેહ અને મૃદુતા આણીને કહ્યું 'પૂજ્ય પિતાશ્રી ! તમારી આ દુખિની અને અભાગિની દીકરીના માટે તમારા હૃદયમાં જે અગાધ સ્નેહ છે તથા તેના સુખને માટે તમે જે અપૂર્વ સ્વાર્થત્યાગ કરવાને તૈયાર થયા છો, તેનો વિચાર કરતાં મારું હૃદય આનંદથી ઉભરાઈ જાય છે અને વર્તમાન દુઃખને ભૂલી જાઉં છું તમારા જેવા માતાપિતાના ગૃહે મારો અવતાર થયાના સૌભાગ્યને માટે હું ખરેખર મગરૂર છું પરંતુ માતુશ્રી તથા પિતાશ્રી ! તમે શું એમ માનો છો કે હું પુનર્લગ્ન કરવાને તૈયાર થઈશ અને એ રીતે સુખી બનવાનો વિચાર કરીશ ?'

"ત્યારે શું તું તારા જીવનને વૈધવ્યના અમાપ દુઃખમાં પૂર્ણ કરીશ ?" જગડુશાહે કાંઈક આશ્ચર્યના ભાવ દર્શાવતા પૂછ્યું

"અવશ્ય" પ્રીતિમતીએ જવાબ આપ્યો "એમાં શંકાને સ્થાન આપવાનું કાંઈ કારણ નથી"

"પ્રીતિમતી !' જગડુશાહે કહ્યું ' સંપૂર્ણ વિચાર કર્યા વિના જવાબ આપ નહિ. પ્રથમ અંતરમાં ઉંડા ઉતરી બરાબર વિચાર કરી જો અને પછી જે ઉત્તર આપવો હોય તે આપ. ઉતાવળ કરવાનું કાંઈ કારણ નથી તારે અત્યારે જવાબ આપવો ન હોય અને વિચાર કરવા માગતી હોય તેમ કર, પરંતુ મનમાં કોઈપણ પ્રકારની શરમ કે સંકોચ રાખીને જીવનને બરબાદ કરવાનું સાહસ કરીશ નહિ અમે પોતેજ જ્યારે તને સુખી કરવાને તૈયાર થયા છીએ, ત્યારે તારે શામાટે દુઃખમાં સબડવાનું પસંદ કરવું જોઈએ ?"

પ્રીતિમતીએ કહ્યું "પિતાજી ! મેં જે ઉત્તર આપ્યો છે, તે સંપૂર્ણ વિચાર કર્યા પછીજ આપ્યો છે એટલે નવેસરથી વિચાર કરી કરીને ઉત્તર આપવાપણું રહેતું નથી આટલી નાની અવસ્થામાં અને જીવનની શરૂઆતમાં વિધવા થવાથી મને બહુ લાગી આવે છે, મારા મન ઉપર વૈધવ્યના દુઃખનો વિચાર કરવા સિવાય છે અને રાતદિવસ હું તેના એવા વિચારો કર્યા કરું છું. પરંતુ એ ઉપરથી હું પુનર્લગ્ન કરવાને તૈયાર થઈશ, એમ જો તમે માનતા હો, તો તે તમારી ગંભીર ભૂલ છે પિતાશ્રી ! અત્યાર સુધીમાં મેં જે શિક્ષણ લીધું છે, તેથી મને મારું જણાય છે કે સ્ત્રીનું લગ્ન માત્ર એકજવાર થઈ શકે છે, ફરી કરીને તેનું

લગ્ન થઈ શકતા નથી આપણી જ્ઞાતિ અને સમાજે સ્ત્રીને પુનર્લગ્નની છૂટ આપેલી નથી એટલે મારે તેવી છૂટ લેવાનું શામાટે પસંદ કરવું જોઈએ ? ”

“ પુત્રી ! હું જાણું છું કે સમાજની વ્યવસ્થા અને સમાજના બંધારણમાં સ્ત્રીને પુનર્લગ્નની સ્વતંત્રતા આપેલી નથી, પરંતુ હું સમાજની મનાઈ ફક્ત તારા સુખને માટે એક બાજુ મૂકવાને તૈયાર થયો છું વિધવાને જે અસહ્ય દુઃખ સહન કરવું પડે છે અને તેને જે કરુણાજનક સ્થિતિમાં રહેવું પડે છે, તેનો જો તે યથાર્થપણે વિચાર કર્યો હોત તો મારી ખાતરી છે કે તું મારા પ્રસ્તાવને સ્વીકારી પુનર્લગ્ન કરવાને તૈયાર થયા વિના રહેત નહિ પુરુષોને સ્ત્રીના મૃત્યુ પછી—અરે તેની હયાતીમાં પણ બે, ત્રણ કે એથી વધારે સ્ત્રીઓ કરવાનો હક છે તો પછી તેવો હક સ્ત્રીઓને અને તેમાં પણ તારા જેવી નાની વયની બાળવિધવાને શામાટે હોવો જોઈએ નહિ ? સ્ત્રીઓને તેવા હકથી વંચિત રાખવાને માટે સમાજનું બંધારણ શું પુરુષોનું પક્ષપાતી કરતું નથી ? ”

પ્રીતિમતીની અવસ્થા જો કે પંદર કે સોળ વર્ષનીજ હતી, તોપણ એટલી નાની ઉમ્મરમાં તેણે ધર્મ અને નીતિનું ઉત્તમ શિક્ષણ સંપાદન કરેલું હતું અને તેની બુદ્ધિનો વિકાસ પણ સારી રીતે થયેલો હતો. તેનું અંતઃકરણ ધાર્મિક આચારો અને વિચારોથી કેવળ શુદ્ધ બનેલું હતું જેથી તેમાં વિકારને સહજ પણ સ્થાન ન હતું

પોતાના પિતાની પુનર્લગ્નના પક્ષની દલીલ સાંભળીને પ્રીતિમતીએ દૃઢતા અને ગંભીરતાથી કહ્યું “ પિતાશ્રી ! વૈધવ્યના અસહ્ય દુઃખને સહન કરવું અને તેમાં પણ મારા જેટલી નાની ઉમ્મરથી એ દુઃખને સહન કરતા કરતા જીવનને શુદ્ધ રાખવું, એ મહાન્ મુશ્કેલ કામ છે, એ હું મારી રીતે જાણું છું, પરંતુ એથી કરી હું પુનર્લગ્નના પથને સ્વીકારીશ કિંવા તેમ કરીને સુખી થઈશ, એ તમારી માન્યતા મારા પ્રત્યેના કેવળ સ્નેહને લીધેજ ઉદ્ભવેલી છે વળી પિતાશ્રી ! સમાજમાં પુરુષો કોઈ ગેરવ્યાજબી હક ભોગવતા હોય, તો તે ઉપરથી સ્ત્રીઓને પણ તેવો હક મળવો જોઈએ, એ તમારી માન્યતા પણ ન્યાયયુક્ત નથી સમાજનું બંધારણ પુરુષોનું પક્ષપાતી હોય, તો ભલે હો. તે જોવાનું મારું કામ નથી મારું કામ ફક્ત મારા સ્ત્રીધર્મ પ્રમાણે વર્તવાનું જ છે.”

“ પ્રીતિમતી ! મનના એક પ્રકારના આવેગને વશ થઈ સારા-માઠાનો વિચાર કરવાના વિવેકને ભૂલી જા નહિ સંસારના બંધારણને એક બાજુએ રાખી તારા અંતઃકરણને પૂછી જો કે તું વૈધવ્યના દુઃખને જીવનભર સહન કરી શકીશ ? અને સંપૂર્ણ જીવનને શુદ્ધ અને નીતિના પથે રાખી શકીશ ? અત્યારે તારું મન જે દૃઢતામાં રમે છે, તે દૃઢતા

તારા મનને કોઇ પણ આવેગ, શંકા કે ચિંતાને વશ નહિ થવા દેતાં ધીરજથી વિચાર કર અને દુઃખને દૂર કરવા તથા સુખને વરવા તૈયાર થા !”

પ્રીતિમમતીના લાવણ્યના ભંડાર સમાન મુખ ઉપર જે નિશ્ચય અને દૃઢતાની છાપ પડેલી હતી, તેમાં જરા પણ ફેરફાર થયો નહિ. તેણે ધીમેથી નિઃશ્વાસ મૂકીને કહ્યું. “પૂજ્ય પિતાજી ! હવે બસ કરો. મારી કસોટી ઘણી થઇ છે અને તેમાંથી હું પાર ઉતરી છું. તમે જ્ઞાની ધર્મી અને શાસ્ત્રના જાણકાર હોવા છતાં પુનર્લગ્ન કરી સુખને વરવાનો મને આગ્રહ કરો છો, તેથી મારા મનમાં ઘણું આશ્ચર્ય થાય છે. પિતાશ્રી ! તમે શું એમ માનો છો કે પુનર્લગ્ન કરવાથી હું સુખી થઇશ ? મારી નાની અવસ્થા, મારું બાળ—વૈધવ્ય અને મારા શોક તથા દુઃખને જોઇને તમે એવી માન્યતા બાંધી છે. પરંતુ મારા અંતઃકરણમાં પુનઃ સુખી થવાનો એટલે કે આ સંસારના ભોગ—વિલાસને ભોગવવાનો વિચાર સરખો પણ નથી. હું એ માટે શોક કરતી નથી—એટલા માટે રડતી નથી, પરંતુ મારા દુર્ભાગ્યને માટે કિંવા કઠોર કર્મને માટે રડું છું. આટલી નાની ઉંમરમાં વૈધવ્ય પ્રાપ્ત થયું, એ નક્કી મારા કોઇ પૂર્વ સંચિત દુષ્કર્મનું ફળ છે અને તેને હસતાં કે રોતાં સહન કરવું, એજ મારા માટે હવે એક ઉત્તમ માર્ગ છે. એ કર્મ-ફળને પુનર્લગ્ન કે એવી બીજી ચેષ્ટાથી દૂર કરવાનો પ્રયાસ કરવો, એ કેવળ માનવીઓની મૂર્ખતાજ છે. કારણ કે જો મારા ભાગ્યમાં વૈધવ્યનું દુઃખ લખ્યું ન હોત, તો હું વિધવા શા માટે થાત ? અને પુનર્લગ્ન કર્યા પછી ફરીને પણ હું વિધવા નહિ થઉં, તેની શી ખાતરી ? માટે પિતાશ્રી ! હવે તો મારું દૈવ કર્મફળને ભોગવવા અને તે સાથે સુકૃત કરી સુકર્મને ઉપાર્જન કરવા, એજ મારા માટે હિતાવહ છે.”

“વ્હાલી દીકરી ! તું પુનર્લગ્ન કરવાને ખુશી નથી ? તારો નિશ્ચય અવિચળ દૃઢ છે ?” જગદ્દશાહે ટૂંકામાંજ પૂછ્યું.

“હા પિતાજી ! મારો નિશ્ચય કેવળ દૃઢજ છે. હું પુનર્લગ્ન કરવાને જરા પણ ખુશી નથી. પુરુષોની વાત જવા દો, પરંતુ આમ સ્ત્રીઓ માટે પુનર્લગ્નનો વિચાર કરવો એ પણ મહાન પાપ છે. જે પુરુષને આત્મા અને મન હૃદયથી અર્પણ કર્યાં હતાં, તે તેના મૃત્યુ પછી શું બીજાને અર્પણ થઇ શકે ખરાં ? નહિજ, કવિઓએ જે શરીરને વર્ણવવામાં અનેક શક્તિ અને સામર્થ્યના ઉપયોગ કર્યા છે, તે શરીર—જીવનને [illegible] નિરુપયોગી વસ્તુઓમાં [illegible] શરીર એ કાંઇ [illegible] સામાન્ય વસ્તુ નથી કે [illegible] એકવાર અર્પણ કર્યા પછી બીજાને

વાત સાભળી ગયો હતો. તેણે વીરમના ખભા ઉપરથી પોતાનો તેના કરની આમપાન નાખીને આગળ ચલાવ્યુ. ' રાજકુમાર ! [illegible] મસ્તકમા જે ચિન્તા છે અને આપના હૃદયમા જે શોક અને ખિન્ના[illegible] તેને દૂર કરવાને માટે હુ તથા સરદાર જયતસિહ આપને વખતો[illegible] સલાહ આપીએ છીએ કે, આપે આપના પદ, ગૌરવ અને સ્વ[illegible] વિચાર કરી આપના પિતાને સ્પષ્ટ શબ્દોમા કહી નાખવું જો[illegible] વીસળદેવ નગરનો આપનો પક્ષપાત કેવળ અનુચિત છે વસ્તુપાળ તેજપાળ વગેરે મત્રીઓને આપેલી અપરિમિત સત્તા ભ[illegible]ગીની સુ[illegible] પાયમાલ કરશે અને આપની—એટલે કે યુવરાજની તન્[illegible] બેદરકારી અને તેને કોઠ પણ જાતના કારણ વિના વેગળામાથી [illegible] જવાની કરેલી આજ્ઞા કેવળ અન્યાયયુક્ત છે આપ આપના પિ[illegible] રાજા વીરધવળને જાતે મળો તેમને તમારા અતરની વાત કહો [illegible] એ ભલા ભોળા રાજાને સમજાવવા તેમ છતા જો તે નહિ સમજે [illegible] આપની સલાહ માન્ય નહિ કરે તો આપણો માર્ગ ખુલ્લો થશે તે [illegible] આપને ખુદ પિતા ઉપર ચડાઈ લઈ જવાને માટે આપના પિતામ[illegible] મહારાજ **ભીમદેવ** દોષ આપશે નહિ અત્યારે આ સંસારમા [illegible] કોઇ હિતેચ્છુ અને અગત્યના માણસો હોય, તો હુ અને સરદાર જયત[illegible] દત્ત છે. અને અમે આપને દરેક પ્રસગે સલાહ આપવામા તથા સ[illegible] કરવામા જરા પણ પાછા પડશુ નહિ આપને—રાજા વીરધવળના [illegible] દરબાર યુવરાજને વેગળવાની તો શુ પણ પાટણની રાજ્યગાદી [illegible] બેસારવા એ મારી અતઃકરણની ઇચ્છા છે અને સરદાર જયત[illegible] તેના કરતા વિશેષ એ સબધમા ખટપટ કરી ગયા છે. આપના પિ[illegible] જેવા અવિચારી રાજા અને વસ્તુપાળ તથા તેજપાળ જેવા દભી મ[illegible] ઓના હાથે ન્યાય અને નીતિનુ ખુન થતુ જોઈ અમારુ હૃદય શાંત [illegible] રહેતુ નથી ભગવાન સોમનાથ અમને જય અપાવે. એજ [illegible] એક અમારી ઇચ્છા છે '

મંત્રીનુ લાંબુ અને લાગણીવાળું ભરપુર કથન સાંભળીને વી[illegible] [illegible] મા તલ્લીન થઈ ગયો તેનુ તાણ અને વિરોધ હૃદય ઉપર[illegible] [illegible] થયુ તેણે પોતાના હાથ મંત્રીના કરની આસ[illegible] [illegible] નહિ ' આપ[illegible] અત્યન્ત પ્રિય એવી હે મંત્રી ! તારો મ[illegible] [illegible] છે, તારી [illegible] અને [illegible] માગ [illegible] ખને માટે [illegible] છે [illegible] અંતઃકરણમાં માગ વાન્ને ચિન્તા [illegible] [illegible] છે, [illegible] નમસ્કાર [illegible] છુ, ને તે માટે તા[illegible] [illegible] માતા પિતાનો વડો પુત્ર છુ અને રાજ[illegible]

નરાધિરાજ યુવરાજ છુ ના પણ પિતાથી વિના કારણે તરછોડેલો છુ અને મંત્રીઓ તથા પ્રજાજનોથી વિના દોષે તિરસ્કારને પાત્ર બનેલો છુ મારી આવી સ્થિતિમા તુ અને સરદાર જયતસિહ મારા સાચા સલાહકાર અને હિતેચ્છુ છો, તથા તમે ઉભય મને દરેક પ્રકારે સહાય આપવાને આતુર છો એ મારી જાણ બહાર નથી હુ તને ખાતરી આપુ છુ કે જ્યારે ગોળકા કે પાટણની ભવ્ય રાજગાદીના પગથીયા ઉપર હુ પગ દઈશ ત્યારે તમારા અનેક ઉપકારોનો બદલો વ્યાજ સાથે અવશ્ય પાછો વાળી આપીશ તને-મ્હારી વ્હાલી મધુરીને રાજરાણી બનાવીશ તથા સરદાર જયતસિહને મહામંડલેશ્વરના પદથી વિભુષિત કરીશ ”

એટલુ બોલીને વીરમ ક્ષણવાર પર્યંત ચુપ રહ્યો તે પછી આવેશમા આવીને તેણે સહજ જૃમ્ભાપૂર્વક કહ્યુ “ મધુર મધુરી ! તારા મારા પર જે અગાધ પ્રેમ છે તે માટે મારે શુ કહેવુ અને શુ બોલવુ તથા મારા હૃદયમા જે લાગણીઓનુ પૂર ઉભરાઈ જાય છે, તેને શી રીતે બહાર દર્શાવવુ, તે હુ સમજી શકતો નથી તારા જેવી સુદરીના રૂપ તથા લાવણ્યનુ પણ શુ વર્ણન કરૂ ! કારણકે દુર્ભાગ્યે હુ કવિ કે ચિત્રકાર નથી જ્યારે હુ તને-સૌન્દર્યના સાગરને મારી ચક્ષુએ નિહાળુ છુ, ત્યારે મારી ચિતા, મારો શોક અને મારૂ દુઃખ કેવળ ભુલી જઉ છુ અને અહોનિશ તારા અનિન્દિત રૂપ-લાવણ્યનુ પાન કર્યાજ કરૂ, એવી ભાવના મારા હૃદયમા ઉત્પન્ન થાય છે સુદર નાજુક નારી ! તારા અપ્રતિમ રૂપ અને અલૌકિક લાવણ્ય આગળ અણહિલપુર પાટણની રાજગાદી પણ કાઇ વિસાતમા નથી મારા પિતા, રાજ્યના મંત્રીઓ અને પ્રજાજનો ભલે મારો ત્યાગ કરે, ભલે આખુ જગત મને તિરસ્કારે, પરતુ જ્યા સુધી મારા ઉપર મારી પ્રેમપાત્રી મધુરીનો પ્યાર છે, ત્યા સુધી હુ તેમની રજમાત્ર પણ દરકાર કરવાનો નથી મારે નથી જોઈતુ યુવરાજપદ કે નથી જોઈતો રાજમુકુટ. મારે જોઇએ છીએ માત્ર તારા જેવી સર્વાંગ સુદરીનો સાચો સ્નેહ અને સુખકર સહવાસ ! ”

મધુરીએ જાણ્યુ કે, વીરમને પોતાના રૂપની અતિ તીવ્ર મદિરાનો કેફ નીસો ચઢ્યો છે અને તેથી તે અતરમા ઘણીજ ખુશી થઇ તેણે તેના મદભર નયનો નચાવીને કહ્યુ “ મારા ઉપર આપની અત્યંત કૃપા છે, રાજકુમાર ! અને તે માટે હુ મને પરમ ભાગ્યશાલિની માનુ છુ પણ પ્રાણવલ્લભ ! એક વાર કહો કે મને જેમ તારૂ સર્વસ્વ મધુર લાગે છે, તેમ તારી વાત પણ મધુર લાગે છે એટલે-મારા દિલને સતોષ થશે. ”

વીરમે હસીને તુરતજ કહ્યુ “ અરે તારી વાત મને એક વાર નહિ પણ સો વાર મધુર લાગે છે. હવે તારા દિલને સતોષ થયો ? ”

તરમિષ્કારી યુવરાજ છુ તો પણ પિતાથી વિના કારણે તરછોડેલો છુ ને મત્રીઓ તથા પ્રજાજનોથી વિના દોષે તિરસ્કારને પાત્ર બનેલો છુ રી આવી સ્થિતિમા તુ અને સરદાર જયતસિહ મારા સાચા મદદગાર ને હિતેચ્છુ છો તથા તમે ઉભય મને દરેક પ્રકારે મદદ આપવાને તુર છો. એ મારી જાણ બહાર નથી હુ તને ખાતરી આપુ છુ કે યારે ધોળકા કે પાટણની ભવ્ય રાજગાદીના પગથીયા ઉપર હુ પગ મેર ત્યારે તમારા અનેક ઉપકારોનો બદલો વ્યાજ સાથે અવશ્ય ફેરી વાળી આપીશ તને—મારી વ્હાલી મધુરીને રાજરાણી બનાવીશ ...ા સરદાર જયતસિહને મહામડલેશ્વરના પદથી વિભુષિત કરીશ ”

એટલુ બોલીને વીરમ ક્ષણવાર પર્યત ચુપ રહ્યો તે પછી આવે-ગમા આવીને તેણે સહજ સ્મરણાપૂર્વક કહ્યુ “ મધુર મધુરી ! તારો મારા ઉપર જે અગાધ પ્રેમ છે તે માટે મારે શુ કહેવુ અને શુ બોલવુ તથા મારા હૃદયમા જે લાગણીઓનુ પૂર ઉભરાઈ જાય છે, તેને શી રીતે બહાર દર્શાવવુ, તે હુ સમજી શકતો નથી તારા જેવી સુદરીના રૂપ તથા લાવણ્યનુ પણ શુ વર્ણન કરુ ! કારણકે દુર્ભાગ્યે હુ કવિ કે ચિત્રકાર નથી જ્યારે હુ તને–સૌદર્યના સાગરને મારી ચક્ષુએ નિહાળુ છુ, ત્યારે મારી ચિતા, મારો ગોદ અને મારૂ દુ:ખ કેવળ ભૂલી જઉ છુ અને અહોનિશ તારા અનિન્દિત રૂપ–લાવણ્યનુ પાન કર્યાજ કરૂ, એવી ભાવના મારા હૃદયમા ઉત્પન્ન થાય છે સુદર નાજુક નારી ! તારા અ-પ્રતિમ રૂપ અને અલૌકિક લાવણ્ય આગળ અણહિલપુર પાટણની રાજ-ગાદી પણ કાઇ વિસાતમા નથી મારા પિતા, રાજ્યના મત્રીઓ અને પ્રજાજનો ભલે મારો ત્યાગ કરે, ભલે આખુ જગત મને તિરસ્કારે, પરતુ જ્યા સુધી મારા ઉપર મારી પ્રેમપાત્રી મધુરીનો પ્યાર છે, ત્યા સુધી હુ તેમની રજમાત્ર પણ દરકાર કરવાનો નથી મારે નથી જોઈતુ યુવ-રાજપદ કે નથી જોઈતો રાજમુકુટ. મારે જોઇએ છીએ માત્ર તારા જેવી સર્વાગ સુદરીનો સાચો સ્નેહ અને સુખકર સહવાસ ! ”

મધુરીએ જાણ્યુ કે, વીરમને પોતાના રૂપની અતિ તીવ્ર મદિરાનો બેહદ નીસા ચઢ્યો છે અને તેથી તે અતરમા ઘણીજ ખુશી થઇ તેણે તેના મદભર નયનો નચાવીને કહ્યુ. “ મારા ઉપર આપની અત્યત કૃપા છે, રાજકુમાર ! અને તે માટે હુ મને પરમ ભાગ્યશાલિની માનુ છુ પણ પ્રાણવલ્લભ ! એક વાર કહો કે મને જેમ તારૂ સર્વસ્વ મધુર લાગે છે, તેમ તારી વાત પણ મધુર લાગે છે એટલે–મારા દિલને સતોષ થશે. ”

વીરમે હસીને તુરતજ કહ્યુ “ અરે તારી વાત મને એક વાર નહિ પણ સો વાર મધુર લાગે છે હવે તારા દિલને સતોષ થયો ? ”

' વ્હાલી **મધુરી** ' તારા સહવાસમાં પડ્યા પછી મને સુખ દુઃખ શોક અને નિદ્રા કશાનું ભાન રહેતું નથી જાણે તારા સન્મુખ બેસી તારા અસીમ સૌન્દર્યને એક દૃષ્ટિએ જોયા કરું અને મુખચંદ્રમાંથી ઝરતા અમૃતનું પાન કર્યા કરું જગતમાં સર્વથી શ્રેષ્ઠ જો કોઈ વસ્તુ હોય, તો તે લલિત લલનાજ છે અને તેને પામ્યા પછી પુરૂષ સર્વ પ્રકારના દુઃખ અને ચિંતાને ભૂલી જાય છે અહા ! નાજુક નારી કે જેના એક-એક અવયવમાં મૃદુતા કોમળતા અને સુંદરતા ભરેલી છે, તેનું યોગ્ય ચિત્ર દોરવાને કે તેનું સ્પષ્ટ વર્ણન કરવાને મારામાં શક્તિ નથી ' **વીરમે** જુસ્સાથી કહ્યું અને કોઈ ગાંડા માણસની જેમ તે **મધુરીના** સર્વાંગ તરફ આંખો ફાડીને જોઈ રહ્યો

વીરમ આ દશામાં કેટલોય વખત બેસી રહેત પરંતુ **મધુરીએ** તેને બેઠો હતો ત્યાંથી ઉઠાડ્યો અને એ ખંડમાં બિછાવેલા પલંગ ઉપર અતિ આગ્રહથી સુવરાવ્યો **મધુરી** પલંગ ઉપર બેસી તેના મસ્તક ઉપર પોતાનો કોમળ કર ફેરવવા લાગી **વીરમ** તત્કાળ ઘસઘસાટ ઉંઘી ગયો **મધુરી** તુરતજ પલંગ ઉપરથી ઉઠી અને ખંડની બહાર જવાને દ્વાર તરફ વળી પણ બહાર જતા પહેલાં તે પલંગ પાસે જરાવાર ઉભી રહી અને નિદ્રાધિન **વીરમના** મુખ તરફ એક ધ્યાને જોઈ રહી શું **મધુરી** પણ **વીરમની** જેમ મોહમાં ગાંડી થઈ ગઈ હતી ? આ પ્રશ્નનો સ્પષ્ટ ઉત્તર આપવાને લેખક અસમર્થ છે **મધુરી** જેવી ચપળ સ્વભાવની અને માત્ર સ્વાર્થપૂરતો સ્નેહ રાખનારી સ્ત્રી **વીરમ** ઉપર મોહિત થાય, એ અશક્ય છે **મધુરી** ખંડના દ્વાર તરફ ચાલી એ ક્ષણે એના મુખ ઉપર ગર્વયુક્ત હાસ્ય રમતું હતું મૂર્ખના શિરોમણિ **વીરમને** પોતાના રૂપની પાછળ પાગલ બનાવવાને માટે તે ગર્વથી હસતી હતી હાય, રૂપલુબ્ધ તરુણ ! મૂર્ખ **વીરમ** ! આ સુંદર દેખાતી સ્ત્રીના હાથે તારી શી દશા થશે ? ખરેખર સ્ત્રીના સૌંદર્યે ઇતિહાસના ક્રમને જેટલો ફેરવી નાખ્યો છે, તેટલો બીજા કોઈએ ભાગ્યેજ ફેરવ્યો હશે !

મધુરી દ્વાર પાસે પહોંચી કે તેજ ક્ષણે કોઈએ દ્વાર ઉપર ત્રણ-ચાર ટકોરા માર્યા તેણે તુરતજ દ્વારને ખોલ્યું સામે કષાય વસ્ત્રધારી એક સંન્યાસી ઉભો હતો **મધુરીએ** તેને ચૂપ રહેવાની અને પોતાની પાછળ ચાલ્યા આવવાની સંજ્ઞા કરી



" આશા મોટી અને ભીક્ષા નાની ! તમે દીવાના તો નથી થયાને ? " મધુરીએ તેવીજ ગંભીરતાથી પૂછ્યું

" ભીક્ષા નાની કેમ ! શું આ સંન્યાસી પ્રસંગોપાત્ આ પ્રમાણે ભીક્ષા લેવાને માટે અહીં આવતો નથી ? " સંન્યાસીએ ઉત્તર આપતાં કહ્યું

" અરે સંન્યાસી મહારાજ ! તમને આ શું થયું છે ? તમે શું બોલો છો એનું તમને જરાએ ભાન છે કે નહિ ? " મધુરીએ દેખીતા ગુસ્સાથી પ્રશ્ન કર્યો

" જ્યારે હું અહીં આવું છું અને તને સામે સન્મુખ જોઉં છું, ત્યારે હું શું બોલું છું અને શું બોલતો નથી, એનું ભાન મને રહેતું નથી " એ પ્રમાણે જવાબ આપીને એ સંન્યાસી આસન ઉપરથી ઉભો થયો તેણે પહેરેલું કષાય વસ્ત્ર ઉતારીને ફેંકી દીધું અને ત્વરાથી પૂછ્યું " હવે આ મશ્કરીનો ક્યારે અંત આવશે ? "

મધુરી ખડખડ હસી પડી તેણે હસતાં હસતાં કહ્યું " અરે ! શું તમે સરદાર જયંતસિંહજી છો ? ક્ષમા કરજો ! અત્યાર સુધી હું તો એમજ માનતી હતી કે તમે ખરેખર સંસારત્યાગી સંન્યાસીજ છો "

" હવે એ તારી મશ્કરીને અને તારી ચતુરાઈને જવા દે અને જે નવા સમાચાર સીધી રીતે આપવાના હોય તે બનતી ઉતાવળે આપી કારણ કે મારે તુરતજ પાછા જવું છે " એ સંન્યાસી કે જે સરદાર જયંતસિંહજ હતો, તેણે ઉતાવળથી કહ્યું.

મધુરીએ સ્થિર ભાવથી કહ્યું " રાજકુમાર વીરમ અત્યારે પેલા ખંડમાં સુખેથી નિદ્રા લે છે અને પ્રભાતમાં નિશ્ચિત કરેલા સ્થળે તમને મળવાને માટે જનાર છે તે તમારી સલાહ અને સૂચના પ્રમાણે અવશ્ય વર્તશે, એમાં જરાએ શંક નથી, કારણ કે તે બિચારો મારા રૂપ ઉપર કેવળ દિવાનો થઇ ગયો છે તેના દિવાનાપણાની શી વાત કહું ! તે કહે છે કે મધુરી ! તારા અમૂલ્ય સૌંદર્યની આગળ અણહિલપુરનો રાજમુગટ પણ કાંઈ વિસાતમાં નથી કહો, આ તેની કેવી અને કેટલી મોહમુગ્ધતા ? પણ આજ તે અહીં આવ્યા ત્યારે સંપૂર્ણ ક્રોધમાં હતા મને લાગે છે કે તેને તેની રાણી અમરદેવીની સાથે કલેશ થયો હોવો જોઇએ "

" એનું શું કારણ ? શું તારા ગુપ્ત પ્રેમ-સંબંધના અગર તો આપણા કાર્યક્રમના ખબર તેની રાણીને પડી ગયા હશે ? " જયંતસિંહે શંકા કરી

" મારા હૃદયમાં પણ એજ શંકા ઉદ્ભવી છે અને મને જણાય

“ અત્યારે ગાઢી રાતે ભીક્ષા શાની ? તમે દીવાના તો નથી થયા ને ? ” મધુરીએ તરતજ ગભીરતાથી પૂછ્યુ

ભીક્ષા શાની કેમ ! શુ આ સન્યાસી પ્રસગોપાત્ આ પ્રમાણે ભીક્ષા લેવાને માટે આવી શકતો નથી ? ” સન્યાસીએ ઉત્તર આપતા કહ્યુ

‘ અરે સન્યાસી મહારાજ ! તમને આ શુ થયુ છે ? તમે શુ બોલો છો, એનુ તમને જરાએ ભાન છે કે નહિ ? ” મધુરીએ દેખીતા ગુસ્સાથી પ્રશ્ન કર્યો

‘ જ્યારે હુ આહીં આવુ છુ અને તને મારી સન્મુખ જોઉ છુ, ત્યારે હુ શુ બોલુ છુ અને શુ બોલતો નથી, એનુ ભાન મને રહેતુ નથી ” એ પ્રમાણે જવાબ આપીને એ સન્યાસી આસન ઉપરથી ઉભો થયો તેણે પહેરેલુ કષાય વસ્ત્ર ઉતારીને ફેકી દીધુ અને ત્વરાથી પૂછ્યુ. “ હવે આ મશ્કરીનો ક્યારે અત આવશે ? ”

મધુરી ખડખડ હસી પડી તેણે હસતા હસતા કહ્યુ “ અરે ! શુ તમે સરદાર જયતસિહજી છો ? ક્ષમા કરજો ! અત્યાર સુધી હુ તો એમજ માનતી હતી કે તમે ખરેખરા સસારત્યાગી સન્યાસીજ છો ”

“ હવે એ તારી મશ્કરીને અને તારી ચતુરાઇને જવા દે અને જે નવા સમાચાર સીધી રીતે આપવાના હોય તે બનતી ઉતાવળે આપી કારણ કે મારે તુરતજ પાછા જવુ છે. ” એ સન્યાસી કે જે સરદાર જયતસિહજ હતો, તેણે ઉતાવળથી કહ્યુ.

મધુરીએ સ્થિર ભાવથી કહ્યુ રાજકુમાર વીરમ અત્યારે પેલા ખડમા સુખેથી નિદ્રા લે છે અને પ્રભાતમા નિશ્ચિત કરેલા સ્થળે તમને મળવાને માટે જનાર છે તે તમારી સલાહ અને સૂચના પ્રમાણે અવશ્ય વર્તશે, એમા જરાએ શક નથી, કારણ કે તે બિચારો મારા રૂપ ઉપર કેવળ દિવાનો થઇ ગયો છે તેના દિવાનાપણાની શી વાત કહુ ? તે કહે છે કે મધુરી ! તારા અમૂલ્ય સૌદર્યની આગળ અણહિલપુરનો રાજમુગટ પણ કાઇ વિસાતમા નથી કહો, આ તેની કેવી અને કેટલી મોહમુગ્ધતા ? પણ આજ તે આહીં આવ્યા ત્યારે સપૂર્ણ ક્રોધમા હતા મને લાગે છે કે તેને તેની રાણી અમરદેવીની સાથે કલેશ થયો હોવો જોઇએ ”

“ એનુ શુ કારણ ? શુ તારા ગુપ્ત પ્રેમ-સબધના અગર તો આપણા કાર્યક્રમના ખબર તેની રાણીને પડી ગયા હશે ? ” જયતસિહે શકા કરી

“ મારા હૃદયમા પણ એજ શકા ઉદ્ભવી છે અને મને જણા

છે કે એ શંકા ખરી હોવી જોઈએ કારણ કે અમરદેવી સામાન્ય સ્ત્રી નથી ' મધુરીએ પોતાના મનની શંકા કહી બતાવતા જવાબ આપ્યો.

' અમરદેવી ગમે તેવી અસામાન્ય સ્ત્રી હોય, તો પણ આખરે એક અબળા સ્ત્રીજ છે ને આપણને શી હરકત કરી શકશે ' " જયતસિંહે અમરદેવીનો વિશેષ પરિચય મેળવવાના ઉદ્દેશથી પ્રશ્ન [illegible]

' સ્ત્રીઓની કિંમત તમે મૂળથીજ ઓછી આંકનારા છો એટલે તમને એમ લાગતું હશે. મધુરીએ ઉત્તર આપતાં કહ્યું પણ અમરદેવી આપણી મંડળીમાં એક મોટા વિઘ્ન સમાન છે, એ તમારે ખાસ કરીને ધ્યાનમાં રાખવાનું છે. તે ધારે તો આપણા કાર્યક્રમને ઉંધો વાળી દે એટલી તેનામાં શક્તિ છે '

શું એક સ્ત્રી મારા કાર્યક્રમને ઉંધો વાળશે ! " જયતસિંહે જુસ્સાથી કહ્યું. " કેવી મૂર્ખતાની વાત કરે છે, મધુરી ! '

" મહારાજ જયતસિંહ ! સ્ત્રીના સામર્થ્યને તમે જાણતા નથી તેથીજ મારી વાતને હસી કાઢો છો, પરંતુ મારે તમને સ્પષ્ટ શબ્દોમાં કહેવું જોઈએ કે એમ કરવામાં તમારી ગંભીર ભૂલ થાય છે તમે જાણો છો તેમ વીરમ જેવા મહાન ક્રોધી, અભિમાની અને ઉગ્ર સ્વભાવના રાજકુમારને મે કેવો પાગલ બનાવી દીધો છે ! સંસારમાં સ્ત્રીઓએ જનાનામાં પડદા પાછળ રહેવા છતાં તથા મુખને ઘુંઘટમાં છુપાવી રાખ્યા છતાં જે મહાન કાર્યો કર્યા છે જે મોટા મોટા રાજ્યોને એકસૂત્રે બાંધ્યાં છે અને જે ભયંકર યુદ્ધો કરાવ્યાં છે, તે ઇતિહાસપ્રસિદ્ધ ઘટનાઓને તમે કેમ ભૂલી જાઓ છો. [illegible] નથી સ્ત્રી એ સમાજ અને સંસારના બંધનોથી તથા શાસ્ત્રોની આજ્ઞાથી દબાવી રાખેલો અગ્નિ છે એ અગ્નિને-સ્ત્રીશક્તિને હસી કાઢવામાં કંઈ સાર નથી '

' બસ કર, મધુરી ' સ્ત્રીઓના વખાણને હવે બંધ કર ' જયતસિંહે [illegible] ઉંચે હાથ કરતા [illegible] કહ્યું. પુરુષના [illegible] સ્ત્રીની અને કરની, સ્ત્રીમાં શક્તિ કે સામર્થ્ય [illegible] માનતો નથી. બિચારી સ્ત્રી અબળા [illegible] પુરુષના [illegible] ઉપરજ નિર્ભર છે એવી [illegible]

[illegible] કહ્યું ' [illegible]

સ્ત્રીઓને પરતંત્ર દશામાં ગણી મૂકનાર કોણ છે ? પુરૂષોજ, કારણ કે તેઓ સ્ત્રીનાં સામર્થ્યથી સદા ડરતા ફરે છે અને તેથીજ તેમણે શાસ્ત્રોની આજ્ઞાઓ અને સમાજનાં બધારણો રચી સ્ત્રી કદિ પણ સ્વતંત્ર થવાને લાયક નથી, એવો એકપક્ષીય સિદ્ધાંત જાહેર કરી દીધો છે. સ્ત્રીઓ બિચારી પ્રેમી છે અને પુરૂષના પ્રેમની ખાતર તેમણે એ સિદ્ધાંતને સ્વીકારી લીધો છે, પરંતુ શાસ્ત્રની આજ્ઞા અને સમાજના બધારણને દૂર કરી સ્ત્રીઓને સ્વતંત્રતા આપો અને પછી જુઓ કે એ અબળાઓ કેવી પ્રબળાઓ બને છે અને પુરૂષોને મહાત કરી પોતાનું ત્રિયારાજ કેવી સરલતાથી સ્થાપે છે ? સ્ત્રીના મદભર નયનના એક કટાક્ષ આગળ પુરૂષ બે હાથ જોડી પોતાનું ઉન્નત મસ્તક પણ નમાવે છે, સમજ્યા સરદાર !"

"તારી આપ-બડાઇ જવા દે, મધુરી !" જયંતસિંહે પણ જુસ્સાપૂર્વક કહ્યું "સ્ત્રીજાતિના તું ગમે તેટલા વખાણ કરે, પરંતુ આખરે સ્ત્રી અબળાજ છે અને સહજ વારમાં વિકારને વશ બની મહાન્ અનર્થ કરી બેસે છે શાસ્ત્રોના રચનાર મોટા વિદ્વાન અને માનવ-પ્રકૃતિના અભ્યાસીઓએ સ્ત્રીની બુદ્ધિ પગની પાનીએ ઠરાવેલી છે, એ કાંઈ કલ્પનામાત્ર નથી. કિન્તુ કેવળ સત્ય વાર્તા છે"

મધુરી જયંતસિંહની દલીલની વિરૂદ્ધમાં અત્યંત જુસ્સાપૂર્વક અને પ્રબળ આવેગથી બોલવા જતી હતી, પરંતુ જયંતસિંહે તેને બોલતાં અટકાવીને કહ્યું "મધુરી ! અત્યારે આપણે સ્ત્રી કે પુરૂષના સામર્થ્ય અને શક્તિની ચર્ચા કરવાને બેઠા નથી, તેમ એવી નિરર્થક ચર્ચા કરવાનો આપણને વખત પણ નથી રાત્રિનો ત્રીજો પ્રહર ચાલતો હોય તેમ જણાય છે અને તેથી મારે ત્વરાથી નિશ્ચિત સ્થળે વીરમ આવ્યા પહેલાં પહોંચી જવું જોઇએ પણ જતાં પહેલાં હું એટલું જાણવા માગું છું કે વીરમ એ સ્થળે આવશે, એ નક્કી છે ને ?"

"હા, એ કેવળ નક્કી છે" મધુરીએ ઉત્તર આપ્યો "તમારે હવે જવું જોઇએ"

"હું તો નવા સમાચાર મેળવીને જવા તૈયારજ હતો, પરંતુ સ્ત્રીના સામર્થ્યના વખાણ કરી તેંજ મને અત્યારસુધી રોકી રાખ્યો છે" જયંતસિંહ આસન ઉપરથી ઉભો થયો અને જવાની રજા માગતાં કહ્યું "ત્યારે હું હવે જઉં છું ?"

"ભલે પધારો" મધુરીએ પણ આસન ઉપરથી ઉઠીને કહ્યું. અને તે વખતે એ બન્નેના મુખ ઉપર મંદ સ્મિતની

પ્રસરી ગઈ. જયતસિંહે તુરતજ કષાય વસ્ત્રને પહેરી લીધું અને તે તેજ ક્ષણે ત્વરાથી ખડની બહાર નીકળી ગયો.

ત્યારપછી મધુરી એ ખંડના દ્વારને બહારથી બંધ કરી જે ખંડમાં વીરમ ઉંઘતો હતો, તે ખંડમાં ગઈ. તેણે તુરતજ ગાઢનિદ્રામાં વીરમને જાગૃત કર્યો અને કહ્યું "યુવરાજ! પ્રાતઃકાળ થવાને હવે બહુ વાર નથી. આપને જવાનો સમય થઈ ગયો છે."

વીરમ આળસ મરડીને પલંગ ઉપરથી ઉભો થયો.

"અને આપનો ઘોડો તૈયાર છે." મધુરીએ કહ્યું.

"ઠીક ત્યારે હું જઉં છું અને જેમ બને તેમ જલ્દીથી પાછો આવીશ." વીરમે કહ્યું.

"પધારો અને વિજયને વરો." મધુરી એમ કહીને વીરમની અત્યંત નજીક આવી. વીરમ એ રૂપના રાશિને એકવાર ધ્યાનપૂર્વક નીરખીને ચાલ્યો ગયો.

આખી રાતના ઉજાગરાથી મધુરીને હવે ઉંઘ આવતી હતી. નિદ્રા લેવાને માટે તે પલંગમાં પડી અને થોડીજ ક્ષણમાં નિદ્રાને સ્વાધીન થઈ ગઈ.

રાત્રિનો ચતુર્થ એટલે છેલ્લો પ્રહર ચાલતો હતો. પ્રાતઃકાળ થવાને હવે બહુ વાર ન હતી. ઠંડો પવન અત્યંત જોરથી ફુંકાતો હતો અને તેને લીધે વનના વૃક્ષોની ડાળીઓ અને તેના પત્રોના ઘર્ષણનો ધ્વનિ વારંવાર સંભળાતો હતો. બરાબર આ સમયે વીરમ ઘોડેસ્વાર [illegible]ની જંગલની વચમાં થઈને ચાલ્યો જતો હતો. થોડી વારમાં પૂર્વ દિશામાં સૂર્યનો ઉદય થયો અને અંધકાર નષ્ટ ચાલ્યો ગયો. વીરમ કંઈ પણ વિચાર કે કલ્પના કર્યા વિના ઘોડાને એક ધ્યાને આગળને [illegible] ચલાવ્યે જતો હતો. પરંતુ કેટલોક માર્ગ કાપ્યા પછી તેણે સામેથી એક ઘોડેસ્વારને આવતો જોયો અને તે ત્યાંજ ઘોડાને ઉભો [illegible] સામેથી આવતો ઘોડેસ્વાર ક્ષણ [illegible] વીરમની સન્મુખ આવી પહોંચ્યો. વીરમે તેને ઓળખ્યો [illegible]

[illegible] ઉભા [illegible] અને વીરમને [illegible] આવી પહોંચ્યા છો, [illegible]

[illegible] છો અને મારા [illegible] માટે [illegible]

પરિશ્રમ કરો છો, એવી મને સંપૂર્ણ ખાતરી થયેલી છે અને તેથી તમે બોલાવ્યા છતાં જો હું ન આવું, તો મારા જેવો બીજો નગુણો કોઈ હોઈ શકે નહિ." વીરમે તુરતજ કહ્યું

જયતસિંહના ગંભીર મુખ ઉપર હાસ્યની છટા વિલસી રહી તેણે વીરમના મુખનું અવલોકન કરીને કહ્યું " રાજકુમાર ! તમે અમારામાં વિશ્વાસ મૂક્યો છે એટલે પછી તમારૂં હિત વિચારવું અને તે પ્રમાણે વર્ત્તન કરવું, એ અમારો ધર્મ છે ખરેખર ! તમને જે અન્યાય થયો છે અને હજી થાય છે, તેને માટે મને બહુ લાગી આવે છે પરંતુ શું કરૂં કે મારા પાસા સવળા પડતા નથી નહિ તો તમને અણહિલપુરની ગાદી ઉપર બેસારી દેવામાં એક ક્ષણની પણ ઢીલ કરૂં નહિ "

" જયતસિંહજી ! " વીરમે ભોળપણથી કહ્યું " મારા પ્રત્યેની તમારી શુભ લાગણીને માટે હું તમારો આભારી છું અને તમારા જેવો સાચો સલાહકાર અને ખરો સહાયક મેળવી આપવાને માટે પ્રભુનો અત્યંત ઉપકાર માનું છું પરંતુ કહો, તમે મને અત્યારે આ વનમાં શા માટે બોલાવ્યો છે ? "

" આપણને વિના વિલંબે પાટણ જવાની જરૂર છે " જયતસિંહે ઉત્તર આપતાં કહ્યું " અને તે કારણથીજ મે તમને અત્રે બોલાવ્યા છે "

વીરમ પાટણ જવાની વાત સાંભળી દિલગીર થયો તે ધોળકા કે પાટણમાં રહેવા કરતાં વીરમગામમાં રહેવાનું વધારે ઇચ્છતો હતો, કારણકે વીરમગામમાં તે કેવળ સ્વતંત્ર હતો, પાટણમાં તેના દાદા લવણપ્રસાદનો અને ધોળકામાં તેના પિતા વીરધવળનો તેને ભય હતો, પરંતુ વીરમગામમાં તે તદ્દન નિર્ભય હતો વળી વીરમગામનો અધિકાર તેના હાથમાં હતો અને તેથી તે ત્યાં જે મોજમજા માણી શકતો હતો અને રાજકીય ખટપટ કરી રહ્યો હતો, તે પાટણ કે ધોળકામાં રહીને કશું કરી શકે તેમ ન હતું આ કારણથી તે અણહિલપુર પાટણ જવાને રાજી ન હતો

તેણે જરા મુખ મરડીને પૂછ્યું " પાટણ જવાની એટલી બધી શી ઉતાવળ છે ? "

જયતસિંહ તેના મુખ ઉપરથી તેના મનનો ભાવ કળી ગયો તેણે ગંભીરતાથી જવાબ આપતાં કહ્યું " રાજકુમાર ! તમારી મુખચર્યા ઉપરથી મને જણાય છે કે તમે પાટણ જવાને ખુશી નથી અને તેના

કારણની હુ કલ્પના કરી શકુ છુ. પરતુ ધોળકામાં તમારા વિરૂદ્ધ જે ખટપટ ચાલી રહી છે અને તમારા પિતા તથા મત્રીઓએ તમારા તથા રાજકુમાર વિસળદેવના સંબંધમા જે વલણ પકડ્યું છે, તેનો વિચાર કરતાં પાટણમાં તમારે તમારા દાદા લવણપ્રસાદની પાસે જવાની અને મહારાજાને મળવાની ખાસ જરૂર છે અને તમારા ઉત્તરાધિકાર તથા યુવરાજપદના રક્ષણને માટે તનતોડ મહેનત કરવાની છે."

રમણીરત્ન અને રાજમુગટ એ બેમાંથી વીરમ રમણીરત્નને વધારે ગાહતો હતો. પાટણમા જવાથી મધુરી જેવી સુદરીના સહવાસમાંથી છુટા થવું પડશે, એ વિચારથી વીરમ પાટણ જવાને નાખુશ હતો. પરંતુ જયતસિહનાં કથન અનુસાર તેને પોતાનાં ઉત્તરાધિકાર અને યુવરાજપદનુ રક્ષણ કરવાની વાતને જતી કરવાનું પાલવે તેમ ન હતુ.

તેણે પોતાની ઇચ્છાને મહા મહેનતે દબાવીને પૂછ્યુ. "આપણે પાટણ તરફ ક્યારે જવાનુ છે ?"

"ક્યારે કેમ ? અત્યારેજ." જયતસિહે તુરતજ ઉત્તર આપ્યો.

"અત્યારેજ ?" વીરમે આશ્ચર્યનો ભાવ દર્શાવીને પ્રશ્ન કર્યો

"હા" જયતસિહે દ્દઢતાથી ઉત્તર આપતા પૂછ્યુ. "અત્યારે પાટણ તરફ પ્રયાણ કરવામા તમને કાંઇ અડચણ છે ?"

"અડચણ તો કાંઇએ નથી" વીરમે રૂક્ષભાવથી જવાબ આપ્યા.

"ત્યારે ચાલો" એમ કહીને સરદાર જયતસિહે પોતાના ઘોડાને આગળ કર્યો. વીરમે પણ તેનુ અનુકરણ કર્યુ.

આ વખતે સૂર્યનો સપૂર્ણ ઉદય થઇ ગયો હતો અને તેના સોનેરી પ્રકાશમા સમસ્ત વનપ્રદેશ, ખુલ્લી જમીનમા ઉગેલુ ઘાસ અને વૃક્ષોના પત્રો દીપી રહ્યાં હતાં. સરદાર જયતસિહ અને રાજકુમાર વીરમ બન્ને પોતાના ઘોડાને પૂર ઝડપથી દોડાવે જતા હતા

વીરમે પાછળથી સવાલ કર્યો "આપણે પાટણ ક્યારે પહોંચશુ ?"

"પાટણ ક્યારે પહોંચશુ, એ સવાલને મનમાંથી કાઢી નાંખો પણ આપણે જલ્દીથી પાટણ પહોંચવુ છે, એ ખ્યાલને મનમા રાખો." જયતસિહે ઉત્તર આપ્યો અને તેણે પોતાના ઘોડાને એડી મારી વીરમે પણ તેનુ અનુકરણ કર્યુ.



પ્રકરણ ૧૧ મું.

શત્રુંજયની યાત્રા.

પતિત-પાવની શેત્રુંજી નદીના તટ-પ્રદેશ ઉપર ધોળકાના મંત્રી વસ્તુપાળ અને તેજપાળ વિશાળ છાવણી નાખીને પડયા હતા. આ છાવણી યુધ્ધે જનાર સૈન્યનું શિબિર ન હતું, કિન્તુ શત્રુંજય તીર્થની યાત્રાએ નીકળેલા ચતુર્વિધ સંઘનો પડાવ હતો. આ છાવણીની એક બાજુ અતિ ઉન્નત એવા સિદ્ધાચળ ગિરિરાજના ધવલ શિખરો, તે ઉપરના ભવ્ય દેવાલયો અને તે ઉપર ફરકતા ધ્વજો આકાશ સાથે વાતાલાપ કરી રહ્યા હતા, બીજી બાજુ શેત્રુંજી નદીનો વિશાળ જળપ્રવાહ ખળખળ ધ્વની કરતો સ્વચ્છંદતાથી વહ્યો જતો હતો, ત્રીજી બાજુ એ ગિરિરાજની લાંબી અને વિસ્તૃત પર્વતમાળા ચાલી ગઇ હતી અને ચોથી બાજુ વૃક્ષોની ઘટાથી છવાયેલો લીલોછમ વનપ્રદેશ નેત્રને પણ મુગ્ધ કરતો હતો. આવા નૈસર્ગિક રમણીય સ્થળમાં તીર્થયાત્રાએ નીકળેલા શ્રી સંઘનો મુકામ આવેલો હતો. વાઘેલા રાજાના રાજનગર ધોળકાથી નીકળેલા આ સંઘમાં શ્રી વિજયસેન-સૂરિ વગેરે આચાર્યો, સંઘપતિ વસ્તુપાળ તથા તેજપાળ ઉપરાંત ધોળકાનો નગરશેઠ યશોરાજ અને ભરૂકચ્છનો શેઠ રાજચંદ્ર, વસ્તુ-પાળની બન્ને સ્ત્રીઓ લલિતા અને સૌખ્યલતા, તેજપાળની સ્ત્રી અનુપમા, જયદેવની પત્ની પદ્મા અને રાજચંદ્ર શેઠની પુત્રી યશો-મતી, વસ્તુપાળનો પુત્ર જૈત્રસિંહ અને તેજપાળનો પુત્ર લુણસિંહ, સોમેશ્વર તથા હરિહર વગેરે કવિઓ અને બીજા અસંખ્ય યાત્રાળુ જનો હતા અને ગાડી, ઘોડા, બળદ, હાથી, રથ, પાલખી ઇત્યાદિ સાધનોની તો કોઇ સીમા નહતી, તેમજ સમસ્ત સંઘના રક્ષણને માટે સોમસિંહ નામના સેનાપતિ નીચે ચાર હજાર ઘોડેસ્વારોનું સૈન્ય પણ સાથે હતું. સકળ સંઘના મુકામની વ્યવસ્થા થઇ ગયા પછી મહામંત્રીએ સંઘ સાથે શત્રુંજય ઉપર આરોહણ કર્યું અને માર્ગમાં જે જે મંદિરો આવતા ગયા તેમાં દર્શન વગેરે વિધિ કરતા કરતા છેવટ શ્રી આદિશ્વર ભગવાનના મુખ્ય દેવાલયમાં તે આવી પહોંચ્યા. મુખ્ય દેવમંદિરમાં આવ્યા પછી તેણે ભગવાનની વિધિસહિત પૂજા કરી અને તેજપાળ વગેરેએ પણ તેનું અનુકરણ કર્યું. પૂજાવિધિ સમાપ્ત થઇ રહ્યા પછી ઇન્દ્રોત્સવ કરવા અને ઇન્દ્ર-

એ પ્રતિભાશાળી આચાર્યની વાણી મીઠી અને શાંત હતી તેમના શબ્દોમાં જુસ્સો ન હતો, પણ દૃઢ નિશ્ચય હતો અને તેને સાંભળીને ધર્મ, સમાજ અને તીર્થનાં રક્ષણને માટે સમસ્ત માણસોનાં હૃદયો ઉત્સાહથી ધડકવા લાગ્યા

ક્ષણવાર થોભી આચાર્યે પુનઃ કહેવા માંડ્યું "મહાનુભાવો! આ તીર્થની ભૂમિ ઉપર ઉભા ઉભા મારે તમને જે બે શબ્દ કહેવા હતા, તે કહી દીધા છે, માટે હવે અત્યારના કાર્યક્રમની શરૂઆત કરો."

આ વખતે એક બાળા સમસ્ત જન-મંડલમાંથી બહાર નીકળી અને આચાર્ય સન્મુખ આવી વંદન કરી ઉભી રહી તેણે વિનય અને નમ્રતાથી કહ્યું "ગુરુવર્ય! આપના અમૂલ્ય ઉપદેશે મારા હૃદયમાં ઘણી અસર કરી છે. ત્યારથી હું વિવેકબુદ્ધિનો ઉપયોગ કરતાં શીખી છું, ત્યારથી મારા અંતઃકરણમાં આપણા દેશ, સમાજ અને ધર્મની સેવા કરવાની વૃત્તિ ઉદ્ભવેલી છે અને તેને આજે આપના ઉપદેશથી અત્યંત ટેકો મળ્યો છે. જગદ્ગુરુ શ્રી આદિનાથના ચરણકમળથી અનેકવાર પાવન થઇ ગયેલી આ ભૂમિ ઉપર ઉભી રહી તથા ચરમ તીર્થંકર શ્રી મહાવીરના પ્રતિનિધિરૂપ આપની પાસે મસ્તક નમાવી નિશ્ચય કરૂં છું કે હું દેશ, સમાજ અને ધર્મની સેવાને જીવનનું મુખ્ય કર્તવ્ય માનીશ. મહારાજ! મને આશીર્વાદ આપો કે મારા એ નિશ્ચયને દૃઢ રહી કાર્યમાં મૂકવાને શક્તિવાન થઈ શકું."

શ્રી વિજયસેનસૂરિ આશ્ચર્યથી એ બાળા તરફ જોઈ રહ્યા [illegible] પ્રસન્નવદનથી પ્રશ્ન કર્યો "બાળા! તું કોણ છે? કોની પુત્રી છે?"

"મહારાજ!" એ બાળાએ નમ્રતાથી ઉત્તર આપ્યો. "હું [illegible]ના શેઠ [illegible]ની યશોમતી નામે પુત્રી છું. અને જો આપ મને આશીર્વાદ આપવાની કૃપા કરો, તો હું મારી અભિલાષા [illegible] કરી શકું."

આચાર્યે પ્રસન્નતાથી કહ્યું. "યશોમતી! તારી અભિલાષા [illegible] સ્તુતિપાત્ર છે, આપણા ધર્મ, ગચ્છ, સમસ્ત સમાજ અને દેશની વર્તમાન પરિસ્થિતિનો વિચાર કરતાં સ્વાર્થત્યાગી માણસોની [illegible] આવશ્યક છે અને તું એવી સેવા કરવાને તૈયાર થઈ છે, તે માટે તને ધન્યવાદ ઘટે છે. તને મારા આશીર્વાદ છે કે તું તારા નિશ્ચયમાં દૃઢ રહી તારી અભિલાષાને પૂર્ણ કરવાને શક્તિવાન થા."

યશોમતી ગુરૂમહારાજને વંદન કરી પાછી ફરી અને ત્યાં એકત્ર થયેલા નર તથા નારીઓએ હર્ષનાદથી તેને વધાવી લીધી પણ એ બધાથી વસ્તુપાળની પાસે ઉભેલા એક યુવકની બે ચક્ષુઓમાં જે આશ્ચર્ય સત્કાર અને ધન્યવાદની છાયા હતી, તે જોઇને યશોમતી શરમથી નીચું જોઈને શ્રીસમૂહમાં ભળી ગઈ મહામંત્રી વસ્તુપાળની પાસે ઉભેલો એ યુવક ગુણસિંહ હતો એ સ્પષ્ટ કરવાની અત્રે અગત્ય રહેતી નથી

એ પછી તીર્થના અધિકારીએ ઇંદ્રમાળ બતાવીને તેનો રીવાજ મુજબ ચડાવો કરવાનુ સર્વને ઉદ્દેશીને કહ્યું તીર્થયાત્રાએ આવેલા આ વિશાળ સંઘમાં જૂદા જૂદા ગામ અને નગરોથી નીકળેલા બીજા પણ ઘણા સંઘો હતા અને તે બધા સંઘના સંઘપતિઓએ પોતાની શક્તિ અનુસાર ઇંદ્રમાળનો ચડાવો કર્યો, તેમાં મહામંત્રી વસ્તુપાળની માગણી સઘળાથી ચઢીઆતી થઇ આ સમયે એક પચાસેક વર્ષનો દરિદ્ર જણાતો પુરૂષ માણસોના સમુદાયમાંથી બહાર આવ્યો. તેણે આવીને આચાર્યને વંદન કર્યુ અને પછી કહ્યું

" ગુરૂ મહારાજ ! શ્રી સંઘને મારી એક વિનતિ છે અતિ સમૃદ્ધિશાળી મંત્રીશ્વર વસ્તુપાળજી અને આહીં ઉભેલા અનેક શ્રીમંત પુરૂષોની આગળ જો કે હું કાંઇ હિસાબમાં નથી તો પણ મને ઇંદ્રમાળ ધારણ કરવાનો ઉમંગ થઇ આવ્યો છે, માટે મુજ ગરીબ ઉપર કૃપા કરીને એ ઇંદ્રમાળ મને આપો "

ત્યાં એકત્ર થયેલા અસંખ્ય નરનારીઓ એ દરિદ્ર પુરૂષ તરફ હાસ્યભર્યાં મુખે જોઈ રહ્યા અને ગુરૂમહારાજ શુ કહે છે, તે સાંભળવાને આતુર થઇ રહ્યા

ગુરૂએ તેના સર્વાંગ તરફ જોઇને શાંતિથી પૃચ્છયુ " તમે કોણ છો, ભાઈ ! "

" મહારાજ ! " એ પુરૂષે જવાબ આપતા કહ્યું. " હું અહીંથી નજીક ટીમાણા નામના ગામમાં રહુ છુ અને મારૂં નામ મારા માતપિતાએ જો કે ત્રિલોકચંદ્ર પાડ્યુ છે, તોપણ લોકો મને ટીલો શ્રીમાળી એ નામથી ઓળખે છે અને બોલાવે છે "

" ત્રિલોકચંદ્ર ! " આચાર્યે કહ્યું, " લોકો તમને ભલે ટીલાના નામથી બોલાવતા હોય, પરંતુ હું તો તમને તમારા ખરા

નામથી સંબોધીશ. તમે જાણતા હશો કે જ્યારે તીર્થની યાત્રા સંઘ સમેત કરવામાં આવે છે ત્યારે ઈંદ્રોત્સવ અને ઇંદ્રમાળ ધારણ કરવાનો વિધિ કરવામા આવે છે, અને ઇંદ્રમાળનો ચડાવો કરતાં છેવટ જેની માગણી ચડીયાતી થાય છે તેને માળા આપવામાં આવે છે સંઘપતિ વસ્તુપાળની માગણી બીજા સંઘપતિઓથી વધારે થઈ છે, એ તમે જાણો છો. તેમજ ઈંદ્રમાળ સંઘપતિનેજ ધારણ કરાવવામા આવે છે એ પણ તમારા જાણવામા હશે. ”

“ હા, ગુરૂવર્ય ! ઈંદ્રમાળના ઉત્સવને અને તેના વિધિને હું સારીરીતે જાણું છું; પરંતુ જો હું વસ્તુપાળજીથી વધારે ચડાવો કરૂ તો એ માળા મને આપવામાં શી હરકત છે ? ”

“ તમે કેટલો ચડાવો કરો છો ? ” સૂરિજીએ સવાલ કર્યો

ગુરૂજી ! હું ઘી વેચવાનો વેપાર કરૂં છું. એ વેપારમા મેં ન્યાય અને નીતિથી જે કાંઈ ધનસંગ્રહ કર્યો છે, તે બધો આ માળાના ચડાવવામા આપી દેવાને તૈયાર છું. મારો ધનસંગ્રહ કેટલો [illegible] તે મને બરોબર યાદ નથી, પરંતુ લાખની ગણતરીએ અનેક [illegible] દામ છે, એટલું મને યાદ છે અને એ બધા દામ આપીને [illegible] ઇંદ્રમાળ ધારણ કરવાની મારી ઇચ્છા છે માટે મુજ પામર [illegible] એ માળા આપવાની કૃપા કરો ”

દરિદ્રતાના સાક્ષાત અવતાર અને ઉદારચરિત્રરૂપ ટીલા શ્રીમાળીની [illegible]ની વાત સાંભળીને સઘળો સંઘ આશ્ચર્યમા ગરકાવ થઈ ગયો [illegible] આચાર્ય મહારાજ શી આજ્ઞા કરે છે, તે જાણવાને બધા [illegible] તરફ જોઈ રહ્યા

આચાર્ય ક્ષણભર વિચાર કરીને [illegible] ઉદ્દેશીને કહ્યું “ બંધુઓ [illegible] ! મને લાગે છે કે તમને [illegible] મુખ્ય [illegible] વસ્તુપાળ [illegible] ન હોય, તો આ ત્રિલોક્ય [illegible] કારણ કે તેના મન [illegible] અને વળી તે પોતાની બધી સંપત્તિ આપી [illegible] તૈયાર થયેલ છે અને તેથી તેની અભિલાષાને પૂર્ણ કરવી, એ [illegible] માટે [illegible] ”

[illegible] વસ્તુપાળે પ્રસન્નતાપૂર્વક [illegible] આજ્ઞા [illegible] અને [illegible] ત્રિલોક્ય [illegible] આપવામા અને તેની અભિ

લાષા પૂર્ણ કરવામા મને કે સઘને કશી પણ હરકત નથીજ ત્રિલોકચદ ગમે તેવો ગરીબ કે દરિદ્ર હોય, તો પણ તે મારો સાધર્મી બધુ છે શ્રી સઘની આગળ કોઇ ઉચ્ચ કે નીચ નથી, કિન્તુ સર્વ સમાન છે ત્રિલોકચદ પોતાની બધી સમૃદ્ધિ માટે આ માળા લેવાને તૈયાર થયો છે, ત્યારે તેના અત કરણની શુદ્ધ ભાવનાનો આપણને સહજમા ખ્યાલ આવી શકે છે સપત્તિમા નિયમ, શકિત છતા ક્ષમા, યૌવનમા વ્રત અને દારિદ્રમા દાન, એ અલ્પ હોય તો પણ વધારે લાભદાયક થાય છે કોઇ મોટો ધનવાન, સપત્તિશાળી અને સમૃદ્ધિયુક્ત માણસ સારા કાર્યમા અઢળક ધન વાપરે, તે કરતા કોઇ દરિદ્ર માણસ પોતાની આજીવિકામાથી બચાવ કરેલુ થોડુ ધન પણ સારા કામમા વાપરે એ વધારે ઉત્તમ છે કારણ કે કાર્યના ફળનો આધાર ધનની વિપુલતા કરતા મનની શુદ્ધ ભાવના ઉપર રહેલો છે અને તેથી એ ઇદ્રમાળા ત્રિલોકચદ્રને ધારણ કરવા દઇ તેની ભાવનાને પૂર્ણ કરવી એ યોગ્ય છે "

એ પછી સઘપતિ વસ્તુપાળેજ ટીલા શ્રીમાળીના લલાટપર તિલક કર્યું અને તે માળા તેના કઠમા આરોપી ટીલાએ માળાને ધારણ કરી પ્રભુને, આચાર્યને અને સઘને પ્રણામ કર્યા લોકો વસ્તુપાળના આ ઉદાર કાર્યથી ખુશી થયા અને તેની પ્રશસા કરવા લાગ્યા ઇદ્રમાળનો ઉત્સવ આ પ્રમાણે પૂરો થતાં રગમડપમા એકત્ર થયેલા બધા સ્ત્રી–પુરૂષો શ્રીજગદ્‌ગુરૂને વદન કરીને પર્વત ઉપરથી નીચે ઉતરવા લાગ્યા અને કેટલોક સમય ગયા બાદ મુકામ પર આવી પહોચ્યા.



પ્રકરણ ૧૨ મું.



ધર્મનો પ્રભાવ.

શ્રી સિદ્ધાચળની પવિત્ર અને મીઠી છાયામા ટીમાણુ નાનુ ગામ હતુ. ટીમાણુમા પ્રજાનો ઘણો ભાગ ખેડુતવર્ગનો હતો ક્ષત્રિય, બ્રાહ્મણ અને વૈશ્ય વર્ણો થોડા હતા આ ગામમા રહીને ટીલો શ્રીમાળી ઘી વેચવાનો વ્યાપાર કરતો હતો તેણે કેટલીક ગાયો તથા ભેસો રાખી હતી અને તેનુ જે ઘી થતુ, તે પાસેના શહેરમા લઇ જતે

અને ત્યાં ઘીના મોટા વ્યાપારીઓને વેચીને સાંજ પહેલાં ઘેર આવે. ટીલો હમેશાં પ્રસન્નમાં ઘણો રહેલો હતો અને ધર્મનું [illegible] જ્ઞાન નહિ હોવાથી ઓરડાના એક ખુણામાં બેસી જગતના પિ[illegible] શ્રી આદિનાથના પવિત્ર નામની ત્રણ વાર માળા ફેરવતો. ત્યાર [illegible] ગાયો તથા ભેંસોને દોવાના કામમાં તેની સ્ત્રીને મદદ કરતો અ[illegible] જાનવરોની યોગ્ય સારવારમાં પડતો તે પછી દૂધ દહીં કે [illegible] જે હોય તે ગાડામાં સાથે બાંધી લેતો અને આગલા દિવસે તેની [illegible] જે ઘી તૈયાર કરી રાખ્યું હોય તે લઈ શહેરમાં વેચવાને જતો. [illegible] સંધ્યા સમય પહેલાં પાછો આવતો. ઘેર આવીને તુરતજ વાળુ [illegible] લેતો અને પાછો જાનવરોને દોવાના તથા તેમની સારવારના કા[illegible] માં તેની સ્ત્રીને મદદરૂપ થતો. ટીલાની સ્ત્રીનું નામ જો કે પ[illegible] [illegible]તું. તો પણ ગામડાના લોકોને એવું અઘરું અને કઠિન [illegible] બોલવામાં ફાવતું નહિ હોવાથી તેઓ તેને પાલુ નામથી સંબો[illegible] હતા. ટીલો અને પાલુ બન્નેની અવસ્થા અને બન્નેના સ્વભાવ [illegible] લગભગ સમાન હતા તો પણ એક બાબતમાં તેઓ જુદા પડતા. [illegible] ખરચ કરવાની બાબતમાં ટીલો ઉદાર હતો, જ્યારે પાલુ કે[illegible] લોભી હતી અને આ સંબંધમાં તેઓને કોઈવાર તકરાર પણ [illegible] હતી. એ સિવાય આ દંપતિ બીજી બધી રીતે એક બીજાને [illegible] [illegible] હતા અને પોતાનો ઘરસંસાર સારી પ્રેમપૂર્વક ચલાવતા [illegible] [illegible] જીવનના વૈભવ અને વિલાસ નાના ગામડામાં હોતાં ન[illegible] [illegible] ગામડાના લોકો રેનું બધું કામ પોતાના હાથેજ કરે છે. [illegible] [illegible] [illegible] કરી પાણી ભરી લાવવું અને ઘર તથા આંગ[illegible] [illegible] એ ગામડાની સ્ત્રીઓના મુખ્ય કર્તવ્યો છે. પ[illegible] [illegible] [illegible] [illegible] હતી અને તે [illegible] [illegible] [illegible] તેમના જીવનના [illegible] [illegible]ને સાચવતી ટી[illegible] [illegible] [illegible] [illegible] અને નીતિથી વરતતો હતો અને વેપારમાં [illegible] [illegible] [illegible] તથા સંતોષ માનીને સુખી જીવન ગાળતો હતો.

[illegible] નાના ગામડાનું સાદું જીવન, [illegible], [illegible] અને નિર્દોષ [illegible] [illegible] [illegible] [illegible] માનમાં મોટા શહેરની બન્ને નાના [illegible] [illegible] [illegible] અને [illegible] જીવન [illegible] વૈભવ [illegible] [illegible] [illegible] જીવનની [illegible] ભાગ્યે જ [illegible] [illegible] [illegible] માનવ સમાજને આનંદિત [illegible] [illegible] [illegible] [illegible] [illegible] નૈસર્ગિક [illegible]

ગ્રામ્ય અને શહેરી જીવનની તુલના કરવાનું તથા ભૂતકાળ અને વર્તમાન કાળની સમાલોચના કરવાનું કાર્ય અસ્થાને ગણાશે તેથી એ વાતને અત્યારેથીજ જતી કરવામાં આવે છે આ ઐતિહાસિક નવલકથા પોતેજ ભૂતકાળના એક સમયાવલોકનનું દર્પણ છે અને તેમાં નજર નાખવાથી એ સમયના ધર્મ, સમાજ, સંસાર, ગ્રામ, નગર અને દેશની પરિસ્થિતિનો કાંઇક ખ્યાલ આવી શકશે અને વર્તમાન સમયની પરિસ્થિતિ સાથે તે સમયની તુલના કરવાનું પણ બની શકશે આ કારણથી અત્રે એ સંબંધમાં વધુ વિવેચનમાં ઉતરવાનું ઉચિત માન્યું નથી.

ટીલો શ્રીમાળી સિદ્ધાચળ ઉપર ઇંદ્રમાળ ધારણ કરીને આવ્યો, તેના બીજા દિવસે જમવાને બેઠો હતો, તે વખતે એક સાધુ ભીક્ષા માટે અચાનક આવી ચઢ્યા શહેરના લોકો કરતા ગામડાના લોકો અતિથિ, સાધુ કે સંતનો સત્કાર કરવાને નિરંતર તૈયારજ હોય છે સાધુને જોઇ ટીલાએ તુરતજ તેની સ્ત્રીને સાધુને ભીક્ષા વ્હોરાવવાનું કહ્યું પણ ટીલાએ ઘરનું બધું દ્રવ્ય ઇંદ્રમાળ માટે વાપરી નાખ્યું હોવાથી તે તેના ધણી ઉપર ગુસ્સે થઇ હતી અને તેથી તેણે તેના ધણીને કાંઇ જવાબ આપ્યો નહિ, તેમ સાધુને વ્હોરાવ્યું પણ નહિ પાલુના સ્વભાવને ટીલો જાણતો હતો એટલે તેણે પાસે પડેલા પાત્રમાથી સાધુને ઇચ્છા મુજબ દહી વ્હોરાવ્યું અને સાધુ ધર્મલાભ આપીને તુરતજ ચાલ્યા ગયા

સાધુ ચાલ્યા ગયા પછી પાલુએ અત્યંત કોપ કરીને કહ્યું "અરે! તમે તે કેવા ઉડાઉ માણસ છો? મહા મહેનતે એકત્ર કરેલું બધું ધન એક એ બદામની માળા માટે પર્વત ઉપર વાપરી આવ્યા અને અત્યારે સાધુને બધું દહી આપી દીધું, એ તે કેવી વાત! આમને આમ બધું ઉડાવી દેશો, તો પછી ઘરનો નિર્વાહ શી રીતે ચાલશે? ધનને વાપર્યા વિના અને નિર્વાહની વસ્તુ સાધુ સંતને આપી દીધા વિના શું ધર્મ થઇ શકતો નથી? આ પ્રમાણે જો ઘરની સંપત્તિ ઉડાવી દેશો, તો હું સાફ કહું છું કે, મારે અને તમારે ઘડી વાર પણ બનશે નહિ"

ટીલો તેની સ્ત્રીના લોભી સ્વભાવને સારી રીતે જાણતો હતો તેથી તેને તેના કોપયુક્ત વચનોથી સામો કોપ દર્શાવવાને બદલે શાંતિ ધારણ કરીને કહ્યું "ગઇ કાલે સિદ્ધક્ષેત્રમાં ઇંદ્રમાળને માટે જે બધું ધન મે વાપરી નાખ્યું છે, તે માટે તારે જરા પણ ખેદ કરવો નહિ, કારણ કે ધર્મ અને તીર્થની જગ્યામાં ધનનો ઉપયોગ કરવાથી મોટું પુણ્ય ઉપાર્જન થાય છે વળી અત્યારે મે સાધુને દહી વ્હોરાવ્યું છે, તે વાસ્તે પણ તારે દિલગીરી કરવી નહિ, કારણ કે તપસ્વી, સંયમી અને કાય

"અવિનય કે અવિવેકને માટે મેં પહેલેથીજ તમારી ક્ષમા માગી લીધી છે, તેથી અત્યારે પુનઃ માગતો નથી." જેતસીએ સહેજ ધ્રુજતા અવાજથી કહ્યું: "પ્રીતિમતી ! હું તમને ચાહું છું અને તેથી જો તમે તમારાં માતાપિતાની ઇચ્છાનો સ્વીકાર કરો, તો તમારી સાથે-એક બાળ વિધવાની સાથે-લગ્ન કરવાને હું તૈયાર છું."

જેતસીના સ્પષ્ટ કથનથી પ્રીતિમતીને આઘાત થયો. તેની પવિત્ર-

"જેતસી ! પ્રીતિમતીએ જરા જુસ્સો લાવીને કહ્યુ "મારા સાહસ યોગ્ય છે કે અયોગ્ય, એ જોવાનુ તમારૂ કામ નથી'

પ્રીતિમતી !" જેતસીએ શાંતિથી કહ્યુ ' એમ ગુસ્સે ન થાઓ મારા હૃદયમા તમારા માટે લાગણી છે, સ્નેહ છે અને પ્રેમ પણ એ લાગણીથી જ હુ તમારા સુખમા અંતરાયભૂત થતા તમારા સાહસને અયોગ્ય કહુ છુ.'

પ્રીતિમતીએ એકદમ કહ્યુ ' તમારા હૃદયમા મારા માટે કાઇ લાગણી હોય તો તે કાઢી નાખો મારે તમારા સ્નેહ કે પ્રેમ કશાની જરૂર નથી

ભલે તમારી એવી ઇચ્છા હશે, તો હુ તમારા પ્રત્યેની લાગણીને મારા હૃદયમાથી કાઢી નાખીશ" જેતસીએ કહ્યુ "પણ મારી એક વાતને શાંતિ અને ધીરજથી સાભળશો ''

પ્રીતિમતિએ કંટાળાથી કહ્યુ "બોલો, જે કહેવુ હોય, તે જલ્દી કહી નાખો '

જેતસીએ પ્રીતિમતીના ગૌર વદન તરફ નિહાળીને કહ્યુ "પ્રીતિમતી ! તમારા માતાપિતા તમારૂ પુનર્લગ્ન કરી આપવાને ઇચ્છે છે અને હુ તમારી સાથે—એક બાળવિધવાની સાથે લગ્ન કરવાને તૈયાર છુ. એમ છતા તમે દુરાગ્રહથી એ વાતનો સ્વીકાર કરતા નથી, એ તમારી મોટી ભૂલ થાય છે હુ મારી મિથ્યા પ્રશંસા કરતો નથી પરતુ સત્યજ કહુ છુ કે મારા જેવા કામદેવને પણ લજાવે તેવા સુદર તરૂણનો હસ્ત ગ્રહણ કરવાને અમારી જ્ઞાતિની અનેક યુવાન્ બાળાઓ આતુર છે અને તેઓમાથી મારા માતુશ્રી એકાદ બાળા સાથ પાણિગ્રહણ કરી સસાર માડવાનો મને આગ્રહ કરી રહ્યા છે, તે છતા તથા વિધવા યુવતીની સાથે વિવાહ કરવાથી જ્ઞાતિના તિરસ્કાર સમાજનો બહિષ્કાર અને માતા તથા સગા સબધીઓનો કોપ સહન કરવો પડશે, એવુ જાણવા છતા પણ હુ તમારી સાથે લગ્ન કરવાને હિમત કરૂ છુ, ત્યારે મારા હૃદયમા તમારા માટે કેટલી અને કેવી લાગણી હશે, તેનો તમારે વિચાર કરવો જોઇએ તેમજ મારી માગણીનો અને તમારા માતાપિતાની ઇચ્છાનો સ્વીકાર કરી તમારે સુખી થવુ જોઇએ પ્રીતિમતી ! જીવનમા સુખી થવાનો પ્રસગ વારંવાર આવતો નથી, માટે આપોઆપ આવેલા પ્રસગને વ્યર્થ વહી જવા દેવો, એ કેવળ મૂર્ખતા છે વળી તમારી આ નાજુક દેહલતા શુ વૈધવ્યનુ અમાપ દુ ખ જીવનભર સહન કરી શકશે ? ના, ના એવુ દુઃખ તમારાથી સહન થઇ શકશે નહિ માટે દુરાગ્રહને ત્યજી દો અને કૃપા કરીને

હતી અને તેની બે આંખો માંથી અજબ પ્રકારના તેજથી ચમકતી હતી તે જોઇ જેતશીના હૃદયમાં પ્રીતિમતીને માટે સ્વાભાવિક રીતે ભક્તિભાવ ઉત્પન્ન થયો તેણે પ્રીતિમતીને નીચા નમી નમસ્કાર કરીને કહ્યું "બ્હેન! પૂજનીય દેવી!"

તે આગળ બોલવા જતો હતો. પરંતુ તે વખતે જગડુશાહે ઓરડામાં પ્રવેશ કર્યો અને તેથી તે અટકી ગયો

જગડુશાહ પ્રીતિમતી તથા જેતશી પ્રત્યે જોતો ક્ષણવાર મૌન ઉભો રહ્યો ત્યારબાદ તેણે જેતશીને ઉદ્દેશીને પૂછ્યું "જેતશી! બોલતો કેમ અટકી ગયો?"

જેતશીએ ઉત્તર આપતાં કહ્યું "શેઠજી! તમારી પુત્રી માનુષી નથી કિન્તુ દેવી છે"

"તે હું જાણું છું" જગડુશાહે એમ કહીને પૂછ્યું "પણ તેણે તારી માગણીનો સ્વીકાર કર્યો કે નહિ?"

જેતશી એનો કશો ઉત્તર આપી શક્યો નહિ તે પ્રત્યુત્તરમાં પ્રીતિમતીના સૌમ્ય મુખચંદ્ર તરફ કેવળ જોઈ રહ્યો બરોબર આ સમયે ચાર-પાંચ વૃદ્ધા સ્ત્રીઓ નવયુવતીને શોભે તેવાં સુંદર વસ્ત્રાભૂષણો પહેરીને ત્યાં આવી પહોંચી

તેમાંની એકે જગડુશાહને ઉદ્દેશીને તુરતજ કહ્યું "જગડુશાહ! જો તું તારી વિધવા પુત્રીનું પુનર્લગ્ન કરવાને ઇચ્છતો હોય તો અમારા માટે પણ પુનર્લગ્નની તૈયારી કરી રાખજે"

આ બધી સ્ત્રીઓ જગડુશાહના કુટુંબની હતી તેઓ વિધવા અને જીવનસમુદ્રના કિનારે પહોંચેલી વૃદ્ધા હતી તેણે તેમને શૃંગાર સજીને આવેલી જોઇને તથા આ પ્રમાણે બોલતી સાંભળીને આશ્ચર્ય પામતાં પૂછ્યું "તમે આ શું કહો છો?"

"અમે ઠીકજ કહીએ છીએ" એક વૃદ્ધાએ જવાબ આપતાં કહ્યું "કારણ કે અમારાથી હવે વૈધવ્યનું દુઃખ સહન કરી શકાતું નથી"

આ સમયે પ્રીતિમતીએ વચ્ચેજ કહ્યું "પિતાજી! આ કુળવતીઓ શું કહે છે, તે તમે સમજ્યા કે?"

એ વૃદ્ધાના તથા પ્રીતિમતીના માર્મિક વચનોથી ચતુર જગડુશાહ તેમના કથનને તુરતજ સમજી ગયો

તેણે લજ્જા પામતાં કહ્યું "તમારા મર્મથી ભરેલા ઉપદેશ અને

રાત્ર એટલીજ બાકી હતી આ આખા આવાસને અચ્છી રીતે શણગારેલો હતો અને તેમા અનેક સુગંધી દીપકો બળી રહ્યા હતા રઝીયા યૌવનના ભર બહારમા હતી, તેથી અને ઉંચી જાતના કિંમતી વસ્ત્રાભૂષણોના શણગારથી તેનુ સ્વાભાવિક સૌંદર્ય સવિશેષ દીપી નીકળ્યુ હતુ તે જો કે પાતળી અને સીધી સોટી જેવી હતી, તોપણ તેના પ્રત્યેક અવયવો ઘાટીલા, સુડોળ અને મનોહર હતા જ્યારે તે શાહી દરબારમા જતી, ત્યારે બાદશાહને છાજે તેવો પોશાક પહેરતી હતી અને શાહી ઝબ્બો તથા તાજને પણ ધારણ કરતી હતી એ વખત સિવાય બાકીના વખતમા તે જનાના પોશાકમા રહેતી હતી એ રીવાજ મુજબ અત્યારે તેણે મુસલમાન યુવતીને શોભે તેવા અતિ ઝીણા અને મુલાયમ રેશમી વસ્ત્રો તથા બહુ મૂલ્ય આભૂષણો પરિધાન કરેલા હતા એ બારીક વસ્ત્રોમાથી તેનુ રમણીય રૂપ અને લલિત લાવણ્ય ડોકિયા કરી રહ્યુ હતુ તથા આવાસમા બળતા અસખ્ય દીપકોના પ્રકાશમા તેનુ તેજસ્વી સૌંદર્ય આભૂષણોથી ઝળહળી રહ્યુ હતુ. સાગંશ કે સુલ્તાના રઝીયા રૂપવતી, લાવણ્યમયી અને જોબનવતી લલના હતી અને તેથી તેના સૌંદર્ય અને દીપકોના પ્રકાશથી આખા આવાસમા જ્યા જુઓ ત્યા રૂપ, લાવણ્ય તેજ અને સૌંદર્યજ જોવામા આવતા હતા

સુલ્તાના રઝીયા ઉપર કહ્યુ તેમ ચિંતાતુર અને વિચારગ્રસ્ત અવસ્થામા કેટલીક વાર જેમની તેમ બેસી રહી તે પછી તેણે તેની ખાસ બાદીને જોરથી હાક મારી "બાદી!"

"હજુર!" બાદીએ દ્વારમા પ્રવેશ કરી નમીને કહ્યુ

"ગાનારી તથા નાચનારી બન્ને રમણીઓ આવી છે કે નહિ?" રઝીયાએ અધિરતાથી પ્રશ્ન કર્યો."

"નામવર સુલ્તાના!" બાદીએ નમ્રતાથી જવાબ આપતા કહ્યુ "તેઓ ક્યારની આવી પહોચી છે અને આપના હુકમની રાહ જોતી બહાર બેઠી છે"

"તો પછી તેમને આહી જલ્દી મોકલી આપ" રઝીયાએ હુકમ આપ્યો

"જેવો હુકમ" એટલુ કહી તથા નમીને બાદી ચાલી ગઇ અને તે ગયા પછી થોડીજ વારમા બે રમણીઓ રઝીયાની સમક્ષ આવીને ઉભી રહી તેમણે સુલ્તાનાને અદબથી સલામ કરી અને પછી તેઓ નીચે બેસી ગઈ. આ બે રમણીઓ પૈકી એક ત્રીશેક વર્ષની સ્થૂલકાય તરૂણી હતી અને બીજી સોળ વર્ષની નાજુક યુવતી હતી આ પ્રમ

અપના એક યુવકે આવાસના દ્વારમા પ્રવેશ કર્યો તેણે પોતાના મસ્તકને જમીનપર્યંત નમાવીને રઝીયાને સલામ કરી અને બે હાથ જોડીને અદબથી ઉભો રહ્યો

રઝીયાએ પોતાની તીક્ષ્ણ દૃષ્ટિથી એ યુવકને ધ્યાનપૂર્વક જોઇ લીધો એ યુવકને જોતાંજ તેના મુખ ઉપરની ચિંતાની છાપ દૂર થઇ ગઇ અને તેની જગ્યાએ સંતોષ તથા આનંદની ઉર્મિઓ ઉછળવા લાગી.

"મુબારક!" રઝીયાએ એ યુવકને ઉદ્દેશીને સંબોધન કર્યું.

"જી હજુર!" મુબારકે ઘણીજ નમ્રતાથી જવાબ આપ્યો

"બાગનું કામ કેમ ચાલે છે?" રઝીયાએ પ્રશ્ન કર્યો

"સુલ્તાનાની મેહેરબાનીથી બહુ અચ્છી રીતે ચાલે છે" ગુલામે ઉત્તર આપ્યો

"તને બાગના માળીનું કામ બહુ પસંદ છે, કેમ ખરૂં ને?" રઝીયાએ માર્મિકભાવથી પૃછ્યું

"જી, હા" મુબારકે જવાબ આપતાં કહ્યું "અને તેથી આપે જ્યારે મને કોઇ મારી નોકરી આપવાની ઇચ્છા જાહેર કરી, ત્યારે મેં મારી ખુશીથી માળીની નોકરી માગી લીધી હતી હું આ નોકરીમા આપની કૃપાથી સુખી અને ખુશી છું"

"મુબારક! તું જો કે એક નાચીજ ગુલામ છે, તોપણ તારામા નમ્રતા, ગંભીરતા અને વિનય ઇત્યાદિ ગુણોનો સારી રીતે વાસ થયેલો છે અને તે ઉપરાંત બુદ્ધિબળ અને શારીરિક સૌંદર્ય પણ વસેલું હોવાથી તું માળીની નોકરી કરતા કોઇ સારી નોકરીને લાયક છે મારી ઇચ્છા છે કે સૈન્યમાં કોઇ ઉચ્ચ અધિકારવાળી જગ્યાએ તને દાખલ કરી તારી લાયકીની યોગ્ય કદર કરવી" રઝીયાએ કહ્યું

"આપની શુભેચ્છા માટે હું આપનો અહેસાનમંદ છું" મુબારકે વિનયથી કહ્યું "પણ મને તો આ માળીની નોકરી વધારે પસંદ છે. એ સિવાય બીજી નોકરી કરવાની મારી ઉમેદ નથી"

"બરોબર છે, પણ જો તને માળીનીજ નોકરી પસંદ હોય, તો તને આ સામાન્ય બાગ કરતા કોઇ અસાધારણ અને અસામાન્ય બાગના માળીનું કામ સોંપવું જોઇએ, એવી મારી ઇચ્છા છે" રઝીયાએ માર્મિક ભાવનાથી એ પ્રમાણે કહીને પૃછ્યું "પણ મુબારક! તારા આ હસીન રૂપ ઉપર કોઇ નાજની મોહી પડી છે કે નહિ, એનો જવાબ જાણવાને હું ઇન્તેજાર છું?"

" હા, અને તે પણ કેદખાનાની. ' રઝીયાએ પૂર્વવત્ ક્રોધથી જ-મ આપ્યો

" જેવી આપ નામવરની મરજી " મુબારકે કહ્યું. " આપનો આ નામ જો ગુન્હેગાર હોય, તો સજા સહન કરવાને તૈયાર છે "

રઝીયા નીચુ મુખ રાખીને ઉભેલા એ સુદર ગુલામ તરફ એક ને જોઇ રહી તેણે એ ગુલામના રૂપનુ પોતાના તૃપાતુર નયનોદ્વારા લીક ક્ષણ સુધી પાન કર્યું અને પછી મનના ઉત્તેજનને વશ બનીને મી થઇને તેણે કહ્યુ " જેમ તારો ગુન્હો જૂદા પ્રકારનો છે, તેમ તેની જા પણ જૂદા પ્રકારની થશે "

' જૂદા પ્રકારની એટલે શુ મોતની ? " મુબારકે જરા ભય પા-ને ઘણીજ નમ્રતાથી પૃછ્યુ.

' નહિ, મોતની નહિ પરન્તુ કેદ થવાની અને તે પણ એક સુદ-ના બાહુપાશમા " રઝીયાએ ગભીરતાથી જવાબ આપતા કહ્યુ

" સુદરીના બાહુપાશમા ? યા અલ્લાહ ! આ શો ભેદભરમ ? ' મુબારકના મુખમાથી આશ્ચર્યના ઉદ્‌ગારો નીકળી પડયા તેણે અરજ રીને કહ્યુ " જહાપનાહ ! આ બાગમા માળીનુ કામ કરતા જ્યારે હુ ાઇ સુદરીના બાહુપાશમા કેદ થવાની સ્થિતિએ આવી પહોચ્યો છુ, યારે મને આ બાગમાથી છૂટો કરી આપ કહો છો તેમ બીજા બાગના માળીનુ કામ સોપી મારી ઉપર આવી પડેલી આફતમાથી મને મુક્ત કરશો, એવી આ દીન તાબેદારની અરજ છે "

" ભલે, તારી એવી અરજ છે, તો તને મે કહ્યુ છે તેમ બીજા મા-ળીનુ કામ સોપવામા આવશે. કારણકે તે બાગના માળીના પદને તુ લાયકજ છે " સુલ્તાનાએ તેની અરજનો સ્વીકાર કરતા કહ્યુ " પણ એથી તને જે સજા થવાની છે, તે તો થશેજ "

" બેગમ સાહેબા ! મને માફ કરશો, પરતુ આપની અત્યારની વાતચિત્તથી મને ઘણી અજાયબી થાય છે " મુબારકે કહ્યુ

" ખરૂ છે, પણ જે સુદરીના બાહુપાશમા તારે કેદ થવાનુ છે, તે સુદરી કોણ છે, એ જયારે તુ જાણશે ત્યારે તારી અજાયબીનો અવધિ આવી રહેશે " રઝીયાએ મુબારકની નજીક આવીને ઉત્તેજીત સ્વરથી કહ્યુ " ઓ મુબારક ! સાભળ એ સુદરી બીજી કોઇ નહિ, પણ જન્નત-

પણ જ્યારે દેડકાનો ડર જતો રહેતો, ત્યારે બાળકોને હાસ્ય થતુ, તેમ ગુલામ મુબારકની વિચિત્ર દશા જોઈને રઝીયા હસવા લાગી અને હસતા હસતા કહ્યુ "મુબારક! તુ આટલો બધો શા માટે ડરે, એ હુ સમજી શકતી નથી? દિલ્હીની સુલ્તાના હુ પોતેજ જ્યારે તારી ઉપર આશક થઇ છુ, ત્યારે તારે ડરવાનુ કશુ પણ કારણ નથી ...ના ગુલામ! તારા નસીબનો સિતારો અત્યારથી બુલંદ બન્યો છે. કારણકે આજથી હુ તારી દિલદાર છુ અને તુ મારો દોસ્ત છે માટે ભયનો ત્યાગ કર અને ખુશી થા

પણ મુબારક ભય, શોક, અજાયબી વગેરે અનેક પ્રકારની લાગણીઓના પૂરથી સ્વયં મુઝાઈ ગયો હતો અને તેથી કાંઇ પણ નહિ બોલતા મૌનજ રહ્યો

એ જોઈને રઝીયાએ સ્નેહભર્યા સ્વરથી કહ્યુ "પ્યારા દોસ્ત! તુમ કાંઇ બોલતો નથી! શા માટે તારા દિલને ખોલતો નથી અને શા માટે તારી માશુક સાથે મીઠી જબાનથી વાર્તાલાપ કરતો નથી! યાદ રાખ કે તુ હવે સામાન્ય બાગનો માળી નથી, પણ તારી સુલ્તાનાના યૌવનરૂપી અસામાન્ય બાગનો માળી બલ્કે માલેક બન્યો છુ"

"મુબારકે મહા મહેનતે મૌનનો ભંગ કરીને ગભીરતા અને શોકભર્યા અવાજથી કહ્યુ "નામવર બેગમ સાહેબા! ગુસ્તાખીને માટે મને માફ કરજો, પરતુ મારે નિરૂપાયે કહેવુ પડે છે કે આપનુ મસ્તક કોઇ કારણથી અત્યારે ભ્રમિત બની ગયુ છે અને તેથી આપને સારાસારનુ કશુ ભાન હોય, એમ જણાતુ નથી આપ શાહી ખાન્દાનના ફરજદ અને હુ રખડતો ગુલામ! આપ દિલ્હીના તખ્તનશીન સુલ્તાના અને હુ આપનો તાબેદાર નોકર! આપ વિચાર કરીને કહો કે મારી અને તમારી વચ્ચે પ્રેમસબધ બાંધવો ઉચિત છે? હુ તો એકદમ કહીશ કે હરગીજ નહિ અને આપ પણ વિચારના અંતે તેમજ કહેશો. માટે ખોટા આવેગને છોડી દો, શાંતિથી વિચાર કરો અને મને જવાની રજા આપો"

"મુબારક! તારી ભૂલ થાય છે પ્રેમના વિષયમા ખાન્દાન કે દરજ્જાનો વિચાર કરવાનો નથી હુ તને સાફ દિલથી કહુ છુ કે તુ ગમે તેવો મામુલી માણસ હોય, તો પણ હુ તારા રૂપ અને ગુણ ઉપર આશક થઇ છુ અને પાગલ બની છુ, માટે મેહેરબાની કરી મને હવે વધુ સતાવ નહી, મારા બળતા જીગરને વધારે બાળ નહિ" રઝીયાએ સ્વરમા સ્નેહ અને આર્જવતા આણીને કહ્યુ

રઝીયા ક્ષણવાર વિચારમા પડી ગઇ તેણે પોતાના ઉશ્કેરાયેલા મનને શાંત કરવાનો મિથ્યા પ્રયાસ કર્યો પરંતુ તેમા એ નિષ્ફળ નીવડી તેણે અવાજમા સહેજ જુસ્સો લાવીને કહ્યુ. " મુબારક ! તુ ગુલામ હોવાના કારણથી મારી સાથે મહોબ્બત બાંધવાને લાયક નથી, એમ માનતો હોય તો તે તારી મોટામા મોટી ભૂલ છે કારણકે પ્રેમના વિષયમા અમીર કે ગુલામ, ઉચ્ચ કે નીચ તથા શ્રીમંત કે મુફલીસનો ભેદભાવ હોતો નથી આના પ્રત્યક્ષ ઉદાહરણરૂપે અત્યારનો પ્રસંગજ બસ છે તુ ગુલામ છે હુ સુલતાના છુ તેમ છતા પણ હુ તને મારૂ તન, મન અને ધન અર્પણ કરવાને તૈયાર થઇ છુ, એનુ કારણ મારા દિલમા તારી પ્રત્યે ઉદ્ભવેલો પ્રેમજ છે મતલબ કે પ્રેમ સબધમા એવા ભેદભાવને વચ્ચે લાવવાની અગત્ય નથી તેમ છતા પણ તને તારી ગુલામી અવસ્થા ખુચતી હોય, તો હુ તને બાદશાહી સૈન્યમા મોટા અધિકારવાળી જગ્યા આપીને તથા દરબારના ઉમરાવની પદવીથી નવાઝીને તારી ગુલામી સદાને માટે દૂર કરીશ વ્હાલા મુબારક ! હવે તારા દિલમાથી ભય તથા આનાકાની કાઢી નાખ, તારા રૂપાળા મુખને મંદ હાસ્યથી ભરી દે અને કહે કે ' આપની મહોબ્બતનો મે સ્વીકાર કર્યો છે "

એટલુ કહીને રઝીયાએ મુબારકને તેના બન્ને હાથ પકડી ઉભો કર્યો અને પોતે પણ ઉભી થઈ તેના ખભે પોતાનો કોમળ કર બળપૂર્વક મકીને ઉગ્રતાથી કહ્યુ " અને મુબારક ! જો તુ મારી મીઠી મહોબ્બતનો તિરસ્કાર કરીશ અને મારી માગણીનો અસ્વીકાર કરીશ, તો યાદ રાખજે કે મારો પ્રેમ વૈરના રૂપમા બદલાઇ જશે અને એનુ પરિણામ ઘણુ ભયકર આવશે "

રઝીયાનુ ઉગ્ર સ્વરૂપ જોઇને મુબારક મોટી મુઝવણમા તથા ધર્મસકટમા આવી પડ્યો તેણે દુરાગ્રહી સ્ત્રીની સાથે વાદ વિવાદ કરવા કરતા મૌન રહેવાનુજ વધારે પસંદ કર્યુ અને તેથી તે રઝીયાના ક્રોધપૂર્ણ વદન તરફ એક ધ્યાને જોતો જેમનો તેમ દીનભાવથી ઉભો રહ્યો

મુબારકને દીનભાવે અને મૌનપણે ઉભેલો તથા ગભરાયેલો જોઇને રઝીયાના દિલમા કઇક અસર થઇ તેણે થોડીવાર વિચાર કર્યો અને પછી ક્રોધને ત્યજી દઈ આત્મસયમ કરીને કહ્યુ " દોસ્ત મુબારક ! મે દર્શાવેલા ક્રોધ અને જુસ્સાથી તુ ગભરાઇ ગયો હોય તેમ જણાય છે પણ એમ ગભરાવાનુ કશુ કારણ નથી, કારણકે હુ તારી ઉપર અતરથી જરાપણ ગુસ્સે થઈ નથી તેમ છતા દિલની લાગણીને વશ થઇ મે તને જે સ વચનો કહ્યા છે, તે વાસ્તે મને હવે દિલગીરી થાય છે મને ખાતરી છે

અલ્તમશને ત્રણ પુત્રો ફીરોજશાહ, મોઝુદ્દીન અને નાસિરૂદ્દીન તથા એક પુત્રી રઝીયા એ પ્રમાણે ચાર સંતાનો હતા. તે જ્યારે સુલતાનમાં પરલોકવાસી થયો, ત્યારે તેનો વડો પુત્ર ફીરોજશાહ ગાદીએ બેઠો, પરંતુ તે દુરાચારી અને જુલ્મી હોવાથી તેને દરબારીઓ ધિક્કારતા હતા રઝીયા આ વખતે તેના પિતા સાથે હોવાથી દિલ્હીમાં ન હતી પણ તેના પિતાના મૃત્યુ પછી તે ફોજ સાથે દિલ્હી આવી પહોંચી અને દરબારના મોટા મોટા અમીરો તથા ઉમરાવોને પોતાના પક્ષમાં લઈ લીધા તેઓ પણ ફીરોજશાહના ખરાબ વર્ત્તનથી નારાજ હતા એટલે તુરતજ તેના પક્ષમાં ગયા અને તેમની મદદથી ફીરોજશાહને પદભ્રષ્ટ કરી તથા તેની માતા અને તેના ભાઈઓને કેદ કરી રઝીયા દિલ્હીની સુલ્તાના બની બેઠી

રઝીયા દિલ્હીના તખ્ત ઉપર બેઠી, ત્યારે તેની ઉમર માત્ર વીશ વર્ષની હતી તે બુધ્ધિશાળી અને ન્યાયપ્રિય હતી દિલ્હીમાં મુસલમાની બાદશાહી સ્થાપન થયાને થોડાજ વર્ષો થયા હોવાથી તેનો અમલ બહુ જામ્યો ન હતો અને તેથી એ વખતે હિન્દુઓ અને મુસલમાનો વચ્ચે વખતોવખત નજીવી બાબતમાં તકરારો થતી હતી અને સામાન્ય ઝપાઝપીના પ્રસંગો પણ ઘણા બનતા હતા આવી તકરારો શાહી દરબારમાં આવતી, ત્યારે સુલ્તાના રઝીયા મુસલમાનોનો પક્ષ કર્યા વિના તેનો ન્યાય કરતી અને હિન્દુઓ ઉપર જુલ્મ ન થાય, એ વિષે કાળજી રાખતી તે પોતે બાદશાહી ઝભ્ભો અને તાજ પહેરીને હમેશા દરબારમાં જતી અને અરજદારોની અરજ જાતે સાંભળીને પોતેજ ઘટતા હુકમો આપતી. સારાંશ કે રઝીયા સ્ત્રી હોવા છતાં દિલ્હીના શાસનને બહુજ દક્ષતાપૂર્વક ચલાવતી હતી આ પ્રમાણે રઝીયામાં દક્ષતા, સમાનતા, ન્યાયશીલતા, દયા અને ક્ષમાદિ ગુણો હોવાની સાથે એક ખામી હતી અને તે મનની અતિશય દુર્બલતા મનની દુર્બલતાને વશ થઈ તે તેના એક અતિ સામાન્ય ગુલામના રૂપ અને ગુણ ઉપર મોહિત બની ગઈ પ્રથમ તો તેણે આ ગુલામને રાજમહાલયના બાગનો મુખ્ય માળી બનાવ્યો, પરંતુ ત્યારબાદ તેની પાસે પોતાનો પ્રેમ જાહેર કરી તેને સૈન્યમાં સારા અધિકારની જગ્યા અને ઉમરાવની પદવી પણ આપી. રઝીયાની હિન્દુઓ પ્રત્યેની સમાનતા જોઈને શાહી દરબારના કેટલાક કટ્ટર અમીરો અને ઉમરાવો તેનાથી નારાજ થવા લાગ્યા હતા, પરંતુ તેઓ તેને એ સંબંધમાં ખુલ્લી રીતે કાંઈ કહી શકતા ન હતા. પણ જ્યારે રઝીયાએ એક ગુલામ તરફ પક્ષપાત દર્શાવવા માડ્યો, ત્યારે તેઓ સંપૂર્ણ રીતે તેની ઉપર નાખુશ થયા અને તેની વિરૂદ્ધ છૂપી રીતે ચળવળ પણ કરવા લાગ્યા

અને તે મુબારકના કેટલાક ઉચ્ચ ગુણો અને તેની ઉત્તમ લાયકાત. પણ પગ નીચે ચાંપ્યા જતા ગુલામને નહિ જોતા માત્ર બીજાનો યેનકેન પ્રકારે પ્રપંચ જોનારા માણસોને મુબારકની લાયકાત અને રઝીયાની ગુણગ્રાહકતાનો–વિચાર કરવાની ફુરસદજ ન હતી તેમને તો હરકોઇ ઉપાયે તેમની સામાન્ય નિર્બળતાને મોટું રૂપ આપી કાગનો વાઘ કરવાનુજ કામ હતું

મધ્યાન્હનો સમય હતો ગ્રીષ્મ ઋતુ ચાલતી હોવાથી તાપ સખ્ત પડતો હતો દિલ્હીની સુલતાના રઝીયા દરબારના કામકાજથી પરવારી તથા ભોજન લઇને આરામને વાસ્તે પલગ ઉપર આડી પડેલી હતી અને બે બાંદીઓ પખાવડે તેને પવન નાખતી હતી રઝીયાનુ સુદર મુખકમળ વિષાદની છાયાથી સહેજ કરમાઇ ગયેલુ જણાતુ હતુ અને તેની કાળી મોહક આખામા દિલગીરીની સ્પષ્ટ છાપ જણાતી હતી થોડીવાર પછી નિદ્રા લેવાના વિચારથી તે પલગમા સ્વસ્થતાપૂર્વક પાસાભેર સુતી, પરતુ તુરતજ એક બાદી બહારથી આવી અને તેણે નમીને કહ્યુ ‘ જનાબ ! ઉમરાવ મુબારકખા હુજુરમા આવવાની રજા માગે છે ”

“ આવવા દે ” રઝીયાએ તુરતજ કહ્યુ અને તે પલગમા આડી થઇને બેઠી

બાગનો માળી ગુલામ મુબારક કે જે હવે સુલ્તાનાની રહેમથી ઉમરાવ મુબારકખા થયો હતો, તે સુલતાનાની સન્મુખ આવીને ઉપસ્થિત થયો તેણે ગયાઝીને નીચા નમીને સલામ કરી અને અદબથી સામે ઉભો રહ્યો મુબારક આવ્યો કે તુરતજ બન્ને બાદીઓ સુલતાનાની ઇશારતથી ત્યાથી ચાલી ગઇ હતી

મુબારકે ઉમરાવને શોભે તેવો પોશાક પહેરેલો હતો. કારણકે તેને પોતાના દરજ્જા પ્રમાણે પોશાક પહેરવાનુ સુલતાનાનુ ફરમાન હતુ તથા તેની કમરે ડાબી બાજુએ તલવાર પણ લટકતી હતી મુબારક ઉમરાવના પોશાકમા બહુ શોભતો હતો રઝીયા ક્ષણભર તો આ મનમોહન તરૂણ પ્રત્યે અનિમિષ નયનોએ જોઈ રહી તેણે જરા હસીને કહ્યુ ‘ આવો, મુબારકખા ! બેસો ”

મુબારક પણ જરા હસ્યો, પરતુ તેના હાસ્યમા આનદ ન હતો તે કાઇપણ નહિ બોલતા સામે પડેલા આસન ઉપર બેસી ગયો

રઝીયા પલગમા આડી પડી હતી, તે સ્વસ્થ બનીને બેઠી તેણે કેટલીકવાર પર્યંત તો મુબારક તરફ સ્થિર દૃષ્ટિથી જોયા કર્યું પછી અવાજમા મૃદુતા અને સ્નેહનો ભાવ લાવીને તેણે પૂછ્યુ. “ પ્યાર

" વ્યભિચારીણી ! " રઝીયાએ એકદમ પૃછ્યું.

" જી, હા " મુબારકે જવાબ આપ્યો " તેઓ આપની ઉપર એવુ અઘટિત અને અસત્ય દોષારોપણ કરવાનુ પણ ચુકયા નથી "

રઝીયા વિચારમા પડી ગઇ અને તેના મુખ ઉપર ચિંતાની કાલિમા પથરાઇ ગઇ તેણે ક્ષણવાર પર્યંત વિચાર કરીને પૃછ્યુ. " મુબારક ! લોકો મારી ઉપર એવુ અયોગ્ય દોષારોપણ કરતા હોય તો ભલે કરે. એથી મને શી હરકત થવાની છે ? "

" નામવર સુલતાના ! " મુબારકે ગભીર ભાવથી કહ્યુ " એથી આપને ઘણી હરકતો થશે અને તેથી આ વાતની ઉપેક્ષા કરવાની જરૂર નથી જો આ ગુલામનુ કહેવુ આપ કબુલ કરો, તો આપે આપના પોતાના, દિલ્હીના તખ્તના અને સર્વ સામાન્યના હિતની ખાતર મારી ઉપર લાગેલા મોહને દૂર કરી મને આપની નોકરીમાથી મુક્ત કરવો જોઇએ "

રઝીયાએ મુબારકનું કથન સાભળીને જરા ઉત્તેજીત બનીને કહ્યુ. ' વ્હાલા મુબારક ! મારૂ અને આ દિલ્હીના તખ્તનુ ગમે તે થાય, એની મને દરકાર નથી, પરતુ હુ તને છોડીશ નહિ, તારા જેવા નૌજવાન, બળવાન અને રૂપવાન યુવકના પ્રેમની ખાતર ગમે તેટલુ સહન કરવુ પડે તો તે હુ સહન કરી લઇશ "

મુબારક વિચાર અને ચિતાના ભારથી કાઇ પણ નહિ બોલતા અવનત મુખે આસન ઉપર સ્થિરતાથી બેસી રહ્યો રઝીયા તેની આવી અવસ્થા નિહાળીને પલગ ઉપરથી ઉઠીને તેની પાસે આવી અને એજ આસન ઉપર તેની અડોઅડ બેઠી તેણે મુબારકના ખભે પોતાનો હાથ મૂકીને જોરદાર વાણીથી કહ્યુ " પ્યારા દોસ્ત ! હુ એક ઓરત તારા પ્રેમની ખાતર અમીરો કે ઉમરાવો કોઇની પણ દરકાર નહિ કરતા ચાહે તેટલો ભોગ આપવો પડે તો તે આપવાને તૈયાર થઈ છુ, તો પછી તું જવાંમર્દ પુરૂષ થઇને શા માટે ડરે છે ? તારા કહેવા મુજબ આપણી મહોબતમા જો કોઇને સહન કરવુ પડે તો તે મારેજ છે અને તે માટે હુ તૈયાર છુ, તેમ છતા તુ શા માટે ભય પામે છે ? "

મુબારકે આસન ઉપરથી ઉઠવાનો પ્રયાસ કર્યો, પરતુ રઝીયાએ તેને બળપૂર્વક બેસારી રાખ્યો અને તેથી તે નિરૂપાય જેમનો તેમ બેસી રહ્યો રઝીયાએ એ સુદર યુવક તરફ કેટલીકવાર પર્યંત અનિમિષ નયનોએ જોયા કર્યું અને પછી તે તેના હાથને પોતાના કરમા પકડી પોતાના લાલ ઓષ્ટદ્રય સુધી લઇ જઇ તેને ચુબનથી અકિત કર

રઝીયાએ કેવળ તેની સામે જોયુ પણ કાંઈ ઉત્તર આપ્યો નહિ એટલે તે સુલ્તાનાને કુર્નિસ કરીને ત્યાંથી ચાલ્યો ગયો

મુબારક ગયો તે પછી વઝીરે રઝીયાને પૂછ્યું મેહેરબાન સુલ્તાના! ઉમરાવ મુબારકખાં કેમ આવ્યા હતા ?"

"તેને કદાચ કાંઈ કામ હશે" રઝીયાએ જવાબ આપતા પ્રશ્ન કર્યો "પણ તમો અત્યારે આરામના વખતે કેમ આવી પહોચ્યા છો ? શું કઈ ખાસ અગત્યનુ કામકાજ છે કે કાંઈ કારણ બનવા પામ્યુ છે ?"

વઝીરે પોતાની આંખો સાફ કરીને કહ્યું "આપને આરામ લેવાના વખતે હું આવ્યો છુ એટલે આપને તકલીફ તો પડશે પણ શુ કરૂ ? કામ ઘણું અગત્યનુ હોવાથી મારે આ વખતે આવવુ પડયુ છે અને આપ જો કદાચ આરામ કરી ગયા હોત, તો પણ આપને મારે જાગૃત કરવા પડત"

રઝીયાએ આશ્ચર્ય પામીને પૂછ્યું "પણ એટલુ બધુ ઉતાવળનુ અને જરૂરનુ શુ કામ આવી પડયુ છે ? શુ શાહેનશાહતમા કોઈ સ્થળે દંગો કે ફીસાદ થયો છે ? અથવા તો હિન્દુઓ અને મુસલમાનો વચ્ચે તોફાન થયુ છે ?"

"બેગમ સાહેબા ! પરવરદેગારની રહેમથી શાહેનશાહતમા દંગો ફીસાદ તો થયો નથી, તેમજ આપની ન્યાયી રાજ્યપદ્ધતિથી હિન્દુઓ અને મુસલમાનો વચ્ચે તોફાન થવાનો સભવ પણ અત્યારે જણાતો નથી" વઝીરે ઉત્તર આપતા ગભીરતાથી કહ્યું "પણ હુ તો અત્યારે એક જુદાજ કારણસર અને જરૂરની વાતચિત કરવાને માટે આવ્યો છુ આપને મારી વાત સાભળવાની ફુરસદ છે ?"

"એ શુ કહો છો ?" રઝીયાએ તુરતજ કહ્યું "મારા હિતેચ્છુ અને વફાદાર બુઝર્ગ વઝીરની વાત સાભળવાને મને ગમે તે વખતે ફુરસદજ છે"

"ત્યારે સાભળો, સુલ્તાના !" વઝીરે પોતાની દાઢી ઉપર હાથ ફેરવતા ફેરવતા ધીમેથી અને ગભીરપણે કહ્યું "હુ અત્યારે આપના આરામના વખતે જે કારણસર જરૂરની વાતચિત કરવાને આવ્યો છુ, તે એ છે કે મુબારકખાં લાયક માણસ હશે તથા તેનામા યોગ્યતા પણ હશે, પરતુ આપે તેને માળીના અતિ મામુલી પદથી શાહી દરબારના અતિ ઉચ્ચ ઉમરાવપદે ચડાવી દીધો છે, એ વ્યાજબી કર્યું નથી દરબારના અમીરો તથા ઉમરાવો આપના આ અવિચારી કાર્યથી નારાજ થયા છે એટલુજ નહિ પણ તેઓ આપની વિરૂદ્ધ ખટપટ જગાડવાને

અને તેથી તેઓની સલાહ લેવાથી આપની સ્વતંત્રતામાં જરાપણ ભી આવતી નથી ”

“ તો પછી એમજ કહોને કે દિલ્હીની સુલ્તાના પોતાની મરજી ખ કશું કરી શકતી નથી, તે ખાલી દરબારના અમીરો અને ઉમરા- ની ગુલામ છે. ” રઝીયાએ ધીમેથી પણ કટાક્ષપૂર્વક કહ્યું અને પછી જ ગુસ્સાથી પૂછ્યું “ ઠીક છે, પરંતુ મારો અને મુબારકનો ગુપ્ત બંધ છે, એવું તમે શા આધારે કહો છો ? ”

“ બેગમ સાહેબા ? ” વઝીરે નમ્રતાથી કહ્યું “ આપની અને બારકની વચ્ચે કોઇ પ્રકારનો સંબંધ હોવાનું હું કહેતો નથી, તેમ વાનું મને કશું કારણ નથી હું તો માત્ર લોકો જે વાત કરી રહ્યા છે, ની ઉપેક્ષા નહિ કરવાને માટે આપને સવેળા ચેતાવું છું ”

“ એ માટે હું તમારો અહેશાન માનું છું ” રઝીયાએ ગુસ્સાને વી દઇને કહ્યું. “ પરંતુ જે અમીરો અને ઉમરાવો તથા જે લોકો ી સાચી ખોટી નિંદા કરતા હોય, તેમને તમે કહેશો કે સુલ્તાના યાના જાહેર જીવનમાં કાંઈ ખામી જણાય, તો તે માટે તેઓ ચર્ચા ા ટીકા અવશ્ય કરે, પરંતુ તેના ખાનગી જીવન સંબંધી વાતો કરવાનો ને કશો પણ અધિકાર નથી ”

“ જેવી સુલ્તાનાની મરજી “ વઝીરે નારાજ થઇને કહ્યું. “ પણ જે રાતે ઉમરાવોની સભા થવાની છે, એ વાતને લક્ષ્યમાં લેવા મારી રજ છે ”

“ બહુ સારૂ ” રઝીયાએ ટાળીને કહ્યું “ અને હવે તમારે કાંઇ ોષ કહેવાનું નહિ હોય એમ માનું છું ”

વઝીર સુલ્તાનનું છેલ્લું વાક્ય સાંભળીને તુરતજ ઉઠ્યો અને નમીને લ્યો ગયો.

વઝીર ગયો તે પછી રઝીયા ચિંતા, ક્રોધ, શોક ઇત્યાદિ માનસિક ગણીઓના પૂરમાં તણાતી જેમની તેમ સંધ્યા સમય પર્યંત બેસી રહી ને પછી રાત્રિ પડતા તુરતજ એ આવાસનો ત્યાગ કરી અન્યત્ર ચાલી ગઇ.



નાગડ જે આસન ઉપર બેઠો હતો, તેજ આસન ઉપર સિંહ બેઠક ને પૂછ્યુ " રાજવાડામાંથી ક્યારે આવ્યા ? "

" હમણાજ " નાગડે જવાબ આપ્યો ' આવી આવીને બેઠો કે તજ તમે આવી પહોંચ્યા ' " ઠીક પણ હમણા તમે વિચારગ્રસ્ત અને તાતુર જણાઓ છો એનુ શુ કારણ ? " સિંહે નાગડ પ્રત્યે નિહાળીને શ્ન કર્યો

" એનુ કારણ એજ કે મારા પાસા પોબાર પડતા નવી " નાગ ઉત્તર આપ્યો

' અને કદાચ કે વસ્તુપાળ તથા તેજપાળના પોબાર પડે છે " ાહે કહ્યુ

" બરાબર છે ' નાગડે ગભીર વાણી અને ગભીર ભાવથી કહ્યુ રાજદરબારમાંથી તેમનો પગ કાઢવાને માટે હુ જેમ જેમ પ્રયાસ અને હેનત કરૂ છુ, તેમ તેમ તેમનો પગ દઢ બનતો જાય છે વળી રાજદરબા ા જૈનોનુ જોર વધે, એથી હુ કેવળ નારાજ છુ કારણકે તેથી જૈનધ ર્મની ઉન્નતિ થવાની સાથે આપણા શૈવ ધર્મને અનેક હરકતો થવાનો ાભવ છે આ કારણથી રાજકીય ક્ષેત્રમાથી જૈનોને સદતર દૂર રવાને માટે હુ ઘણી ખટપટો કરૂ છુ, પરતુ તેમા ગમે તે કારણથી વિ- ય મળતો નથી હવે તો તમે કાઇ ઉપાય કે માર્ગ દર્શાવો તો સારૂ '

" તમારા કથન ઉપરથી જણાય છે કે તમે નિરાશ થઇ ગયા છો " સિંહે કહ્યુ " પણ તમારા જેવા બાહોશ મુત્સદ્દી પુરૂષને આમ નિરાશ થવુ, એ યોગ્ય નથી રાજકીય ક્ષેત્રમાથી જૈનોને દૂર કરવા, એ ઘણુ જરૂરનુ છે, પરતુ તે માટે હુ તમને ક્યો ઉપાય કે કયો માર્ગ બતાવી શકુ ? એ માટે ઉપાય અથવા માર્ગ કાઢવો, એ તમારૂ મુત્સદ્દીનુ કામ છે અને તેમા તમને સહાય કરવી, એ મારૂ કામ છે "

" તમારી સહાયની તો મને પૂરતી જરૂર છે, કારણ કે એકલા હાથે તાળી પડતી નથી, " નાગડે કહ્યુ. " પણ તમારી સહાયની સાથે મને અત્યારે કોઇના બુધ્ધિબળની પણ અગત્ય છે, કારણ કે મારી બુધ્ધિ અનેક કલ્પનાઓ તથા ખટપટો રચીને બહેર મારી ગઇ છે અને તેથી નવો કશો ઉપાય કે માર્ગ મને હવે સુજતો નથી હુ જો કે હજી નિરાશ થયો નથી, તોપણ હવે કદાચ મારે નિરાશ થવુ પડશે "

" જો તમે નિરાશ થશો, તો પછી આપણી મહત્વાકાક્ષા શી રીતે પાર પડી શકશે ? " સિંહે પૂછ્યુ

સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમ.

(સ્થાપન સંવત ૧૯૬૨)

સામાન્ય માબાપને ત્યાં ન મળી શકે એવા શારીરિક .નસિક અને ધાર્મિક ઉન્નતિના સાધનો આ સંસ્થાના વિદ્યા- 'ઓને પુરા પાડવામાં આવે છે આજ સુધીમાં લગભગ ઢીસો વિદ્યાર્થીઓ તેનો લાભ લઇ સન્માર્ગે ચડયા છે, ને તેથી આપણી કોમના અનેક કુટુમ્બો તરી ગયા છે

હાલમાં ૫૪ વિદ્યાર્થીઓ વગર લવાજમે અગર નામ .ત્રના લવાજમે તેનો લાભ લઇ રહ્યા છે

ધર્મ અથવા તીર્થની રક્ષા કોણ કરી શકે ?

શાસનનાં તીર્થો તથા સીદાતા સાધર્મી ભાઇઓની રક્ષા મેશાં સબળ અને સંસ્કારી પ્રજાએ જ કરી છે જૈન કોમમાં ।વા સબળ સંસ્કારી અને સેવારસિક પુરૂષો ઉત્પન્ન કરવાનો ા સંસ્થાનો મ્હોટામાં મ્હોટો અભિલાષ છે

રૂા. ૫૦૧) આપનાર ગૃહસ્થ એક દિવસના ભોજન ાર્ચમાંથી અમને કાયમને માટે નિશ્ચિત કરી શકે છે, અને ।તે ઘર બેઠે વરસમાં એક દિવસ નિયમિત સ્વામીવાત્સલ્ય રવા જેટલું પુણ્ય હાંસલ કરી શકે છે બાલાશ્રમ એવા ૩૬૦) ।ખી ગૃહસ્થો મેળવવા કયારે ભાગ્યશાળી થશે ?

" મને યાદ રાખજો "

પર્વના પવિત્ર પ્રસંગે કે આનંદોત્સવના અવસરે આ ,ાલાશ્રમને આપ કેમ યાદ ન કરો ? તેના ચોખ્ખા વહિવટ અને ।રસ વ્યવસ્થા વિષે કોઇની કશી ફર્યાદ નથી માત્ર આપની

મીઠી નજર અને મદદનીજ

આશા રાખી રહ્યું છે

વ્યવસ્થાપક

શ્રી સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમ

પાલીતાણા.

શ્રી જૈન વનિતા વિશ્રામ.

ગોપીપુરા—સુરત.

સ્થાપના.

આ સંસ્થા સં ૧૯૭૧મા પ્રાત સ્મરણીય શ્રીમદ્ આ ર્યશ્રી વિજયવલ્લભસૂરિ મહારાજ સાહેબના ઉપદેશથી રતમા સ્થાપવામા આવી છે

શરૂઆત.

૧૦ વિદ્યાર્થીનીઓથી શરૂ કરેલ આ સસ્થામા અત્યારે ૭ વિદ્યાર્થીનીઓ લાભ લે છે. વિધવાઓ તેમજ ત્રણ વર્ષથી ળ વર્ષની ઉમરની બાળાઓ આ સસ્થાનો પૂર્ણ લાભ ળવી રહી છે. સસ્થા તરફથી પ્રગટ થએલ રિપોર્ટ મગા ને વાચો

ાસિક આવક ૯૫–૦–૦ માસિક ખર્ચ ૩૫૦–૦–૦

પરિણામ.

આ સંસ્થામાથી ઉત્તમ સસ્કારોવાળી કેળવણી પામી ધ્યાબધ બાળાઓ પોતાને ઘેર પાછી ફરી છે. જેમના ૭વન અનુકરણીય નિવડયા છે

પરધર્મમા વટલી જતી, અનાથ બની જતી, રખડી ૪તી, મૃતપ્રાય થઈ જાય તેવી સખ્યાબધ નિરાશ્રિત બ્હેનો મહિ નવુ જીવન અને ઉત્તમ સસ્કારો પામી આદર્શ શ્રાવિ- કાઓ બની શકે છે જેનો જાતે મુલાકાત લીધા શિવાય ભાગ્યેજ ખ્યાલ આવી શકે.

જૈન વનિતા વિશ્રામ—

ગુજરાતમા સૌથી પહેલી આ આદર્શ જૈન સસ્થામા આપણી સ્વધર્મી જૈન ન્હાની મ્હોટી બ્હેનો ઉત્તમ સસ્કારો પામી ઉચ્ચ જીવન જીવતાં શીખે છે. ધાર્મિક–ઔદ્યોગીક–ઘર સંસારી નૈતિક કેળવણી સાથે સગીત ભરત–ગુંથણુની કેળ... અપાય છે

સરદાર ! તમે સાવ ભોળા છો ગજા તમારૂ કથન માન્ય નહિ કરે, તો મે શુ કરશો ?"

નાગડની એ વાતથી સિંહ વિમાસણમાં પડ્યો. તેણે ક્ષણવાર ડીને કહ્યુ "પણ તે મારી વાતને શા માટે માન્ય નહિ કરે ?"

"આજપર્યંત વસ્તુપાળ તથા તેજપાળની વિરૂધ્ધની ઘણી વાતો ના સાભળવામા આવી છે, પરંતુ દરેક વખતે એવી વાત કહેનારનોજ તેણે ારસ્કાર કર્યો છે અને એટલાજ માટે તે તમારી વાતને માન્ય નહિ રાખે ને કદાચ તમારો તિરસ્કાર પણ કરશે" નાગડે ઉત્તર આપતા કહ્યુ.

સિંહ પુન વિમાસણમા પડ્યો કેટલીક વારસુધી વિચાર કર્યા પછી ણે કહ્યુ "અમારા સબધના અગે તે મારો તિરસ્કાર કરશે નહિ અને ારી વાતને લક્ષ્યપર્વક સાભળશે, એવી મને ખાતરી છે તેમ છતા જો મારો તિરસ્કાર કરવા જેવી મૂર્ખાઈ કરશે, તો હુ એને સહન કરી લઉ વો નિર્બળ નથી"

"ઠીક ત્યારે" નાગડે કહ્યુ "તમારે રાજા વીરધવળને જે કહે- ઘટે, તે કહેજો અને તેનુ પરિણામ જે આવે, તે મને જણાવજો"

"બહુ સારૂ" સિંહે કહ્યુ "પણ હવે શાત ચિત્તથી આપણી હત્વાકાક્ષા પૂર્ણ કરવાનો કોઈ માર્ગ શોધી કાઢો. તમારા જેવા બાહોશ રૂષને નિરાશ થવુ, એ શોભતુ નથી"

નાગડે પોતાના કપાળે હાથ ફેરવીને કહ્યુ. "ઘણા પ્રયાસોમા નિષ્ફ- તા મળે, ત્યારે ગમે તેવા બાહોશ પુરૂષ પણ નિરાશ થઇ જાય, એ સ્વા ાાવિક છે સારા સબધમા પણ એમજ બનવા પામ્યુ છે, પરતુ તમારા તેજક વચનોથી મારામા આશાનો પુન સચાર થયો છે અને મને ણાય છે કે તમારા જેવા શરવીર સરદાર પક્ષમા હોવાથી આપણે આ- ણી મુરાદ પાર પાડી શકશુ"

"કહો, ત્યારે હવે આપણે દાવ કેવી રીતે ખેલવાનો છે ?" સિંહે રતજ પ્રશ્ન કર્યો

નાગડે ગભીર ભાવથી જવાબ આપતા કહ્યુ "રાજા વીરધવલ, મહામડલેશ્વર લવણપ્રસાદ, યુવરાજ વીરમ અને કુમાર વીસળ એ ચાર કી કોને પક્ષમા લેવાથી આપણે દાવમા જીતી શકીએ, એ પ્રથમ વિચા- રવાનુ છે રાજા તો જાણે આપણા પક્ષમા કોઇ રીતે આવે તેમ નથી, મહામડલેશ્વર ઘણો ભાગ પાટણમા રહેતા હોવાથી તેમને પક્ષમા લેવા-

ાં " મહેતાજી ! એક તરફથી તમે નવી નવી બાજી રચતા જાઓ છો ને બીજી બાજુથી નિરાશ અને હતોત્સાહ બનતા જાઓ છો, એનુ શુ રણ ? "

" એનુ કારણ એજ કે મે હજી સુધી એકે બાજીમા જીત મેળવી થી " નાગડે તેની નિરાશાનુ કારણ કહી બતાવ્યુ

" પણ આ બાજીમા ભગવાન સોમનાથની કૃપાથી તમે જીત મેળવશો, એમ મને લાગે છે " સિંહે કહ્યુ.

" મને પણ એમજ લાગે છે નાગડે કહ્યુ " પરતુ તમારે એક મ કરવાનુ છે '

" શુ ' સિંહે જીજ્ઞાસાથી પૂછ્યુ

" તમારા ભાણેજ અને તેજપાળના પુત્ર લુણસિહ વચ્ચે ગાઢ ત્રી-સબધ છે, તે તોડાવવાનુ કામ તમારે કરવાનુ છે " નાગડે ઉત્તર ાપતા કામ કહી બતાવ્યુ.

" અને એ કામ હુ કરી શકીશ " સિંહે તુરતજ કહ્યુ

" તો પછી આપણે દાવ જીતી શકશુ " નાગડે ઉત્સાહથી કહ્યુ.

" ત્યારે હુ હવે જાઉ છુ " સિંહે આસન ઉપરથી ઉઠીને કહ્યુ

" ભલે, પણ મે કહ્યુ તે લક્ષ્યમા રાખશો " નાગડે ભલામણ કરી.

" તે બાબતમા તમે નચિત રહો " સિંહે કહ્યુ અને નાગડ મહેતાની રજા લઇને તે ત્યાથી ચાલ્યો ગયો

તે ગયા પછી નાગડ મહેતા ઉંડા વિચારમાને વિચારમા બાગમા બેસી રહ્યો તેણે સિહની સમક્ષ દાવમા જીત મેળવવાની આશા બતાવી હતી, પરતુ અત્યારે તેનુ મન આશા અને નિરાશા વચ્ચે ઝોલા ખાતુ હતુ



પ્રકરણ ૨૧ મું.

મામો અને ભાણેજ.

ગત પ્રકરણમા વર્ણવેલી ઘટના ઘટ્યા પછી બે દિવસ જેટલો સમય વ્યતિત થઇ ગયો હતો વખત પ્રાત કાળનો હતો રાજકુમાર વીસળ તથા તેનો મિત્ર અને મત્રી તેજપાળનો પુત્ર લુણસિહ બ

" ત્યારે તમે પૂરા ભાગ્યશાળી કે કર્ણાટક નરેશની કુવરી સાથે ારૂ લગ્ન થયુ " લુણસિંહે સહજ સ્મિત કરીને કહ્યુ

" ત્યારે તમે પણ કર્ણાટકની કોઇ શ્યામળી કન્યા સાથે લગ્ન ક- ો શા માટે ભાગ્યશાળી બનતા નથી ? " વીસળે જરા ગભીર બનીને ાલ કર્યો

" હુ એજ વિચારમા છુ, પરતુ મને તેવી કન્યા કોણ લાવી પે ? " લુણસિંહે પણ ગભીરતા ધારણ કરીને ઉત્તર આપતા પૂછ્યુ.

" તમને જો શ્યામળી સ્ત્રી પસદ હશે તો હુજ તેવી કન્યા સાથે ારૂ લગ્ન કરાવી આપીશ " વીસળે ઉત્તર આપ્યો

" તો આપણે તૈયાર છીએ " લુણસિંહે કહ્યુ અને પછી પૂછ્યુ. પણ રાજકુમાર ! મને પૂછવા દો કે શુ તમને શ્યામા સ્ત્રી પસદ નથી ? "

" શામાટે પસદ ન હોય ? કારણકે શ્યામતા એજ ખરેખરૂ રૂપ ! " વીસળે માર્મિકતાથી જવાબ આપ્યો

" રાજકુમાર ! " લુણસિંહે કહ્યુ " તમારા માર્મિક કથનથી ણાય છે કે તમે શ્યામા સ્ત્રીને પસદ કરતા નથી અને તેથી કર્ણાટક રાની કુવરી કે જેને તમે પરણીને હમણા લાવ્યા છો, તેને તે શ્યામા વાના કારણથી કદાચ ચાહતા પણ નહિ હો, પરતુ મારે કહેવુ જો- ણે કે શ્યામતા એ કુરૂપ નથી, કિન્તુ સૌંદર્યનો એક મનોહારી પ્રકાર ખરીરીતે તો મુખ, નાસિકા ઇત્યાદિ પ્રમુખ અવયવોનુ બેડોળપણુ ને લાવણ્યહિનતા એજ કુરૂપ છે, નહિ કે શરીરની શ્યામતા, કાર- ક જો શ્યામતાની કુરૂપમા ગણના થતી હોત, તો શ્યામળા શ્રી ણની પાછળ ગોપીઓ ગાડી બનત નહિ આ ઉપરથી મારો કહેવાનો ાશય એ છે કે કોઈ સ્ત્રી શરીરે ભલે શ્યામ હોય, પરતુ તે સાથે ના પ્રત્યેક અવયવો સુકોમળ, સુગઠિત અને લાવણ્યથી ભરપુર ાય, તો તેની સુદર સ્ત્રીમા ગણના કરવામા કશી પણ હરકત નથી "

લુણસિહ બોલતો બધ થયો એટલે વીસળે તુરતજ કહ્યુ લુણ- ાહ ! તમે શ્યામા સ્ત્રીના આટલા બધા વખાણ કરો છો અને શ્યામ- ાની સૌદર્યમા ગણના કરો છો, તેથી જણાય છે કે તમારા લગ્ન કોઇ ામળા રગની કન્યા સાથે થવાના હશે ઠીક, ત્યારે તમે પણ મારા ેવા ભાગ્યશાળી તો ખરાજ ! "

" મારા લગ્ન હજી કોઇની સાથે થવાનુ નક્કી થયુ નથી " લુણ- ંહે જરા હસીને કહ્યુ " પણ રૂપાળી અને શ્યામળી એવી બે :

"રાજકુમારની સાથે હરવા ફરવામાં હું તમારે ખુશી ન હોઉં ?" લુણસિંહે સીધો ઉત્તર આપવાને બદલે સામો પ્રશ્ન કર્યો.

એના ઉત્તરમાં સિંહ ઉતાવળથી બોલવા જતો હતો, તેને અટકાવીને વીસળે કહ્યું "પણ મામા ! આવા પ્રશ્નો પૂછવાનું તમારે શું પ્રયોજન છે ? હું અને લુણસિંહ બન્ને મિત્રો છીએ અને તેથી અમે એક બીજા સાથે ફરીએ હરીએ, એમાં ખુશી કે નાખુશીનો સવાલજ નથી."

"બહુ સારૂં" સિંહે કચવાતા મને કહ્યું "તમને એ વાત પસંદ ન હોય, તો હું તમારા મિત્ર લુણસિંહને એ વિષયમાં કાંઇ પૂછીશ નહિ. પણ તમે શહેરમાં ક્યારે જવાના છો ?"

"કેમ, મારૂં કાંઇ ખાસ કામ છે ?" વીસળે પૂછ્યું.

"ના, ના. કાંઇ ખાસ કામ તો નથી." સિંહે જવાબ આપતાં કહ્યું "હું તો સામાન્ય રીતે માત્ર જાણવાના આશયથીજ પૂછું છું."

"હવે કાંઈ બહુ વાર નથી" વીસળે કહ્યું "મહાદેવના દર્શન કરી લઇએ તેટલીજ માત્ર વાર છે." એમ કહીને વીસળ ઓટા ઉપરથી ઉઠ્યો અને તે સાથે લુણસિંહ અને સિંહ પણ ઉઠયા. તેઓ ત્રણે શિવાલયમાં શ્રી શંકરના દર્શન કરીને ઘોડેસ્વાર થયા અને પોતાના ઘોડાઓને નગર તરફ ચલાવ્યા. થોડા સમયમાં તેઓ રાજમાર્ગે થઇને રાજમહાલયના મુખ્ય દરવાજે આવી પહોંચ્યા.

દરવાજાના દ્વારની બહાર પોતાનો ઘોડો રોકી રાખીને લુણસિંહે વીસળને ઉદ્દેશીને કહ્યું "હું હવે રજા લઉં છું, રાજકુમાર !"

"ભલે. પણ પાછા ક્યારે મળશો ?" વીસળે તેને રજા આપતાં જાણવા માગ્યું.

"મધ્યાન્હ પછી." લુણસિંહે ઉત્તર આપ્યો.

"ઠીક" વીસળે કહ્યું અને તે તથા સિંહ રાજવાડાની અંદર ગયા. રાજવાડામાં પ્રવેશીને વીસળ તેના મહેલમાં ગયો અને તેનો મામો સિંહ પણ તેની સાથેજ ગયો. ઘોડો માણસને સોંપી તથા કપડાં ઉતારીને વીસળ તેના મામાની પાસે જઇને બેઠો.

થોડીવાર બન્ને મૌન બેસી રહ્યા. તે પછી સિંહે મૌનનો ભંગ કરીને પૂછ્યું.

"યુવરાજ વીરમના તમે કાંઇ સમાચાર સાંભળ્યા છે કે નહિ ?"

"કયા સમાચાર ?" વીસળે આતુરતાથી સામો પ્રશ્ન કર્યો.

"એનું કારણ ?" વીસળે તુરતજ પૂછ્યું

"એનું કારણ સ્પષ્ટ છે પરંતુ હું કહીને, તે ખરાબ માનવામાં આવશે નહિ" સિંહે ઉત્તર આપતાં કહ્યું.

"પણ તમે કહો તો ખરા" વીસળે જાણવા માગ્યું

"વીસળદેવ !" સિંહે ગંભીર મુદ્રા ધારણ કરીને કહ્યું. "લુણસિંહ તમારી સાથે શામાટે મૈત્રીસબંધ રાખે છે, એનું કારણ તમે જે માનતા હો, તેથી જૂદુંજ છે તમે એમ માનતા હશો કે તે તમારી સાથે શુદ્ધ મૈત્રીભાવ રાખતો હશે, પરંતુ મારે કહેવું જોઇએ કે તમારી એ માન્યતા તદ્દન ભૂલભરેલી છે, કારણકે મહત્ત્વાકાક્ષી વસ્તુપાળ તથા તેજપાળના એક વિશિષ્ટ સ્વાર્થમય હેતુને લઇનેજ તે તમારો મિત્ર થયો છે વસ્તુપાળ અને તેજપાળ તમને પોતાના કાબુમાં રાખવા ઇચ્છે છે તમને ધોળકાની અને બની શકે તો પાટણની રાજગાદીએ સ્થાપી તેઓ પોતાનો અનેક ગુણો સ્વાર્થ સાધી લેવા માગે છે અને તેમના નિર્માલ્ય અહિંસામય ધર્મને રાજધર્મ બનાવી શૈવધર્મ ઉપર વિજય મેળવવાને મથે છે"

વીસળ તેના મામાના કથનને એકધ્યાને સાભળી રહ્યો હતો

"અને રાજકુમાર !" સિંહે સ્વરમા કાઇક જોર લાવીને કહ્યું "આ ઉપરાત તેઓ આ પ્રદેશના માડલિક અને બની શકે તો સ્વતંત્ર રાજા થવાના પણ પ્રયાસમા છે"

"મામા !" વીસળદેવે તુરતજ કહ્યું "તમારી વાત તદ્દન અસંભવિત અને નહિ માનવા જેવી છે"

"એ તો મે પ્રથમથીજ કહ્યું હતું કે મારી વાત તમારા માનવામા આવશે નહિ" સિંહે ભવિષ્યવાદી જેવો ડોળ કરીને કહ્યું

"પણ તમારી વાત સાચી હોવાનો પુરાવો શો છે?" વીસળદેવે પ્રશ્નપૂછ્યો

"પુરાવા એક નહિ પણ અનેક છે" સિંહે એકદમ જવાબ આપ્યો "પણ અત્યારે તો એકજ પુરાવો આપવાનું બસ ધારૂં છું ધોળકા રાજ્યનો સમગ્ર ધનભંડાર અને સમસ્ત સૈન્ય તેઓના તાબામા છે અને તેથી તેઓ ધારે તો એકજ ક્ષણમા તમારા પિતાને પદભ્રષ્ટ કરી રાજગાદીને પ્રાપ્ત કરી શકે તેમ છે"

"પણ તેઓ મારા પિતાના પરમ વિશ્વાસુ અને રાજ્યના વ

છે પરંતુ મને લુણસિંહની મૈત્રીમાં મહેજ પણ સ્વાર્થનો અંશ હોવાનું જણાતું નથી તેના જેવો સરલ અને શુદ્ધ હૃદયનો બીજો યુવક નથી "

સિંહે પૂર્ણ ગંભીરતા ધારણ કરીને ગંભીર વાણીથી કહ્યું. " વીસળદેવ! મારા ભોળા ભાણેજ! તમે કેવળ નિખાલસ દિલના અને સરલ સ્વભાવના છો અને તેથી તમે ઉજળું એટલું દૂધજ દેખો છો. પરંતુ તમારા હિતેચ્છુ મામા તરીકે મારૂં કર્ત્તવ્ય છે કે મારે તમને વસ્તુસ્થિતિથી જાણીતા કરવા અને યોગ્ય સલાહ આપવી તેમ છતા મારી વાતને સાચી માનવી કે નહિ અને મારી સલાહને માન આપવું કે નહિ, એ વિચારવાનું કામ તમારૂં છે '

વીસળ પૂર્ણ વિચારમાં પડી ગયો તેણે કેટલોક સમય પર્યંત વિચાર કરીને કાંઈક ચિંતાભરી વાણીથી પૂછ્યું " ત્યારે તમારી સલાહ તો એવીજ છે કે મારે લુણસિંહની મૈત્રીનો ત્યાગ કરવો અને વસ્તુપાળ તથા તેજપાળથી ચેતતા રહેવું ? "

" અવશ્ય " સિંહે તુરતજ જવાબ આપ્યો અને કહ્યું " અને તે સાથે તમારે નાગડ મહેતા ઉપર વિશ્વાસ રાખવો અને તેની સલાહ મુજબ વર્ત્તવું "

સિંહની સચોટ વાત અને હિતકારક જણાતી સલાહથી વીસળ વધારે શંકાશીળ થયો તેણે શાંતિ અને ધીરજથી કહ્યું " મામા! તમે કહેલી વાત અને તમે આપેલી સલાહના સંબંધમાં હું સંપૂર્ણ વિચાર કરી જોઈશ અને જો મને તે યોગ્ય અને હિતાવહ જણાશે, તો હું તે પ્રમાણે વર્ત્તીશ "

" ભલે, તમારે વિચાર કરવો હોય, તો ખુશીથી કરશો, પરંતુ વિચાર કરવામાં વધારે વખતને ગુમાવશો નહિ " સિંહે કહ્યું

વીસળદેવ કાંઇ પણ નહિ બોલતા ચૂપ બેસી રહ્યો

હવે વીસળને વિચાર કરવાની તક આપવી જોઈએ, એમ વિચારી સિંહે ઉભા થઈને કહ્યું " હું હવે જાઉં છું ? "

એના જવાબમાં વીસળે માત્ર પોતાનું મસ્તક નમાવ્યું તે જોઇ સિંહ ધીમે ધીમે ખંડનો ત્યાગ કરી ગયો અને વીસળ ઉંડા વિચારમાં ઉતરી પડતા ત્યાં જેમનો તેમ બેસી રહ્યો તે આ પ્રમાણે કેટલો વખત બેસી રહેત, એ કહેવું મુશ્કેલ છે, પરંતુ કેટલીક વાર પછી એક દાસીએ ખંડમાં પ્રવેશીને ભોજનનો સમય વ્યતિત થઇ ગયો છે, એમ કહ્યું, ત્યારે જ તે ઇચ્છા નહિ છતા પણ ઉઠ્યો અને દાસીની સાથે રણીવાસમાં ગયો

—❧◎❧—

યશોમતી જો કે પદ્મા કરતા વયમા નાની હતી, પરંતુ પદ્મા સ્વભાવમા હજી મુગ્ધા બાલિકા જેવીજ ભલી હોવાથી તેની અને યશોમતીની વચ્ચે સમાન વયની સખીઓ જેવો સ્નેહ જાગ્યો હતો ભોજન વગેરે કાર્યમાથી નિવૃત્ત બનીને આ બન્ને સખીઓ—એક તરુણી અને એક નવયુવતિ—આવાસના પાછલા ભાગમા આવેલા વાડાના એકાંતિક લતામંડપમા આવીને વાર્તાવિનોદ કરતી બેઠેલી હતી એ વખતે એક પરિચારિકા લતામંડપમા આવી પહોચી અને પદ્માને વસ્ત્રમા છપાવેલી કોઇ વસ્તુ આપીને તથા નેત્રસંકેત કરીને ત્યાથી પાછી ચાલી ગઇ પદ્માએ એ વસ્તુને પોતાના હાથમા છુપાવેલી રાખીને યશોમતીની સામે જોયુ અને સ્હેજ સ્મિત કરીને પૂછ્યુ "યશોમતી ! કહે જોઇએ, આ શી વસ્તુ હશે ?"

"તમે એ વસ્તુને ખુલ્લી કરી બતાવો એટલે હુ તુરતજ કહી આપીશ કે એ શી વસ્તુ છે !" યશોમતીએ આડકતરી રીતે વસ્તુને ખુલ્લી કરવાની સૂચના કરતા જવાબ આપ્યો

"જો હુ તેની ઉપરના વસ્ત્રને દૂર કરી દઉ તો તુ કહી આપ, એમા આશ્ચર્ય શુ છે ?" પદ્માએ કહ્યુ

"એમા આશ્ચર્ય તો કાઇ નથી" યશોમતીએ જવાબ આપતા પ્રશ્ન કર્યો "પણ વસ્ત્રમા છુપાવી રાખેલી વસ્તુને નજરે નિહાળ્યા વિના સાગથી શી રીતે કહી શકાય કે તે અમુકજ વસ્તુ છે ?"

"ઠીક, એ વાતને જવાદે" પદ્માએ તુરતજ કહ્યુ "પણ મે આ વસ્તુ તારા માટેજ મગાવી છે, સમજી ?"

યશોમતીએ હસતા હસતા કહ્યુ "ત્યારે એ વસ્તુ કાઇ સ્વાદિષ્ટ ફળ કે ખાવાનો ઉત્તમ પદાર્થ હશે કારણ કે તમે મને ખાવાની વસ્તુઓ વખતોવખત આપ્યા કરો છો અને તેથી આ વખતે પણ એવીજ કોઇ સારી ખાવાની વસ્તુ હોવી જોઇએ, એવી મારી માન્યતા છે, પરંતુ અત્યારે તમે મને આગ્રહપૂર્વક બહુજ જમાડેલી હોવાથી હુ એને ખાઇ શકીશ નહિ"

"ત્યારે આ વસ્તુ તારે જોઇતી નથી ?" પદ્માએ પ્રશ્ન કર્યો

"બિલ્કુલ નહિ" યશોમતીએ ચોકખી ના પાડી

"પણ ના પાડવામા જો જે પસ્તાની નહિ ?" પદ્માએ વસ્ત્રને જરા દૂર કરીને કહ્યુ

"ભલે" યશોમતીએ તુરતજ કહ્યુ "એ ગમે તેવુ ઉત્તમ ફળ

પછી યશોમતી લુણસિંહના ચિત્રને ધ્યાનપૂર્વક જોઇ રહી અને આ પ્રમાણે કરવામાં પદ્માનો શો હેતુ હશે એ વિષે વિચારમાં પડી.

કેટલોક સમય ચિત્રને ધ્યાન પૂર્વક જોયા પછી તથા પદ્માની અત્યારની વર્તણુક સબંધમાં વિચાર કરી લીધા પછી, તેણે પોતાના મનને ધીમેથી કહેવા માંડયું " મારા પૂર્વના વિચારોમાં અને સેવાવ્રતની અભિલાષામાં ધીમે ધીમે પરિવર્તન થતું જાય છે, એનું શું કારણ ! મારૂં ચિત્ત પ્રથમ કેવળ શાંત અને નિર્મળ હતું, તેના બદલે હવે એટલું બધું અસ્થિર અને અશાંત બની ગયું છે કે કોઇ પણ કામમાં કે વાર્તાલાપમાં મને શાંતિ તથા રમતું ભાન થતું નથી એનું પણ શું કારણ ! શ્રી શત્રુંજય તીર્થ ઉપર ગુરૂ મહારાજની સમક્ષ જાહેર કરેલી ઇચ્છાનો અને કુમારી અવસ્થામાં જીવન ગુજારવાની મારી અભિલાષાનો શું મારે ત્યાગ કરવો પડશે ? લુણસિંહને જોવા માત્રથી મારા હૃદયમાં લાગણીઓનું જે પૂર ઉભરાય છે અને સમસ્ત શરીરમાં જે કંપ અનુભવાય છે, તેનો શો અર્થ ? મારૂં મન આટલું બધું નિર્બળ શાથી બની ગયું હશે ? "અને મેં સાભળ્યું છે કે એ વ્રતને ઉત્તમ પ્રકારે પાળવા માટે તમે કુમારી અવસ્થામાં રહેવાને ઇચ્છા છે એ શું સાચું છે ?" એવા લુણસિંહના પ્રશ્નના ઉત્તરમાં એ સાચું છે એવો જવાબ આપતી વારે મારામાં જે થોડી ઘણી દૃઢતા હતી તે પણ હવે ચાલી ગઇ છે અને હું કેવળ હતાશ અને નિરાશ બની ગઇ છું મારાથી મનની અસ્થિરતા અને શરીરની અસ્વસ્થતા હવે સહન થતી નથી હે કૃપાનિધાન પરમાત્મા ! મારા હૃદયની દુર્બળતાને દૂર કરવાનું મને સામર્થ્ય આપો અને કૃપા કરીને મને આ પ્રકારના મોહાંધકારમાંથી પવિત્ર પ્રકાશમાં જવાનો માર્ગ બતાવો "

ભક્તની પ્રાર્થના સાભળીને દેવતા જેમ પ્રગટ થાય, તેમ તે ક્ષણે લુણસિંહ ત્યાં આવી પહોચ્યો તેણે કહ્યું " ઉત્તમ સંસ્કાર અને વિચારવાળી બાળા ! તમારી સન્મુખ આમ અચાનક આવવાને માટે મને ક્ષમા આપશો તમારૂં સ્વગત કથન મેં સંપૂર્ણ સાભળ્યું છે અને તેથી હું કહેવાની હિંમત કરૂં છું કે તમારા મનની દુર્બળતાને દૂર કરવાને એક જ માર્ગ તમારા માટે અવશેષ રહ્યો છે "

જેના સબંધમાં યશોમતી પોતાના મન સાથે વાત કરી રહી હતી, તેને આરાધ્ય દેવની જેમ પોતાની સમક્ષ નિહાળીને તેને સ્વાભાવિક રીતે જ શુભ આનંદની સાથે ક્ષોભ થયો, અને તેના હાથમાંથી ચિત્ર નીચે જમીન ઉપર પડી ગયું

પછી યશોમતી લુણસિંહના ચિત્રને ધ્યાનપૂર્વક જોઇ રહી અને આ પ્રમાણે કરવામાં પદ્માનો શો હેતુ હશે, એ વિષે વિચારમાં પડી

કેટલોક સમય ચિત્રને ધ્યાન પૂર્વક જોયા પછી તથા પદ્માની અત્યારની વર્તણુક સબધમા વિચાર કરી લીધા પછી, તેણે પોતાના મનને ધીમેથી કહેવા માડ્યુ “ મારા પૂર્વના વિચારોમા અને સેવાવ્રતની અભિલાષામા ધીમે ધીમે પરિવર્તન થતુ જાય છે, એનુ શુ કારણ ! મારૂ ચિત્ત પ્રથમ કેવળ શાત અને નિર્મળ હતુ, તેના બદલે હવે એટલુ બધુ અસ્થિર અને અશાત બની ગયુ છે કે કોઇ પણ કામમા કે વાર્તાલાપમા મને શાતિ તથા રસનુ ભાન થતુ નથી એનુ પણ શુ કારણ ! શ્રી શત્રુજય તીર્થ ઉપર ગુરુ મહારાજની સમક્ષ જાહેર કરેલી ઇચ્છાનો અને કુમારી અવસ્થામા જીવન ગુજારવાની મારી અભિલાષાનો શુ મારે ત્યાગ કરવો પડશે ? લુણસિહને જોવા માત્રથી મારા હૃદયમા લાગણીઓનુ જે પૂર ઉભરાય છે અને સમસ્ત શરીરમા જે કપ અનુભવાય છે, તેનો શો અર્થ ? મારૂ મન આટલુ બધુ નિર્બળ શાથી બની ગયુ હશે ? “અને મે સાભળ્યુ છે કે એ વ્રતને ઉત્તમ પ્રકારે પાળવા માટે તમે કુમારી અવસ્થામા રહેવાને ઇચ્છા છે એ શુ સાચુ છે !” એવા લુણસિંહના પ્રશ્નના ઉત્તરમા એ સાચુ છે એવો જવાબ આપતી વારે મારામા જે થોડી ઘણી દૃઢતા હતી તે પણ હવે ચાલી ગઇ છે અને હુ કેવળ હતાશ અને નિરાશ બની ગઇ છુ મારાથી મનની અસ્થિરતા અને શરીરની અસ્વસ્થતા હવે સહન થતી નથી હે કૃપાનિધાન પરમાત્મા ! મારા હૃદયની દુર્બળતાને દૂર કરવાનુ મને સામર્થ્ય આપો અને કૃપા કરીને મને આ પ્રકારના મોહાધકારમાથી પવિત્ર પ્રકાશમા જવાનો માર્ગ બતાવો ”

ભક્તની પ્રાર્થના સાભળીને દેવતા જેમ પ્રગટ થાય, તેમ તે ક્ષણે લુણસિંહ ત્યા આવી પહોચ્યો તેણે કહ્યુ “ ઉત્તમ સસ્કાર અને વિચારવાળી બાળા ! તમારી સન્મુખ આમ અચાનક આવવાને માટે મને ક્ષમા આપશો તમારૂ સ્વગત કથન મે સપૂર્ણ સાભળ્યુ છે અને તેથી હુ કહેવાની હિમત કરૂ છુ કે તમારા મનની દુર્બળતાને દૂર કરવાને એકજ માર્ગ તમારા માટે અવશેષ રહ્યો છે ”

જેના સબધમા યશોમતી પોતાના મન સાથે વાત કરી રહી હતી, તેને આરાધ્ય દેવની જેમ પોતાની સમક્ષ નિહાળીને તેને સ્વાભાવિક રીતે જ ગુપ્ત આનન્દની સાથે ક્ષોભ થયો, અને તેના હાથમાથી ચિત્ર નીચે જમીન ઉપર પડી ગયુ

કુમારીકાની સાથે વાર્તાલાપમાં એટલી હદ સુધી સ્વતંત્રતા લેવી, એ મને યોગ્ય લાગ્યુ ન હતુ અને તેથી હુ મૌનજ રહ્યો હતો પછી તમે તુરતજ ભૃગુકચ્છ ચાલ્યા ગયા અને મને તમારી સાથે વધારે સહવાસમા આવી મારા દિલની વાત કહેવાનો પ્રસગ મળ્યો નહિ પણ મારા માતુશ્રીએ તમારા જેવી ઉત્તમ ભાવનાવાળી બાળાને પોતાની પુત્રવધૂ કરવાનો નિશ્ચય કર્યો હોવાથી તેમણે મારા ફૈબા અને તમારા સખી પદ્માબ્હેનને તમારૂ મન મારી પ્રત્યે વાળવાને માટે યોગ્ય સૂચના આપેલી હતી અને તેથી મારા ફૈબા તમને આગ્રહ કરીને પોતાની સાથે અંહી ધોળકા નગરમા તેડી લાવ્યા છે અત્યારે આ લતામડપમા તમને લઇ આવવામા તથા મારૂ ચિત્ર તમને આપીને આહીથી ચાલ્યા જવામા તેમનો હેતુ આપણને એકાતમા મળવાનો અવકાશ આપવાનો છે, એ તમારા સમજવામા હવે આવી શક્યુ હશે તેમજ મારાં ફૈબાએ મોકલવાથી હુ અહી આવ્યો છુ અને લતામડપની બહાર ઉભા રહીને મે તમારૂં મનોગત કથન બધુ સાભળેલુ હોવાથી તમારા મનની દુર્બળતાને દૂર કરવાનો એકજ માર્ગ તમારા માટે અવશેષ રહ્યો છે, એમ લતામડપમા પ્રવેશતાજ કહેવામા મારો શો આશય હશે, એ તમને હવે સમજાવવુ પડે તેમ નથી ”

યશોમતી લુણસિહનુ કથન નીચી નજરે પણ એક ધ્યાનથી સાભળતી હતી તેણે લુણસિહને બોલતો બધ રહેલો જોઇને તેની સામે એકવાર જોયુ પરતુ તે કાઇ પણ બોલવાનું સાહસ કરી શકી નહિ

લુણસિહે થોડી વાર રહીને કહેવા માડ્યુ- “યશોમતી ! મે તમને અત્યારે જે વાત કહી બતાવી છે, તેથી તમે મારા દિલની વસ્તુસ્થિતિને સમજી શક્યા હશો, એવી મારી માન્યતા છે તેમ છતા જો તમને આથી વધારે સ્પષ્ટીકરણની જરૂર હોય, તો અત્યાર સુધી તમારા પ્રત્યેના પ્રેમને મારા હૃદયમા ધારણ કરી રાખ્યો હતો, તેને આ વખતે સ્પષ્ટ કરૂ છુ મારાતા કે જેમ તમારા દિલમા મારા માટે ચોક્કસ લાગણીનો જન્મ થયો છે, તેમ મારા દિલમા પણ તમારા માટે તેવીજ લાગણીનો જન્મ થયો છે અને તેથી હુ તમારી પાસે તમારા પ્રેમની યાચના કરૂ છુ મને ખાતરી છે કે તમે મને નિરાશ નહિજ કરો ”

યશોમતીના સુદર અને મોહામણા મુખ ઉપર સતોષની અસ્પષ્ટ છાયા થોડીવાર છવાઇ ગઇ અને પાછી અદશ્ય થઇ ગઇ. તે તેના ગુલાબી ગાલને કોમળ કરાગુલીથી ટેકાવીને વિચારમા પડી ગઇ, કારણ

સાગને સાગરૂપ અને સુખમય બનાવવો જોઇએ અને જો તેને માત્ર આત્મકલ્યાણજ કરવુ હોય, તો સમાગનો ત્યાગ કરી સાધુજીવન ગુજારવુ જોઇએ સાગશ કે સમાગમા રહ્યા છતા સ્ત્રીએ કુમારી અવસ્થામા જીવન ગુજારવાની ઇચ્છા રાખવી, એ મારી માન્યતા મુજબ અયોગ્ય છે: માટે યશોમતી ! તમને મારી સલાહ છે કે તમે જીવનભર કુમારી અવસ્થામા રહેવાની ઇચ્છાને ત્યજી દ્યો અને કૃપા કરી મારી યાચનાનો સ્વીકાર કરો," લુણસિહે પોતાના કથનના આશયને સ્પષ્ટ કરી દર્શાવતા કહ્યુ

"લુણસિહ !" યશોમતીએ વ્યથિત અતઃકરણથી કહ્યુ "તમારા જેવા સજ્જન અને ગસિક યુવકની પ્રેમયાચનાનો સ્વીકાર કરવો, એ હર-કઈ બાળાના જીવનનુ સદ્ભાગ્ય છે અને હુ તેનો સ્વીકાર કરવામા આનાકાની કરૂ છુ, તેને મારા જીવનનુ દુર્ભાગ્ય માનુ છુ, પરતુ તમે આતેજ કહો કે મારાથી તમારી યાચનાનો સ્વીકાર થઈ શકશે ખરો ?"

"તમારા પ્રશ્નનો ઉત્તર આપુ, તે પહેલા હુ તમને એક સવાલ પૂછવાની રજા લઉ છુ" લુણસિહે કહ્યુ અને પૂછ્યુ "અને તે એ છે તમે જીવનભર કુમારી અવસ્થામા રહેવાની પ્રતિજ્ઞા કરી છે ?"

"ના, એવી પ્રતિજ્ઞા મે કરી નથી, પરતુ મારી તેવી ઇચ્છા છે" યશોમતીએ જવાબ આપ્યો,

"અને તેવી ઇચ્છા રાખવાનુ કારણ શુ છે ?" લુણસિહે ફરીને પૂછ્યુ

"એનુ કારણ મારા જીવનનો આદર્શ, દેશ સમાજ તથા ધર્મની સેવામા જીવન વ્યતિત કરવાનો કરેલો નિશ્ચય" યશોમતીએ ઉત્તર આપ્યો

"ત્યારે યશોમતી ! જીવનભર કુમારી અવસ્થામા રહેવાની તમે પ્રતિજ્ઞા કરેલી નથી એટલે મારી યાચનાનો સ્વીકાર કરવામા તમને કશી પણ હરકત નથી" લુણસિહે આનદ પામીને કહ્યુ

"પણ મે નિશ્ચય કર્યો છે, તે શુ તમારા ખ્યાલમા નથી ?" યશોમતીએ તુરતજ પૂછ્યુ

"તે મારા ખ્યાલમાજ છે અને તેનુ નિરાકરણ કરવુ સરલ છે" લુણસિહે ઉત્તર આપતા કહ્યુ "તમારા સેવાવ્રતના વિચારો અને ભાવનાઓને હુ અનુકુળ થઇશ અને તમારા કાર્યમા સહાય પણ કરીશ. કહો, હવે તમને કશી હરકત છે ?"

યશોમતી લુણસિહના છેવટના પ્રશ્નના ઉત્તરમા ચૂપ રહી તે લુણ-સિહની સાથે પોતાના નિશ્ચય અને ઇચ્છાના સબધમા ચર્ચા કરી રહી હતી

યશોમતીના મુખ ઉપરના ભાવને બદલાયેલો જોઈને અને તેને પોતાને અનુકૂળ થયેલો નિહાળીને લુણસિંહ સ્નેહભર્યા અવાજથી કહ્યું. " યશોમતી! હવે મારી પ્રેમયાચનાનો સ્વીકાર કરવામાં શા માટે વાર લગાડો છો? મને હવે શા માટે તલસાવો છો? શું હજી પણ તમે " હું તમારી યાચનાને સ્વીકારૂં છું " એમ કહેવામાં વિચાર કરો છો?"

યશોમતીના હૃદય ઉપર લુણસિંહના પ્રેમભર્યા વચનોથી ધારેલી અસર થઇ અને તેણે કાંઇક શરમાતા અને કાંઇક સંકોચ પામતા કહ્યું. " લુણસિંહ! હું તમારી "

યશોમતી લજ્જાથી આગળ બોલી શકી નહિ તેનું સુંદર વદન કમળ શરમથી લાલ બની ગયું અને તેની લજ્જાશીળ આંખો નીચી ઢળી ગઇ

પણ લુણસિંહ તેની યાચનાનો સ્વીકાર થયો છે, એમ તુરતજ સમજી ગયો અને તેથી તેના આનંદની કાંઇ સીમા રહી નહિ તે ખુશી થતો થતો સહાસ્ય મુખે લજ્જાવતી યશોમતી પ્રત્યે પ્રેમભરેલી દ્રષ્ટિએ જોઇ રહ્યો આ સમયે બન્નેના હૃદયમાં કેવા કેવા તરંગો અને વિચારો ઉપજતા હશે, તેની કલ્પના કરવી મુશ્કેલ છે તેમજ એ ઉભયને કેવો અલૌકિક આનંદ થતો હશે, તેનું વર્ણન કરવું ઘણું કઠિન છે સારાંશ કે એ લતામંડપમાં તથા ઉભય પ્રેમીઓના હૃદયમંદિરમાં તે વખતે એવું તો સ્વર્ગીય વાતાવરણ ફેલાઇ ગયું હતું કે તેનું શાબ્દિક ચિત્ર દોરવાનું કાર્ય સહજ કિંવા સરલ નથી.

બરોબર આ સમયે પદ્મા તથા અનુપમાએ લતામંડપમાં સહસા પ્રવેશ કર્યો લુણસિંહ તથા યશોમતી પદ્માની સાથે અનુપમાને પણ ત્યાં અચાનક આવેલી જોઇને આસન ઉપરથી એકદમ ઉભા થઈ ગયા અને શરમથી કેવળ નીચું જોઇ રહ્યા

અનુપમાએ બન્ને પ્રત્યે સ્નેહભરેલી નજરે જોઇને કહ્યું. " પુત્ર લુણસિંહ અને પુત્રીતુલ્ય યશોમતી! તમારી અત્યારની હકીકતથી પદ્માબ્હેને મને જાણીતી કરી હોવાથી તથા મારા મનની મુરાદ પાર પડેલી જોઇને હું ઘણીજ ખુશી થઇ છું મારા તમને ઉભયને આશીર્વાદ છે તમે બન્ને એક બીજાના વિચાર અને કાર્યને અનુકૂળ બનીને તમારા ગૃહસંસારને સુખરૂપ ચલાવવાને ભાગ્યશાળી થાઓ "

અનુપમાના આશીર્વાદના વચનો સાભળીને લુણસિંહ તથા યશોમતી બન્નેએ તુરતજ તેની પ્રત્યે બે કર જોડીને પોતાના મસ્તકો નીચા નમાવ્યા

ખરેખર નકાબપોશ બનેલો હતો વિશેષમાં તેનો ઘોડો કાળા રંગનો હોવાથી વનમાં પ્રસરી રહેલા અંધકારમાં તેને કોઈ જોઈ કે જાણી શકે તેવો સંભવ ન હતો માત્ર ઘોડાની ખરીઓના અવાજથી તથા તેના ખુંખારથી કોઈ ઘોડેસ્વાર પસાર થાય છે, એટલું જાણી શકાય તેમ હતું આ ઘોડેસ્વાર ઝપાટાબંધ આગળ વધતો હતો, પરંતુ તેની પાછળ એટલી વધારે ઘોડાના ડાબડા વાગતા હોય, એવી શંકા થવાથી તેણે પોતાના ઘોડાને લગામ ખેંચીને ઉભો રાખ્યો અને તેને માર્ગની એક બાજુએ એક વૃક્ષ નીચે લઈ જઈને પાછળ આવતા ઘોડેસ્વારોની રાહ જોવા લાગ્યો થોડીવારમાં બે ઘોડેસ્વારો ત્યાં થઈને આગળ ચાલ્યા ગયા પરંતુ ત્યારબાદ ત્રીજો ઘોડેસ્વાર ધીમે ધીમે ઘોડાને ચલાવતો એ સ્થળે આવી પહોંચ્યો તેણે ત્યાં પોતાના ઘોડાને એકદમ ઉભો રાખી દીધો અને પહેલો ઘોડેસ્વાર કે જે માર્ગની બાજુએ વૃક્ષ નીચે ઉભો હતો, તેને ઉદ્દેશીને કહેતો હોય, એમ તેણે તુરતજ પુછ્યું "ખુદાના કસમ, વૃક્ષ નીચે ઘોડેસ્વાર બનીને એ કોણ ઉભું છે ?"

વૃક્ષ નીચે ઉભેલો ઘોડેસ્વાર બીજા ઘોડેસ્વારની પાસે આવ્યો અને તેણે જવાબ આપવાને બદલે સામો પ્રશ્ન કર્યો "કોણ સુબેદાર અલ્તુનિયા કે ?"

"જી હા, બેગમ સાહેબા !" બીજા ઘોડેસ્વારે જવાબ આપતાં આશ્ચર્ય પામીને પૃચ્છ્યું "પણ આપ અત્યારે મધ્ય રાત્રિના સમયે અહીં ક્યાંથી ?"

આ બન્ને ઘોડેસ્વારો નકાબપોશ હતા અને ગાઢ અંધકારને લીધે એકબીજાને જોઈ શકતા ન હતા, પરંતુ તેઓ અવાજથી એક બીજાને ઓળખી ગયા હતા આ ઉપરથી વાચક મહાશયો સમજી ગયા હશે કે પ્રથમ ઘોડેસ્વાર એ દિલ્હીની સુલ્તાના રઝીયા બેગમ હતી અને દ્વિતીય ઘોડેસ્વાર એ ભટીંડાનો સુબેદાર અલ્તુનિયા હતો

રઝીયાએ પ્રશ્નનો જવાબ નહિ આપતાં આશ્ચર્યમિશ્રિત સ્વરથી સ્વાલ કર્યો "અને તમે આ વખતે ક્યાંથી આવો છો અને આમ ક્યાં જાઓ છો ?"

અલ્તુનિયા તુરતજ જવાબ આપી શક્યો નહિ તેણે થોડીવાર રહીને કહ્યું "હું ભટીંડેથી આવું છું અને દિલ્હી તરફ જાઉં છું"

"સુબેદાર !" રઝીયાએ કહ્યું "તમે અસત્ય બોલો છો; ભટીંડાથી દિલ્હી જવાનો આ માર્ગ નથી"

"ત્યારે અંધારી રાત હોવાથી હું કદાચ માર્ગ ભૂલ્યો હોઈશ" સુબેદારે કહ્યું


બ્હેનોની વ્હારે.

यत्र नार्यस्तु पूज्यंते रमन्ते तत्र देवताः ॥

જ્યાં સ્ત્રીજાતિ તરફ કાળજી-માન છે, ત્યાં દેવતા હાજરાહજુર રહે છે એ મહાવાક્યની સત્યતા નજરે જોવી હોય તો સ્ત્રીઉન્નતિ માટે યથાશક્તિ કાળજી રાખવાની જરૂર છે.

અત્યારે એ કંઈક બ્હેનો ગરીબીના દુઃખથી અને સંખ્યાબંધ વિધવાઓ રક્ષણ વિના દુઃખી જીવન વિતાવે છે, અને પેટને ખાતર અસહ્ય આપદા સહે છે. તેમના તરફ દયા આવતી હોય ! આવી બ્હેનોને પદચ્યુત થતી બચાવી લેવાની તમારી ફરજ સમજતા હો તો તેમને ભણાવી-ગણાવી સંસ્કારી બનાવવાથી તે સમાજમાં સેવીકા તરીકે દીપી નીકળશે

હાલમાં આવી બ્હેનોને માટે પાલીતાણામાં—



ખુલ્લુ છે જેમાં અભ્યાસી તેમજ ઉમેદવાર બ્હેનોને રાખીને રહેવા-ખાવાની સગવડ રાખી છે, અને વ્યવહારધર્મનું શિક્ષણ નિત્ય દેખરેખ નીચે અપાય છે વળી સ્ત્રી ઉપયોગી ઘરગથ્થુ હુન્નર-ઉદ્યોગ, રસોઈકળા વગેરે પણ શીખવાય છે એટલે તમારી નજરમાં કોઈ બ્હેન મુંઝાતી હોય તેને આ ખાતાનો આશ્રય લેવા કહેશો, અને તમારી બ્હેનો માટે આવી સગવડ નભાવવામાં યથાશક્તિ રકમ વાર, પર્વે કે સર અવસરે મોકલવી તે અબળાના આશિર્વાદ લેવા જેવું છે

ગં. સ્વ. શશીબ્હેન
(દલપતભાઈની પુત્રી)
પ્રમુખ.

અ. સૌ. સુરજબ્હેન તે નરોતમદાસ
ભાણજીના ધર્મપત્નિ

અ. સૌ. સમરતબ્હેન તે કેશવલાલ
મ. નાં ધર્મપત્નિ

અ. સૌ. હરકોરબ્હેન તે મોહનલાલ
ગોવિંદજીના ધર્મપત્નિ

પત્રવ્યવહારનું સિરનામું:—
શ્રી [illegible]ત્ર શ્રાવિકાશ્રમઃ—પાલી

ગૌ-માતાનું રક્ષણ કરો !

પૂર્વની શુભ કરણીથી તમો નાણ સંપત્તિ પામ્યા છો ! તેથી વધુ સાધુ સાધવાને ગૌ-માતાની રક્ષા એ અપૂર્વ સાધન છે આવું ખાતું પાલીતાણા (સિદ્ધક્ષેત્ર) જેવા પવિત્ર સ્થળમાં ગોઠવેલું છે તેમાં પોતાની યથાશક્તિ ખર્ચેલ દ્રવ્ય અપૂર્વ અને અનંતગણું ફળને આપનારૂ થાય છે તેમજ આવા પરમાર્થિક ખાતામા તન, મન, ધનથી મદદ આપનાર અને અપાવનાર ભાગ્યશાળીઓની હૃદય લાગણી સ્તુતિપાત્ર ગણાય છે.

કાર્યકર્તાઓની કમીટી ચીવટપૂર્વક આ ખાતુ ચલાવે છે, હીસાબ ચોખ્ખો રહે છે વ્યવસ્થા જોવા આવશો એવી વિનંતી છે

આ ખાતાને અંગે હંમેશ પારેવાને જુવાર નખાય છે. તેમજ જાનવરોની રક્ષા કરવા ઉપરાંત "પાણીનો અવેડો" છે જેમા લગભગ આખા ગામના જાનવરો સારો લાભ લઈ રહે છે

ગત દુષ્કાળના અંગે આ ખાતાને લગભગ રૂા. ૨૨૦૦ નુ દેવુ થયુ છે. તે ઉપરાંત આ સાલ ઘાસ વાસ્તે ડુંગર રાખેલ છે માટે રૂા ૧૮૦૦ ની જરૂર છે તેથી કુલે રૂા. ૪૦૦૦ ચાર હજારની ખોટ છે, માટે પરભવનુ ભાતુ બાંધવા નીમીતે અને આ ભવમા સુખ, સંપત્તિ, દીર્ઘાયુષ, અને આરોગ્ય આપનાર ગૌ-માતાનુ રક્ષણ કરો

આ ખાતામા ખાસ કરી નિભાવવા જેવી સ્થિતિવાળી લુલી, લંગડી, આંધળી, અપંગ, અશક્ત, વસૂકેલી, ઘરડી, ભુખથી મરતી તથા સડેલા, માંદા, પાકટ, રસકસ વગરના, દુઃખી થતા જાનવરોની જાતી દેખરેખ નીચે સંભાળ લેવાય છે તેમજ ડુંગર ઉપરથી પડી ગયેલ ગાયો વિગેરેને ડોળી કરી ઉતારી લાવવા સાથે પાટા પીંડી કરી રક્ષણ કરવામા આવે છે જે અત્રે જાત્રા કરવા આવનાર ગૃહસ્થો જાનવરોની સારવાર નજરે નીહાળી આનંદિત થાય છે

જાનવરોને પેટપુરતુ ઘાસ, પાણી, દવા, ગોળ, ખોળ, કપાશીયા વિગેરે જરૂર પ્રમાણે અપાય છે. તો અહીંસા ધર્મના પાલનકર્તા ભાગ્યવંત ભાઈયો અને બ્હેનો તરફથી સારી મદદ મોકલવામા આવશે તેમ આશા રાખીયે છીએ લી૦ ગૌ-સેવકો,

ગૌ-રક્ષા ખાતું
પાલીતાણા.

વકીલ પરશોત્તમ ત્રીકમજી
કપાસી જમનાદાસ મેઘજી
ઓ. સેક્રેટરીઓ

લાગણી ઉશ્કેરે છે અને કાવત્રા રચે છે, તે અમીર-ઉમરાવોને કાવત્રા બાજોની ઉપમા આપવામા કશી પણ હરકત નથી "

" અને જે સુલ્તાના પોતાનો નાકી દરજ્જો ભૂલી જઇને એક નાચીજમા નાચીજ ગુલામની તરફ ઉઘાડો પક્ષપાત દર્શાવે છે, તેને શી ઉપમા આપવી જોઇએ ?" અલ્તુનિયાએ પણ તેનાજ જુસ્સાપૂર્વક પ્રશ્ન કર્યો.

" સુબેદાર !" સુલ્તાનાએ ગભીર અવાજથી કહ્યું. " તમને તમારા દરજ્જાનુ ભાન હોય, એમ જણાતુ નથી તમે ગમે તેટલી ઉચ્ચ પદવીના અધિકારી હો, તો પણ આખરે મારા તાબેદાર નોકર છો અને તાબેદાર નોકરે પોતાના માલેક આગળ વિનય અને સભ્યતાની હદમા રહીનેજ હમેશા વાત કરવી જોઇએ, એ તમારી જાણમા નથી કે શુ ?"

"બેગમ સાહેબા !" સુબેદારે પણ ગભીર સ્વરથી કહ્યુ "હુ એક ...વલ દરજ્જાનો સુબેદાર હોવા છતા આપનો તાબેદાર છુ, એ વાત ...ચી છે. પરતુ હુ મારા માલેકના ગમે તેવા વર્ત્તનને સલ્તનતનાં ...તની ખાતર નિભાવી લેવાને તૈયાર નથી "

" એટલે તમે શુ કહેવા માગો છો ?" રઝીયાએ ધીરજથી પૂછ્યુ.

" એજ કે આપ આપના ગુલામ મુબારક તરફ જે પક્ષપાત અને ...ાગણી દર્શાવો છો અને તેની પ્રત્યે જે વર્ત્તન ચલાવો છો, તે આપને- ...લ્હીની સુલ્તાનાને શોભતુ નથી અને તેથી હુજ માત્ર નહિ, પરતુ ...ાહી દરબારના બધા અમીર-ઉમરાવો આપનાથી નારાજ થઇ ગયા છે ...ેટલુજ નહિ પણ આપનુ એવુ વર્ત્તન નિભાવી લેવાને તેઓ રાજી ...થી "

" અને એ કારણથીજ તમે બધા મારી તરફ બેવફા બનીને ખટપટ અને કાવત્રા રચો છો ?" સુલ્તાના રઝીયાએ ફરીને ધીરજથી પૂછ્યુ.

સુબેદાર અલ્તુનિયા તેના ઉત્તરમા ચૂપ રહ્યો તે પછી થોડીવાર રહીને તેણે કહ્યુ " નામવર સુલ્તાના ! શાહી દરબારના બધા અમીર-ઉમરાવો મારા હાથમા છે અને હુ ધારૂ તો તેમને બધાને પુન આપની ...રફ વફાદાર બનાવી શકુ "

" એમ કે ?" રઝીયાએ દેખીતી શાતિથી પ્રશ્ન કર્યો " તો પછી ...મે એ પ્રમાણે શામાટે કરતા નથી ?"

" એમ કરવાને મારી ના નથી " અલ્તુનિયાએ જવાબ આપતાં

"બેગમ સાહેબા !" અસ્તુનિયાએ ધીરજથી જવાબ આપ્યો "એમા નકાને સ્થાન આપવાનુ કાંઇ પ્રયાજન નથી "

"બહુ સારૂ " રઝીયાએ દ્રઢતાપૂર્વક કહ્યુ "તમારી શરતો મારે મંજુર નથી, હુ તેનો સ્વીકાર કરી શકતી નથી. અમીર–ઉમરાંવો કાલે બંડ ઉઠાવતા હોય, તો ભલે આજે ઉઠાવે. મને તેમની પરવા નથી અને તમે દાવત્રાબાજ અમીર–ઉમરાંવાના પક્ષમા ભળીને મારી તરફ સેવકા બનવાને માગતા હો તો ભલે. મને તમારી પણ દરકાર નથી હુ તમને બધાને મારા સૈન્યબળથી મહાત કરવાને શક્તિશાલિની છુ "

"સુલ્તાના !" સુબેદારે ધીરજથી કહ્યુ "એ તમારૂ મિથ્યા ગુમાન છે. કારણકે આપના સૈન્યને પણ આપની વિરૂદ્ધ ઉશ્કેરવામા આવ્યુ છે અને આપના ભાઇ મોઇજુદ્દીનને દિલ્હીના તખ્ત ઉપર બેસારવાની ગુપ્ત તૈયારીઓ પણ ચાલી રહી છે અને તેથી આપ જો આપના સૈન્યબળ ઉપર મુસ્તાક રહેતા હો તો આપનુ એ અભિમાન કેવળ નિરર્થક છે. હુ આપને આ ગુપ્ત વાત કહુ છુ અને આપની પાસે બે શરતો કરાવવાને ઇચ્છુ છુ, એ કેવળ આપના હિતને માટેજ છે અને તેથી આપે મારી વાતને લક્ષ્યમા લઇ મારી શરતોનો સ્વીકાર કરવો, એ સલાહ ભરેલુ છે."

અસ્તુનિયાની ગુપ્ત વાત સાભળીને સુલ્તાના વિચારમા પડી ગઇ અને કેટલીક વારપર્યંત કશુ બોલી નહિ.

અસ્તુનિયાએ તેને મૌન રહેલી જોઇને પૂછ્યુ "કેમ કાઇ બોલતા નથી, બેગમ સાહેબા ? આપને મારી શરતો મંજુર છે ?"

રઝીયાએ થોડીવાર રહી પૂર્ણ વિચાર કરીને ઉત્તર આપ્યો. "બિલકુલ નહિ "

"ત્યારે બેગમ સાહેબા !" સુબેદારે કાઇક જુસ્સાથી કહ્યુ "મારી શરતોને ના કબુલ કરવાથી આપને પસ્તાવુ પડશે "

"કાંઈ ફીકર નહિ " રઝીયાએ તુરતજ કહ્યુ

"સુલ્તાના !" સુબેદારે અવાજને ધીમો કરીને કહ્યુ "આપ બરોબર વિચાર કર્યા વિનાજ જવાબ આપો છો આવી જરૂરી અને મહત્ત્વની બાબતમા ઉતાવળ કરવાની અગત્ય નથી જો આપને વિચાર કરવાનો વખત જોઇતો હોય, તો આપણે આવતી કાલે બરોબર આ સમયે આહી ફરીને મળશુ ને દરમ્યાન આપ શાન્તિથી વિચાર કરીને નિશ્ચય કરી રાખજો કે આપના પ્રેમને કોણ લાયક છે 'ગુલામ સુબાદાર કે સુબેદાર અસ્તુનિયા '

"બેગમ સાહેબા !" અલ્તુનિયાએ ધીરજથી જવાબ આપ્યો. "એમા વાંકાને સ્થાન આપવાનુ કાંઈ પ્રયોજન નથી."

"બહુ સારૂ" રઝીયાએ દ્રઢતાપૂર્વક કહ્યુ "તમારી શરતો મારે મજુર નથી, હુ તેનો સ્વીકાર કરી શકતી નથી. અમીર–ઉમરાવો જે બડ ઉઠાવતા હોય તો ભલે આજે ઉઠાવે. મને તેમની પરવા નથી. ને તમે કાવત્રાબાજ અમીર–ઉમરાવોના પક્ષમા ભળીને મારી તરફ વફા બનવાને માગતા હો તો ભલે, મને તમારી પણ દરકાર નથી હુ મને બધાને મારા સૈન્યબળથી મહાત કરવાને શક્તિશાલિની છુ"

"સુલ્તાના !" સુબેદારે ધીરજથી કહ્યુ. "એ તમારૂ મિથ્યા માન છે કારણકે આપના સૈન્યને પણ આપની વિરૂદ્ધ ઉશ્કેરવામા આવ્યુ અને આપના ભાઈ મોઇજુદ્દીનને દિલ્હીના તખ્ત ઉપર બેસારવાની ગુપ્ત તૈયારીઓ પણ ચાલી રહી છે અને તેથી આપ જો આપના સૈન્યબળ પર મુસ્તાક રહેતા હો તો આપનુ એ અભિમાન કેવળ નિરર્થક છે. આપને આ ગુપ્ત વાત કહુ છુ અને આપની પાસે બે શરતો કરાવવાને ઇચ્છુ છુ, એ કેવળ આપના હિતને માટેજ છે અને તેથી આપે મારી વાતને લક્ષ્યમા લઇ મારી શરતોનો સ્વીકાર કરવો, એ સલાહ ભરેલુ છે"

અલ્તુનિયાની ગુપ્ત વાત સાભળીને સુલ્તાના વિચારમા પડી ગઇ ને કેટલીક વારપર્યંત કશુ બોલી નહિ

અલ્તુનિયાએ તેને મૌન રહેલી જોઇને પૂછ્યુ. "કેમ કાઇ બોલતા નથી, બેગમ સાહેબા ? આપને મારી શરતો મજુર છે ?"

રઝીયાએ થોડીવાર રહી પૂર્ણ વિચાર કરીને ઉત્તર આપ્યો. "બિલ્કુલ નહિ"

"ત્યારે બેગમ સાહેબા !" સુબેદારે કાઇક જુસ્સાથી કહ્યુ "મારી શરતોને ના કબુલ કરવાથી આપને પસ્તાવુ પડશે."

"કાંઈ ફીકર નહિ" રઝીયાએ તુરતજ કહ્યુ

"સુલ્તાના !" સુબેદારે અવાજને ધીમો કરીને કહ્યુ "આપ બરાબર વિચાર કર્યા વિનાજ જવાબ આપો છો આવી જરૂરી અને મહત્ત્વની બાબતમા ઉતાવળ કરવાની અગત્ય નથી જો આપને વિચાર કરવાનો વખત જોઇતો હોય, તો આપણે આવતી કાલે બરોબર આ સમયે આહી ફરીને મળશુ તે દરમ્યાન આપ શાતિથી વિચાર કરીને નિશ્ચય કરી રાખજો કે આપના પ્રેમને કોણ લાયક છે ? ગુનામ સુબાહક કે સુબેદાર અલ્તુનિયા ?

"કેદી ?" સુલતાનાએ ગર્જના પાડી "શું તુ દિલ્હીની સુલતાનાને કેદ કરવાની હિંમત કરે છે ?"

"મારે નિરૂપાયે તેવી હિંમત કરવી પડે છે." સુબેદારે બેપરવાથી જવાબ આપ્યો

રઝીયાએ થોડીવાર વિચાર કરીને આસપાસ ઉભેલા ઘોડેસ્વારોને ઉદ્દેશીને કહ્યુ "ઘોડેસ્વારો ! તમે કોણ છો, એ હુ અંધકારને લીધે જોઇ કે જાણી શકતી નથી તમે ગમે તે હો, પરંતુ હુ દિલ્હીની સુલતાના રઝીયા બેગમ તમને હુકમ કરૂ છુ કે તમે આ બેવફા અને નિમકહરામ સુબેદારને એકદમ કેદ કરી લ્યો"

પણ ઘોડેસ્વારો જ્યા ઉભા હતા, ત્યાથી જરાપણ આઘા કે પાછા ખસ્યા નહિ

"નામવર સુલ્તાના !" અલ્તુનિયાએ મશ્કરીની ઢબથી કહ્યુ "આ જગલમા આપના શાહી હુકમને કોઇ માન્ય રાખવાનુ નથી, માટે મિથ્યા ગુમાનનો ત્યાગ કરી મારી શરતોને મજુર રાખો અને નહિ તો મારા કેદી બનો, હુ આપને મારા કિલ્લામા સુલતાનાને છાજે તેવા માન અકરામથી રાખીશ અને આપની સગવડતામા કોઇ પણ પ્રકારની ઉણપ આવવા દઇશ નહિ"

અલ્તુનિયાના મશ્કરીવાળા વચનો સાભળીને રઝીયા ક્રોધથી સળગી ઉઠી, પરતુ તેની સાથે ખાલી ક્રોધ બતાવવાથી કાઇ વળે તેમ નહિ હોવાથી ગમ ખાઇ ગઇ તેણે શાત ભાવથી કહ્યુ "સુબેદાર ! તમારી શરતો મજુર રાખવાને માટે મારે વિચાર કરવો પડશે અને તેથી આવતી કાલે સધ્યા સમયે રાજમહેલમા તમે મને મળશો હુ એ વખતે તમને તમારી શરતોના સબધમા ચોક્કસ ઉત્તર આપીશ"

પણ સુબેદાર અલ્તુનિયા રઝીયાને એમને એમ જવા દે, એવો મૂર્ખ ન હતો તેણે ગભીર ભાવથી કહ્યુ "બેગમ સાહેબા ! માફ કરો મારી શરતોનો સ્વીકાર કર્યા વિના આપ અહીથી જઇ શકશો નહિ

"એમ કે ?" રઝીયાએ એકદમ પૃછ્યુ

"જરૂર" અલ્તુનિયાએ તુરત ઉત્તર આપ્યો

"ઠીક" એમ કહીને રઝીયાએ પોતાની આસપાસ ઉભેલા ઘોડેસ્વારો તરફ ઝીણી નજરે જોયુ અને તુરતજ પોતાના ઘોડાને જોરથી એડી મારીને એક બાજુ લીધો અને ચારે બાજુ ફરી વળેલા ઘોડેસ્વારોની મધ્યમાથી ઝપાટાબધ બહાર નીકળીને ઘોડાને પૂરવેગથ

"પણ તમે રાજમહેલના રક્ષણનો તો બરાબર બંદોબસ્ત કરી રાખ્યો છે ને!" સુલતાનાએ પુન પૃછ્યુ

"એ સબધમા આપ કશી ચિંતા રાખશો નહિ" વઝીરે ઉત્તર આપ્યો

"શાહી દરબારના અમીર-ઉમરાવો બડ કરશે, એમ તમે નક્કી માનો છો" સુલ્તાનાએ વિશેષ ખાતરી કરવાને માટે પ્રશ્ન કર્યો

"એમા જરા પણ શકા રાખવા જેવુ નથી" વઝીરે તુરતજ જવાબ આપ્યો, "કારણકે તેમણે કાલે રાતે મળેલી સભામા બડ કરવાનો નિશ્ચય કરેલો છે અને મારી ધારણા મુજબ જે વખત જાય છે તેમા બડ વાક્ય ઉઠવુ જોઇએ"

રઝીયાએ દિલગીરી ભરેલા અવાજે કહ્યુ "વાત આટલી હદે પહોચશે એવુ મારૂ માનવુ ન હતુ, પણ હવે તો જે થાય તે ખરૂ"

"મે તો આપને વખતસર ચેતવણી આપી હતી કે આપ મુબારકની વાત છોડી દો અને અમીર-ઉમરાવો કે જેઓ શહેનશાહતના સ્થભો છે, તેમના ઉશ્કેરાએલા દિલને શાત કરો. પરતુ આપે એ વખતે મારી સલાહને માન્ય રાખી ન હતી" વઝીરે પોતાની લાબી દાઢી ઉપર હાથ ફેરવતા કહ્યુ "અને હજી પણ હુ કહુ છુ કે આપ મુબારકને આ દેશ છોડીને ચાલ્યા જવાનો હુકમ અત્યારે કરતા હો તો મને આશા છે કે હુ ઉશ્કેરાએલા અમીર તથા ઉમરાઓને શાત કરી શકીશ"

રઝીયાએ ક્ષણવાર વિચાર કરીને કહ્યુ "હુ એ વિષે વિચાર કરી જોઇશ હાલ તો તમે જાઓ અને અમીર-ઉમરાવોની હિલચાલની વિશેષ બાતમી મળે તો તે લઇને સધ્યા વખતે પાછા આવજો"

વઝીર સુલ્તાનાને કુર્નિસ બજાવીને ચાલ્યો ગયો અને રઝીયાએ તુરતજ પોતાની વિશ્વાસુ બાદીને બોલાવી બાદી હાજર થતા તેને મુબારકને એકદમ હાજર કરવાનો તેણે હુકમ સભળાવી દીધો બાદી એકદમ ચાલી ગઇ અને થોડી વાર પછી મુબારક રઝીઆની સન્મુખ આવીને ઉભો રહ્યો રઝીયા કેટલીક વાર સુધી એ સ્વરૂપ સુદર તરૂણ પ્રત્યે અનિમેષ નયનોએ જોઇ રહી, પરતુ કાઈ બોલી નહિ

મુબારક રઝીયાની દિલગીરીયુક્ત અવસ્થા કળી ગયો અને તેણે પૂછ્યુ "બેગમ સાહેબા! આપ ઉદાસ અને દિલગીર કેમ જણાઓ છો!"

રઝીયાએ મૌનનો ભગ કરી સહેજ અજાયબી દર્શાવતા સામો પ્રશ્ન કર્યો "મારી ઉદાસિનતા અને દિલગીરીનુ કારણ તમારા જાણવામા આવ્યુ નથી, મુબારકખા?"

"જહાપનાહ !" મુબારકે ગભીરતા પૂર્વક કહ્યુ "આ બધી મુશ્કેલીઓમાથી પાર ઉતરવાનો અને ઉશ્કેરાયેલા અમીર-ઉમરાવોને શાત કરવાનો માત્ર એકજ ઇલાજ છે અને તે એ છે કે આપે મારી ઉપરના મોહને તિલાજલી આપવી અને મને આપની નોકરીમાથી મુક્ત કરીને દિલ્હી શહેર બલ્કે મારા હિન્દુસ્થાનને છોડી ચાલ્યા જવાનો હુકમ ફરમાવી દેવો આ ઇલાજને એકદમ અમલમા મૂકવામાજ આપનુ હિત સમાયેલુ છે"

મુબારકે બતાવેલો ઇલાજ અને તેને અમલમા મૂકવાની તેની સલાહ સાભળીને રઝીયાની ઉદાસનતા અને દિલગીરી પલાયન થઇ ગઈ અને તેનુ મુખ તથા તેની આખો ક્રોધથી એકદમ લાલચોળ થઇ ગયા તેણે ગુસ્સાભર્યા સ્વરથી કહ્યુ "મુબારક ! ઓ નામર્દ જવાન ! આવા અમીરોના અને કટોકટીના સમયે તારી નાહિમતભરી વાતો સાભળીને મને જણાય છે કે તુ ખરેખરો હિચકારોજ છે અને તારા જેવા સ્વરૂપ સુદર પણ હિચકારા ગુલામની ઉપર આશક થવામા અને તારી પાછળ પાગલ બનવામા મે ભયકર ભૂલ કરી છે."

મુબારક બેગમના આકસ્મિક ગુસ્સાથી હેબતાઇ ગયો અને તેનુ મુખ નિસ્તેજ બની ગયુ તેણે ધીમેથી કહ્યુ. "નામદાર સુલતાના ! હુ ગુલામ તો છુજ, પણ તે સાથે આપ કહેતા હો, તો હિચકારો અને નામર્દ જવાન પણ છુ."

મુબારકના શાત વચનો સાભળીને અને તેની નિસ્તેજ મુખમુદ્રા નિહાળીને રઝીયાનો ગુસ્સો શાત થયો તે મુબારકની સુદર આકૃતિ પ્રત્યે એકધ્યાને જોઇ રહી અને તેથી તેનો ક્રોધ ચાલ્યો ગયો અને તેના બદલે તેના હૃદયમા વિકારી ભાવના પુન જાગૃત થઇ તેણે શાત અને મીઠા સ્વરથી કહ્યુ "પ્યારા મુબારક ! તને મારા વચનોથી માઠુ લાગ્યુ હશે, પરતુ એમા મારો દોષ નથી, કારણકે મારૂ મસ્તક અત્યારે ભ્રમિત બની ગયુ છે અને તેથી ક્રોધને વશ બની મારા મુખમાથી તને જે આકરા શબ્દો કહેવાઇ ગયા છે, તે માટે મને દિલગીરી થાય છે ઠીક પણ આ વખતે મે તને તુ મારી માગણીનો સ્વીકાર કરે છે કે કેમ, તેનો ઉત્તર મેળવવાને માટેજ બોલાવ્યો છે બોલ ત્યારે, હવે તારો શો ઉત્તર છે ? આટલા સમય પર્યંત એટલે લગભગ બે વર્ષ સુધી તે કશો ચોક્કસ ઉત્તર આપ્યો નથી, પરતુ હવે તારે એનો સ્પષ્ટ જવાબ આપવોજ પડશે અને તે પણ અત્યારે અને આ વખતેજ "

અત્યારે આ વિષય નીકળશે, એવી મુબારકને કલ્પના પણ ન હતી

સુલ્તાના ચાલી ગઇ તે પછી બુઝર્ગ વઝીર વિચારમગ્ન અવસ્થામા ત્યા થોડીવાર ઉભો રહ્યો હશે એટલામા સમસ્ત શાહીમહેલ કોળાહળથી ગાજી ઉઠયો વઝીરે આવાસની બહાર નીકળીને જોયુ તો બડખોરો મહેલમા આવી પહોચ્યા હતા અને સુલ્તાના રઝીયાનાં જે થોડા ઘણા વફાદાર માણસો હતા, તેમને કેદ કરીને અને કોઇ સામા થવાની હિમત કરે, તો તેને મારીને મહેલના દરેક ભાગનો કબજો લેતા હતા. બે ઉમરાવો વઝીર ઉભો હતો ત્યા આવી પહોચ્યા તેમણે તેને તુરતજ કેદ કરી લીધો અને પછી રઝીયાના આવાસમા ગયા, પણ ત્યા રઝીયાને નહિ જોવાથી તેઓ સહેજ નિરાશ થયા

" કદાચ તે નાસી ગઇ હશે. " એક ઉમરાવે કલ્પના કરી.

" પણ તેને પકડવીજ જોઇએ " બીજાએ દૃઢતાપૂર્વક કહ્યુ " તમે મહેલનો સપૂર્ણ કબજો લેવા માટે આહી રહો હુ તેને પકડવા માટે જાઉ છુ. "

આ રીતે બડખોર અમીર-ઉમરાવોનો વિજય થયો તેમણે રઝીયાના ભાઇ મોઝુદ્દીનને કેદમાથી મુક્ત કરી દિલ્હીના તખ્ત ઉપર બેસારી દીધો અને સારા શહેરમા સુલ્તાન મોઝુદ્દીનની આણ ફેરવી દીધી.



પ્રકરણ ૨૫ મું



સ્વાર્થની શાદી.

રઝીયા દિલ્હીના શાહી મહેલમાથી નાસી ગઇ, ત્યાર બાદ કેટલાક સમય પછીની વાત છે ભટીડાનો સુબેદાર અલ્તુનિયા કિલ્લા માહેના પોતાના મહેલમા એક આસન ઉપર હુક્કો ગગડાવતો બેઠો હતો અને તેની સામે સામાન્ય લશ્કરી પોશાકમા સજ્જ બનેલો બાવીશેક વર્ષનો એક જુવાન ઉભો હતો

સુબેદારે એ જુવાનને એક વાર ધ્યાનપૂર્વક જોઇ લીધા પછી પૂછ્યુ " તારૂ નામ શુ છે અને તુ કયાથી આવે છે ? "

" જનાબ ! " જુવાને ઉત્તર આપ્યો " મારૂ નામ રહેમત છે અને હુ અત્યારે દિલ્હીથી આવુ છુ. "

સુબેદાર આ જુવાનની વાત અને તેની બોલવાની છટાથી વધારે ને વધારે અજાયબ થતો જતો હતો તેણે અજાણ્યાનો ભાવ બતાવતા પૂછ્યુ "ત્યારે શુ તુ રઝીયાની બાતમી આપવાને માટે મારી પાસે આવ્યો છુ ?"

"આપની ધારણા સત્ય છે" રહેમતે જવાબ આપ્યો "એટલા માટેજ હુ આપની પાસે આવ્યો છુ અને આપને રઝીયા સબધી બાતમી આપી તથા એ રીતે આપને ખુશી કરી હુ આપની નોકરીમા રહેવાને ઇચ્છુ છુ"

"તો પછી કહે જોઇએ કે તે હાલમા ક્યા છે ?" સુબેદારે પૂછ્યુ

પણ તે પહેલા આપ એક વાતનો ખુલાસો કરશો ?" રહેમતે જવાબ આપવાને બદલે સામા પ્રશ્ન કર્યો

'કઇ વાતનો ?" સુબેદારે એકદમ પૂછ્યુ

"સાહેબ !' રહેમતે ધીરજથી જવાબ આપતા પ્રશ્ન કર્યો "હુ આપને રઝીયાની બાતમી તો આપુ, પરતુ આપ તેને કેદ પકડશો ખરા ને ?"

"બેશક" સુબેદારે તુરતજ જવાબ આપ્યો

"અને તેને કેદ પકડ્યા પછી આ કિલ્લામા રાખશો કે નવા શાહનશાહ મોઇજુદ્દીનને સોપી આપશો ?" રહેમતે બીજો સ્વાલ પૂછ્યો.

'એ મારી મરજીની વાત છે" સુબેદારે ઉત્તર આપ્યો.

"ત્યારે રઝીયાની બાતમી આપવી કે નહિ, એ પણ મારી મરજીની વાત છે" રહેમતે તુરતજ કહ્યુ

જુવાનનુ કથન સાભળીને સુબેદારને અજાયબી અને ક્રોધ બન્ને થયા, પરતુ રઝીયાની બાતમી મેળવવાની ખાતર ક્રોધને દબાવી દીધો અને થોડીવાર વિચાર કરીને શાતિથી કહ્યુ "રહેમત ' વાત એવી છે કે જો તુ બાતમી આપીશ, તે હુ રઝીયાને કેદ પકડીશ અને તને તેના બદલામા મારી નોકરી આપીશ, પરતુ રઝીયાને કેદ કર્યા પછી તુરતજ એમને એમ નવા શાહનશાહને સોપી દેવાનો મારો વિચાર નથી, કારણ કે મારે તેની સાથે શરત કરવાની છે અને જો તે મારી શરતને કબુલ કરશે, તો હુ તેને અહીજ રાખીશ અને દિલ્હી દરબારમા કદિપણ સોપીશ નહિ"

"આપ આ ખરૂજ કહો છો ?" રહેમતે ભાર દઇને પૂછ્યુ

"સુબેદાર અલ્તુનિયા ખોટુ બોલતોજ નથી" સુબેદારે ગર્વથી જવાબ આપ્યો

ફલીફ લીધી, એ ઘણી નવાઇની વાત છે." સુબેદારે આશ્ચર્યની સાથે ાશ્કરીનો સહેજ ભાવ બતાવીને કહ્યુ.

"ખરેખર એ ઘણીજ નવાઇની વાત છે." રઝીયાએ એમ કહીને ાશ્ન કર્યો "પણ તમે મને કેદ કરો છો કે નહિ ?"

"વાહ !" સુબેદારે અજાયબ થઇને કહ્યુ. "આપ કેદી બનવા માટે મ્રાટલી બધી ઉતાવળ કરો છો, એ વળી વધારે અજાયબીની વાત છે."

"તમારી અજાયબી અને નવાઈની વાતને જવાદો." રઝીયાએ સહેજ કંટાળીને કહ્યુ "જો તમે મને કેદ કરવાને ઇચ્છતા ન હો, તો પછી હુ આહીથી નાસી જવાને માગુ છુ."

"પણ આપને કેદ કરવાને મારૂ દિલ માનતુ નથી." સુબેદારે રઝીયાની સુદર તથા નાજુક દેહલતા તરફ જોઇને કહ્યુ.

"એનુ કારણ ?" રઝીયાએ પૂછ્યુ

"એનુ કારણ એજ છે કે આપના જેવી નાજુક નાજની કેદખાનાની કેદી બને, તે કરતા સલ્તનતની સુલ્તાના અથવા તો મુલ્કના મલેકા બને, એ વધારે યોગ્ય છે" સુબેદારે તુરતજ જવાબ આપ્યો

રઝીયાએ ન સભળાય તેવા નિશ્વાસ મુકયો તેણે સહેજ દિલગીરી ભરેલા સ્વરથી કહ્યુ " એક વાર પદભ્રષ્ટ થયેલી આ રઝીયાને માટે ફરીને સલ્તનતની સુલ્તાના અથવા મુલ્કની મલેકા બનવુ, એ કેવળ અશકયજ છે"

"નહિ, એ અશકય નથી, પરંતુ શકય છે" સુબેદારે પોતાના દાઢીના ટુકા વાળ ઉપર હાથ ફેરવીને મક્કમ અવાજથી કહ્યુ.

"કેવી રીતે ?" રઝીયાએ આતુરતા દર્શાવીને પ્રશ્ન પૂછ્યો

"કેવી રીતે કેમ ?" સુબેદારે ઉત્તર આપવાને બદલે સામો પ્રશ્ન પૂછ્યો "આજથી કેટલાક સમય પહેલા એક ઘોર રાતે દિલ્હી પાસેના વનમા આપની હજુરમા મે બે શરતો રજુ કરી હતી, તે આપને યાદ છે ?"

"જરૂર" રઝીયાએ સુબેદાર પ્રત્યે તીવ્ર દ્રષ્ટિથી જોઇને કહ્યુ "

રઝીયાની દ્રષ્ટિ તીવ્ર હતી, પરતુ તેમા ક્રોધની છાયા ન હતી, એ સુબેદાર તુરતજ જાણી ગયો તેણે રઝીયાની દ્રષ્ટિ સાથે પોતાની દ્રષ્ટિ મીલાવીને કહ્યુ "ત્યારે આપને એ બે શરતો હજી પણ મજુર હોય એટલે કે આપ ગુલામ મુબારકને છોડીને મારી સાથે મહોબ્બત બાધવાને તૈયાર થઇ શકતા હો, તો દિલ્હીનુ તખ્ત આપના કબજામાજ છે એમ સમજી લ્યો અને સુબેદાર અલ્તુનિયા પોતાની માશુકાને પુન મુલ્ક મલેકા બનાવશે ત્યારેજ જપશે, એમ માની લ્યો "

" મારી મરજી તો હુ દિલ્હીના શાહી તખ્ત ઉપર પુન બેસુ, તે પછીજ શાદી કરવાની છે, પરતુ તમે તેટલો વખત ધીરજ રાખી શકશો નહિ, એમ મને લાગે છે " રઝીયાએ શાદીને માટે પોતાની નામરજી હોવા છતા કહ્યુ " માટે ખુશીથી તૈયારી કરો, હુ પોતે તૈયારજ છુ ફક્ત એ વખતે મને એક બુરખાની જરૂર પડશે "

રઝીયા શાદીને માટે કબુલ થતાં અલ્તુનિયાએ જે તૈયારી કરવાની હતી, તે એકદમ કરી લીધી અને થોડીજ વારમા રઝીયા તથા અલ્તુનિયાની શાદી કશી પણ ધામધુમ વિના એ ખડમાજ થઇ ગઇ.

શાદીની વિધિ ખલાસ થતા રઝીયાએ કંટાળીને કહ્યુ " હમણાં હુ ઘણી થાકી ગયેલી હોવાથી મને આરામની જરૂર છે, માટે અત્યારે તો તમે જાઓ અને રાતે પાછા મળજો એ વખતે આપણે દિલ્હીના તખ્તને શી રીતે ફરીને કબજે કરવુ, એ સબધી મસલત કરશુ "

" જેવી આપની મરજી " અલ્તુનિયાએ સહેજ મ્હોંડુ બગાડીને કહ્યુ " પણ હુ આહીથી જઉ, તે પહેલા મારી એક વાત સાભળશો ? "

" તમારી શી વાત છે ? " રઝીયાએ તુરતજ પૃછયુ

" એજ કે આપણી શાદી થઇ છે, તેની ખુશાલીમા તમારા લાલીભર્યા ગાલ અથવા તો ગુલાબી હોઠ ઉપર એક—માત્ર એકજ .. " સુબેદાર એટલુ કહીને રઝીયાના મુખ ઉપર અથવા તેની આખોમા પોતે લીધેલી છૂટથી કાઇ ફેરફાર થયો છે કે નહિ તે જોવાને અટકી ગયો

અલ્તુનિયાએ તુરતમાજ લીધેલી છૂટથી રઝીયાની આખોમા ગુસ્સાની સહેજ લાલાશ તરી આવી અને પોતાના પરવાળા જેવા હોઠને પરસ્પર જોરથી દાબીને તે તેની સામે જોઇ રહી, પરતુ કાઇ બોલી નહિ

પણ અલ્તુનિયા પોતાની સાથે શાદી થયેલી નારીના આવા સહેજ ગુસ્સાથી ડરી જાય તેવો ન હતો તેણે આ મદભર્યા નયનોવાળી નાજનીને પોતાની બાથમા લઇને ચોળી નાખવાનો અને તેના ગુલાબી ગાલ અને હોઠને ચુમી કાઢવાનો તથા એ રીતે તેના ગુમાનને કચરી નાખવાનો વિચાર કર્યો, પરતુ બીજીજ ક્ષણે તેણે એકદમ આવુ સાહસ કરવાનો વિચાર માંડી વાળ્યો તોપણ રઝીયાને ચૂપ રહેલી જોઇને તે તેની પાસે ગયો તેણે તેના કોમળ કરને પોતાના હાથમા લઇ જોરથી દાબ્યો અને તે ઉપર આવેશપૂર્વક એક ચુબન પણ ભરી લીધુ તે પછી કેટલીક વારપર્યત રૂપસુદરી રઝીયાની સર્વાગ સુદર દેહલતા પ્રત્યે એકધ્યાને જોઇ રહીને અલ્તુનિયા ત્યાંથી ચાલ્યો ગયો અને રઝીયા કાઇક તિરસ્કારવી હસીને તેને જતો જોઇ રહી

"એમા અહેસાન માનવાની કાંઈ જરૂર નથી" અલ્તુનિયાએ તજ કહ્યુ "કારણ કે એક બીજાને કેવળ ગુણથી અને કક્ષભાવથી હેરાન માનવા જેવા હવે આપણો સબધ નથી",

"તમારૂ કહેવુ રાસ્ત છે" રઝીયાએ અગીચા સામે ગોઠવેલા આસન ર બેસીને કહ્યુ અને પછી પૂછ્યુ "પણ તમે હવે શુ કરવા ધારો ?"

અલ્તુનિયા પણ પાસેના આસન ઉપર બેસી ગયો અને પછી તેણે વાબ આપતા ગર્વથી કહ્યુ "આપને દિલ્હીના તખ્ત ઉપર પુન ધારવા, એ સિવાય હુ બીજુ કાંઇ કરવા ધારતો નથી"

"અને તે માટે તમે શી તૈયારી કરી છે ?" રઝીયાએ જાણવા ચ્યુ

અલ્તુનિયાએ ઉત્તર આપ્યો "આપ જે પ્રમાણે હુકમ કરો, મુજબ બધી તૈયારી કરવાને હુ હાજર છુ"

"એમા મારા હુકમની શી જરૂર છે ?" રઝીયાએ નિશ્વાસ મૂકીને ાશ્ચર્યનો ભાવ બતાવીને કહ્યુ. "કેમકે હુ તો તમારા શરણે આવેલી અને તેથી મારા હુકમની કાંઇ અગત્ય હોય, એમ મને જણાતુ નથી"

"નસીબના યોગે તમારે મારા શરણે આવવુ પડ્યુ છે, એ સાચુ અને તમે મારી સાથે શાદી પણ કરી છે, પરતુ એ તો આપણા ાનગી સબધની વાત છે બાકી જાહેરમા તો તમે સુલ્તાના છો અને કિલ્લેદાર છુ અને તેથી કિલ્લેદારને સુલ્તાનાના હુકમની આવશ્યકતા હેજ" અલ્તુનિયાએ તાબેદાર નોકરને છાજે તેવી રીતે પણ તે સાથે પાપને બદલે તમે શબ્દનો ઉપયોગ કરીને કહ્યુ.

રઝીયા અલતુનિયાના કથનમા રહેલી લુચ્ચાઇ અને તે સાથે ોનામા રહેલી વિકારી ભાવના જાણી ગઇ, પરતુ તેણે તે તરફ દુર્લક્ષ્ય ારીને કહ્યુ "બહુ સારૂ જ્યારે તમને મારા હુકમની અગત્ય છે, ત્યારે મને હુકમ કરવામા મને કશી હરકત નથી જેમ બને તેમ ઉતાવળથી આપણે દિલ્હી તરફ ફોજ સાથે કુચ કરવાની છે, માટે તમારા તાબાની તમામ ફોજને તૈયાર રાખો, એ મારો હુકમ છે"

"જેવો હુકમ" અલ્તુનિયાએ નમ્રતાથી કહ્યુ

"પણ કહો, આહી કિલ્લામા કેટલી ફોજ છે અને તેટલી ફોજથી આપણે દિલ્હીના શાહી સૈન્યને પરાસ્ત કરી શકશુ ?" રઝીયાએ ઇન્તેજારીથી પ્રશ્ન કર્યો

સૈનિકનો વેશ ધારણ કરી લઇને તેણે અલ્તુનિયાને કહ્યું " તમારી વાત ઠીક છે પણ ચાલો હવે આપણે ફોજની તપાસ કરવાને કિલ્લામા જઇશું "

નવાબી વેષમા સજ્જ થએલો અલ્તુનિયા આગળ અને સૈનિકના વેષમા સજ્જ બનેલી રઝીયા પાછળ, એ રીતે તેઓ બન્ને કિલ્લાના જે ભાગમા ફોજનો મુકામ હતો, તે તરફ ફોજનું નિરીક્ષણ કરવાને માટે ગયા

ઉપરની ઘટના બન્યાને કેટલોક સમય વ્યતિત થઇ ગયો હતો. તે પછી રઝીયા તેના શૌહર અલ્તુનિયાની સાથે જંગી ફોજ લઇને દિલ્હી સુધી પહોચી અને આવીને તુરતજ તેણે દિલ્હીનું તખ્ત તથા ખજાનો પોતાને સુપ્રત કરી દેવાને અને દિલ્હીમાથી વગર વિલંબે ચાલ્યા જવાને માટે તેના ભાઇ મોઇજુદીનને તાકીદ આપી દીધી બદહવાસ બની બેઠેલો મોઇજુદીન રઝીયાના અચાનક આક્રમણ અને તેણે આપેલી તાકીદથી ગભરાઇ ગયો કારણકે અલ્તુનિયા અને દિલ્હીના કેટલાક ઉમરાવો કે જે અલ્તુનિયાની સમજાવટથી રઝીયાના પક્ષમા ભળી ગયા હતા, તેમના બળને તે સારી રીતે જાણતો હતો અને તેથી રઝીયાની સાથે મેદાનમા જંગ ખેલવામા આવશે, તો પોતાની હાર જ થશે, એવી તેને બીક હોવાથી રઝીયાના આક્રમણ અને તાકીદથી ગભરામણ થાય, એ તદ્દન સ્વાભાવિકજ હતુ આ ઉપરથી મોઇજુદીને ગુલામ મુબારક કે જે રઝીયાના નમકહરામ પછી મોઇજુદ્દીનને મળી ગયો હતો અને તેણે તેને વઝીરની પદવી આપી હતી, તેની સલાહથી તાત્કાલિક જંગમા ઉતરવાને બદલે વિચાર કરવાને માટે બે દિવસની મહેતલ માગી હતી અને ઉદાર દિલની રઝીયાએ અલ્તુનિયાની નામરજી છતા તેના ભાઇની માગણીને કબૂલ રાખી હતી આ દરમિયાન રઝીયા અલ્તુનિયાની સાથે દિલ્હી શહેરની બહાર છાવણી નાખીને બે દિવસ પૂરા થાય તેની રાહ જોઇ રહી હતી

મોઇજુદીનને વિચાર કરવાને માટે બે દિવસો આપ્યા હતા, તે પૂરા થઇ રહેવામા માત્ર એક રાત્રિજ બાકી રહી હતી જો મોઇજુદીન ત્રીજા દિવસના પ્રભાતમા તખ્ત અને ખજાનો સુપ્રત કરીને દિલ્હીનો ત્યાગ કરી ચાલ્યો ન જાય, તો તુરતજ યુદ્ધની શરૂઆત થવાની હતી અને તેથી રઝીયા અને તેનો શૌહર અલ્તુનિયા બન્ને ફોજના વ્યુહની રચના કરતા હતા અને યુદ્ધની શી રીતે શરૂઆત કરવી, તે બાબતમા સૈનિકોને ઘટતી સૂચના આપતા હતા આ કામમાથી નિવૃત્ત થતા અર્ધરાત્રિ વ્યતિત થઇ ગઇ હોવાથી રઝીયા અલ્તુનિયાને તેના તબુમા જવાની રજા આપીને પોતે આરામ લેવાના ઇરાદાથી પોતાના તબુમા આવી તે હવે સૈનિકનો

એ નકાબપોશ પુરુષે ગર્વથી જવાબ આપ્યો "હા, મુબારકજ, પરંતુ ગુલામને બદલે દિલ્હીનો મુખ્ય વજીર મારી સ્થિતિમા એટલો તફાવત થયો છે."

"પણ હુ તો તને ગુલામજ કહીશ, કારણકે તુ ગુલામ રહેવાનેજ લાયક છુ" મુબારકનો ગર્વયુક્ત જવાબ સાંભળીને રઝીયાએ ભાર દઇને કહ્યુ અને પછી પૂછ્યુ "ઠીક, પણ તુ અહી શા માટે આવ્યો છુ અને સૈનિકો તથા ઘોડેસ્વારોને સાથે લાવવાનો શો સબબ છે !"

મુબારકે તુરતજ ઉત્તર આપ્યો "સૈનિકો તથા ઘોડેસ્વારોને લાવવાનો તથા આહી મધ્ય રાત્રિએ આવવાનો સબબ દિલ્હીના સુલ્તાનનો હુકમ બજાવવાનો છે"

"એટલે તુ શુ કહેવા માગે છે !" રઝીયાએ જુસ્સાથી પૂછ્યુ.

"મારા કથનના અર્થને કદાચ તમે સમજી શક્યા નહિ હો" મુબારકે સહેજ ધીમા અવાજથી ઉત્તર આપતા તથા તે સાથે નવાઇનો ભાવ દર્શાવતા કહ્યુ "પરતુ આ સૈનિકો અને ઘોડેસ્વારોને જોઇને તમારા મનમા કાઇ ખ્યાલ આવી શકતો નથી, એ નવાઇ વાત છે ઠીક, પણ જ્યારે તમે તેનો સબબ સમજી શકતા નથી અને કાઇ ખ્યાલ લાવી શકતા નથી, ત્યારે મારે દિલગીરી સાથે ખુલ્લુ કહેવુ પડે છે કે દિલ્હીના સુલ્તાન મોઝુદ્દીનનો તમને કેદ કરવાનો હુકમ છે અને એ હુકમને અમલમા મુકવાને માટે થોડાક સૈન્યની સાથે હુ અહી આવેલો છુ"

મુબારકનુ સ્પષ્ટ કથન સાભળીને રઝીયા ક્રોધથી સળગી ગઈ તેણે સ્વરમા જુસ્સો અને જોર લાવીને કહ્યુ "ઓ નાલાયક તથા નીચ કુતરા ! શુ તુ મને કેદ કરવાને આવ્યો છે ! શુ તારામા તેટલી હિંમત છે !"

"મારામાં તેટલી હિમત છેકે નહિ, તેની ખબર તમને હમણાજ પડશે" મુબારકે મુખ ઉપરના વસ્ત્રને દૂર કરીને શાતિથી કહ્યુ, "પણ કહો તમે રાજીખુશીથી અમારા તાબે થશો કે અમારે તમને કેદ પકડવાને માટે અમારા બળનો ઉપયોગ કરવો પડશે ?"

મુબારકના શાત અને મમ વાળા હરફો સાભળીને રઝીયાનો ક્રોધ વધતો જતો હતો તેણે ફરીને પણ જુસ્સાપૂર્વક કહ્યુ "અરે ઓ નાચીજ ગુલામ ! તારી જબાનને બધ કર મને-સુલ્તાના રઝીયા બેગમને કેદ કરવાની તારી મજાલ નથી તુ મને કેદ કરવાનો પ્રયાસ કરીશ, તે પહેલા તો તુ તથા તારા આ થોડાઘણા સૈનિકો

"નિમકહરામ ગુલામ ! મારા અંગરક્ષકો તમારા કાબૂમા આવી ગયા હોય અગર તો ફોડાઇ ગયા હોય, તો ભલે. પરંતુ જ્યાંસુધી હું જીવતી છુ અને મારા બાહુમા બળ છે, ત્યાસુધી તુ મને કેદ પકડી શકવાના નથી"

"તમારુ ગુમાન શસ્ત નથી, માટે તેને છોડી દો અને અમે તમને પકડવાને વાસ્તે તમારી ઉપર કાઇપણ બળાત્કાર કરીએ, તે પહેલા મહેરબાની કરીને અમારા તાબે થઇ જાઓ" મુબારકે કાઇક જુસ્સાથી તથ આજ્ઞાદર્શક ભાવથી કહ્યુ

રઝીયા હવે એક નિશ્ચય ઉપર આવી ગઇ હતી તેણે ખજરને બે-ત્રણ વાર આમતેમ ફેરવ્યુ અને તે મુબારક ઉપર એકદમ ધસી ગઇ મુબારક રઝીયાના ધસારા માટે તૈયાર જ હતો તેણે પોતાની તલવારને મ્યાનમાથી એકદમ ખેચી કાઢી અને ખજર ઉપર એવા જોરથી ફટકો લગાવ્યો કે તે રઝીયાના હાથમાથી છૂટી ગયુ અને અવાજ કરતુ દૂર જઇને પડયુ. આ વખતે બે ત્રણ સૈનિકો રઝીયાની ઉપર ધસી આવ્યા અને મુબારકની ઇશારતથી તેમણે તેના બન્ને હાથને મજબુત બાધી લઇને તેને કેદ કરી લીધી રઝીયાએ એ સૈનિકોના હાથમાથી છૂટી થવાની ઘણી મહેનત કરી, પરંતુ તેમા તે ફાવી શકી નહિ આવી રીતે દગા-ફટકાથી કેદ પકડાવાથી રઝીયાના ગુસ્સાની સીમા રહી નહિ તેણે મુબારક તરફ ક્રોધથી બળતી આખોએ જોઇને પોતાના બધા જુસ્સાને એકત્ર કરીને કહ્યુ "ઓ નીચ અને વિશ્વાસઘાતી ગુલામ ! હુ કેદ પકડાવાથી જરા પણ ડરતી નથી, પરતુ તારા જેવા સ્વાર્થસાધુ અને ઉપકાર ઉપર અપકાર કરનારા હરામજાદા માણસના હાથે કેદ થવાથી મને તીવ્ર દુઃખ થાય છે તુ માણસ નહિ પણ માણસના દેહમા કાળો નાગ છુ મે તને તારામા રહેલા કેટલાક ગુણો જોઇને ગુલામની ગરબડતી અને કગાળ હાલતમાથી દિલ્હી દરબારનો ઉમરાવ બનાવ્યો, તારા બળની પરીક્ષા કરીને શાહી સૈન્યમા ઉચ્ચ પદવીનો અધિકાર આપ્યો અને તારુ રૂપ નિહાળીને મારો આશક બનાવવાનો પ્રયાસ કર્યો મતલબ કે મે તારી ઉપર અહેસાન કરવામા કશી પણ મણા અથવા તો ખામી રાખી નહિ એટલુ જ નહિ, પરતુ ફક્ત તારા માટે સુલ્તાના તરીકેના મારા માન અને આબરૂના ખ્યાલને દૂર રાખી શાહી દરબારના અમીર-ઉમરાવોની ખફગી વ્હોરી લીધી અને દિલ્હીના તખ્તને ઠોકર મારી તારી સાથે નાસી જવાની ઇચ્છા પણ દર્શાવી તારા ઇશ્કની ખાતર આટલુ બધુ કરવા છતા પણ તે મારા અગાધ પ્રેમનો સ્વીકાર કર્યો નહિ અને તારુ

કેદખાનામાં નાખ્યા હતા અને ત્યારબાદ કેટલોક સમય જવા દઈને તેણે બન્નેને ગુપ્ત રીતે કેદખાનામાજ મરાવી નાખ્યા હતા

આ રીતે દિલ્હીની પહેલી મુસલમાન સુલતાના રઝીયા બેગમનો ખુવાર થઇ અને તે પણ તેના એક વખતના પ્રેમપાત્ર માણસના હાથેજ, એ ઘટના ખરેખર શોકજનક છે.

પ્રકરણ ૨૭ મું.

ભદ્રેશ્વરનો દુર્ગ.

અણહિલપુર પાટણના માંડલિક ધોળકાના રાજા વીરધવળે ગુજરાતમા શાંતિનુ સ્થાપન કરવા અને પાટણની પડતી દશામાથી ચડતી સ્થિતિ કરવા માટે ધોળકામા જે નવુ રાજતંત્ર સ્થાપ્યુ હતુ, તે હવે સુદૃઢ થઇ ગયુ હતુ અને ગુજરાતમા તથા નજીકના અને દૂરના બીજા દેશોમા તેની સ્વતંત્ર રાજ્ય તરીકે ગણના કરવામા આવતી હતી રાજા વીરધવળે દેશમા સમાધાની સ્થાપવાના અને આસપાસના રાજ્યોને શામ, દામ, દંડ અને ભેદથી તાબે કરવાના અનેક ઉપાયો કર્યા હતા અને મહા અમાત્ય વસ્તુપાળ તથા સેનાનાયક તેજપાળની સહાય અને સલાહથી તેમા સફળતા પણ મેળવી હતી વસ્તુપાળ-તેજપાળ જેવા મંત્રીઓની કુશળતાથી તેણે મહારાષ્ટ્ર સુધીનો દેશ કબ્જે કર્યો હતો તથા દરિયાના કિનારે આવેલાં બીજા રાજ્યોને સમજાવીને પોતાના મિત્રો બનાવી દીધા હોવાથી તેમના તરફથી વારવાર કિમ્મતી ભેટો અને રોકડ નજરાણાં પણ આવતા હતા દેશમા શાંતિ અને સ્વસ્થતા સ્થપાયાથી લોકો ખેતીવાડી, વ્યાપાર અને હુન્નર-ઉદ્યોગના કામો નિરાતથી કરતા હતા અને તેથી દેશની તથા સમાજની આબાદી વધતી જતી હતી રાજા પોતે અને રાજ્યનો મુખ્ય મંત્રી ન્યાય અને નીતિપૂર્વક રાજ્યનુ તંત્ર ચલાવતા હોવાથી તથા પ્રજાના રક્ષણનો પૂરતો બંદોબસ્ત કરેલો હોવાથી લોકો કેવળ નિર્ભય હતા અને દેશમાથી હલકા અને નીચ માણસોની સખ્યા ઘટી ગઇ હતી તથા તેથી ગુન્હા પણ ઘણા થોડા બનતા હતા એ વખતે પ્રજા પાસેથી વધારે પડતો અને અસહ્ય કર લેવામા આવતો ન હતો એટલુજ નહિ; પણ જે કર રાજ્યના ધોરણ મુજબ લેવામા આવતો હતો, તેમાથી મોટો ભાગ પ્રજાના સુખ અને સગવડના સાધનોમા વપરાતો હતો ર

પાળ ગજમહેલના એક ખાનગી આવાગમાં મહત્ત્વની વાતચિત કરતા બેઠેલા હતા

"મંત્રીશ્વર !" વીરધવળે ગાદી ઉપર ગોળ લાંબા થઈને કહ્યું. "મને વીરમની બહુ ચિંતા થયા કરે છે જો તે પોતાની ચાલચાલ સુધારશે નહિ અને જયંતસિંહ જેવા સ્વાર્થસાધુ તથા વિશ્વાસઘાતક સરદારના પક્ષમાં રહીને તેના કહેવા મુજબ વર્તન ચલાવ્યા કરશે, તો પછી તેના સંબંધમાં શું કરવું, એની મને સમજણ પડતી નથી "

"આપની ચિંતા વાસ્તવિક છે. પરંતુ હાલ તે સંબંધમાં કાંઈ ચિંતા કે કશો વિચાર કરવાની અગત્ય નથી, કારણકે યુવરાજ વીરમદેવને મહામંડલેશ્વરનું ઘણું જોર છે અને તેથી જો આપ ઉતાવળા થઈને યુવરાજના સંબંધમાં કંઈપણ પગલું ભરશો તો તેનું પરિણામ કુટુંબના કલેશમાં જ આવશે " વસ્તુપાળે વાતનું સ્પષ્ટીકરણ કરતાં કહ્યું.

"તમારું કથન વ્યાજબી છે " વીરધવળે થોડીવાર વિચાર કરીને કહ્યું "મારો વિચાર તો આજે એ સંબંધમાં તમારી સાથે ચર્ચા કરી કાંઈક નિશ્ચય ઉપર આવવાનો હતો અને એટલા માટેજ મેં તમને અત્યારમાં બોલાવ્યા હતા પરંતુ તમારી મનાઈ હોવાથી હાલ હું એ વાતને પડતી મુકું છું '

એ પછી વસ્તુપાળે કાંઈ કહ્યું નહિ, એટલે વીરધવળે બીજા વિષય ઉપર આવવાના હેતુથી પૂછ્યું "હમણાં દિલ્હીના શું ખબર છે ?"

"સુલતાના રઝીયાને પદભ્રષ્ટ કરી તેનો ભાઈ મોઇજુદ્દીન દિલ્હીનો સુલતાન થયો, એ હકીકત તો આપના જાણવામાં છે " વસ્તુપાળે ઉત્તર આપ્યો "ત્યારપછી રઝીયા અલ્તુનિયા નામના એક સુબેદારની સહાયથી મોઇજુદ્દીન ઉપર ચડી આવી હતી, પરંતુ યુદ્ધ થયા પહેલાં મોઇજુદ્દીનના વિશ્વાસઘાતથી તે તથા તેનો સહાયક સુબેદાર બન્ને કેદ પકડાઈ ગયા અને કેદખાનામાં તે બન્નેને છાની રીતે મારી નાખ્યા તેવા સમાચાર આપણો એક ગુપ્ત દૂત લાવ્યો છે અને એ સમાચાર આપને કહેવા માટે હું અત્યારમાં આપની પાસે આવવાનોજ હતો "

"ત્યારે આ બનાવથી દિલ્હીમાં ઘણી અશાંતિ ફેલાઈ ગયેલી હોવી જોઈએ ?" વીરધવળે પુછ્યું

"દિલ્હીના અમીર-ઉમરાવો જૂદાજૂદા પક્ષોમાં વહેંચાઈ ગયેલ હોવાથી ત્યાં ખટપટની તો કોઈ સીમા રહી નથી તથા સુલતાન

સાહુબળે છતેલુ ભદ્રેશ્વર નગર ભવિષ્યમા ભયમા આવી પડવાનો સભવ છે અને તે માટે મારૂ અત્રે આગમન થયુ છે '

" ભદ્રેશ્વર શી રીતે ભયમા આવી પડવાનું છે ?" વીરધવલે આશ્ચર્ય પામીને પ્રશ્ન કર્યો " ત્યાનો અધિકારી નગરનાં રક્ષણનો બદોબસ્ત રાખતો નથી કે શુ ?"

" ભદ્રેશ્વરનો અધિકારી નગરના રક્ષણને માટે તેનાથી બનતા પ્રયત્ન કરે છે, પરતુ આસપાસના કોઈ રાજા કે સિન્ધપતિની સાથે યુદ્ધમા ઉતરવાનો પ્રસગ આવે, તો તેની પાસે પૂરતુ સૈન્યબળ નથી, તેમ જ સામા તેવી ત્રેવડ પણ નથી " જગડુશાહે ઉત્તર આપ્યો અને પછી કહ્યુ " રાજાધિરાજ ! હકીકત એવી છે કે સ્વર્ગસ્થ મહારાજાધિરાજ ભીમદેવ બાણાવળીએ ભદ્રેશ્વર નગરને બધાવેલો દુર્ગ ધનપારકરના રાજા પીઠદેવે કેટલોક સમય પહેલા તોડી નાખ્યો હતો, એ વાત તો આપના જાણવામા હશે આ દુર્ગને મે હાલમા નગરજનોના સુખ, સગવડ અને રક્ષણને માટે ફરીથી બધાવવાની શરૂઆત કરી છે આ વાત પીઠદેવના જાણવામા આવતા તેણે મને ભય દર્શાવ્યો છે કે જો ગધેડાના માથે બે શીંગડા ઉગી શકે, તોજ તુ દુર્ગને ફરીથી બધાવી શકીશ તેના આવા ગર્વભર્યા સદેશાનો સામો જવાબ મે આપ્યો છે કે ગધેડાના માથે શીંગડાં ઉગાડીને પણ હુ દુર્ગ બાધીશ આ પ્રમાણે હકીકત બનેલી હોવાથી પીઠદેવ ભદ્રેશ્વર ઉપર વખત જોઈને ચડી આવશે અને ત્યાનો અધિકારી મજબુત નહિ હોવાથી તથા તેની પાસ સૈન્ય પણ થોડુ હોવાથી કોટ બધાવવાના કાર્યમા વિઘ્ન આવવાની સાથે ભદ્રેશ્વર નગર ભયમા આવી પડવાનો પૂરતો સભવ છે."

વીરધવળ જગડુશાહના જવાબથી થોડીવાર વિચારમાં પડ્યો ત્યારપછી તેણે વસ્તુપાળને ઉદ્દેશીને પૂછ્યુ " પીઠદેવે ભદ્રેશ્વરનો કોટ તોડી નાખ્યો છે, એ વાત તો મારા જાણવામાં છે અને આપણે તે ફરી બધાવવાને માટે બીજા યુદ્ધ વગેરનાં કાર્યોમાં રોકાયાથી આજ સુધી ધ્યાન આપી શક્યા નથી. હવે જ્યારે નગરશેઠ જગડુશાહ પોતેજ કોટ બધાવે છે, ત્યારે આપણે તેમને દરેક પ્રકારની સહાય કરવી જોઈએ; પરતુ હુ જાણવા માગુ છુ કે શુ પીઠદેવ એટલો બધો જોરાવર અને ઉદ્ધત છે કે તે કોટ બધાવવાના કાર્યમાં વિઘ્ન ઉપસ્થિત કરવાનું અને એ રીતે આપણા ક્રોધને વ્હોરી લેવાનુ સાહસ કરી શકશે ?"

" રાજાજી !" વસ્તુપાળે ઉત્તર આપ્યો " પીઠદેવ એટલો બધો જોરાવર નથી, પરતુ ઉદ્ધત અને મિથ્યાભિમાની છે અને તેથી તે કદાચ

સાણુભળે ઉતેલુ ભદ્રેશ્વર નગર ભવિષ્યમા ભયમા આવી પડવાનો સભવ છે અને તે માટે મારૂ અત્રે આગમન થયુ છે "

"ભદ્રેશ્વર શી રીતે ભયમા આવી પડવાનુ છે ?" વીરધવલે આશ્ચર્ય પામીને પ્રશ્ન કર્યો "ત્યાનો અધિકારી નગરનાં રક્ષણના બંદોબસ્ત રાખતો નથી કે શુ ?"

"ભદ્રેશ્વરનો અધિકારી નગરના રક્ષણને માટે તેનાથી બનતો બંધ રાખે છે, પરંતુ આસપાસના કોઈ રાજા કે કિલ્લેદારની સાથે યુદ્ધમા ઉતરવાનો પ્રસગ આવે, તો તેની પાસે પૂરતુ સૈન્યબળ નથી, તેમ સામા તેવી ત્રેવડ પણ નથી " જગડુશાહે ઉત્તર આપ્યો અને પછી કહ્યુ "રાજાધિરાજ ! હકીકત એવી છે કે સ્વર્ગસ્થ મહારાજાધિરાજ ભીમદેવ બાણુવળીએ ભદ્રેશ્વર નગરને બધાવેલો દુર્ગ ઘરપારકરના રાજા પીઠદેવે કેટલોક સમય પહેલા તોડી નાખ્યો હતો, એ વાત તો આપના જાણુવામા હશે આ દુર્ગને મે હાલમા નગરજનોના સુખ, ગવડ અને રક્ષણને માટે ફરીથી બધાવવાની શરૂઆત કરી છે આ વાત પીઠદેવના જાણુવામા આવતા તેણે મને ભય દર્શાવ્યો છે કે જો ગધેડાના માથે બે શીંગડા ઉગી શકે, તોજ તુ દુર્ગને ફરીથી બધાવી શકીશ તેના આવા ગર્વભર્યા સદેશાનો સામો જવાબ મે આપ્યો છે કે ગધેડાના માથે શીંગડા ઉગાડીને પણ હુ દુર્ગ બાધીશ આ પ્રમાણે હકીકત બનેલી હોવાથી પીઠદેવ ભદ્રેશ્વર ઉપર વખત જોઈને ચડી આવશે અને ત્યાનો અધિકારી મજબુત નહિ હોવાથી તથા તેની પાસે સૈન્ય પણ થોડુ હોવાથી કોટ બધાવવાના કાર્યમા વિઘ્ન આવવાની સાથે ભદ્રેશ્વર નગર ભયમા આવી પડવાનો પૂરતો સભવ છે "

વીરધવળ જગડુશાહના જવાબથી થોડીવાર વિચારમા પડ્યો હતો ત્યારપછી તેણે વસ્તુપાળને ઉદ્દેશીને પૂછ્યુ "પીઠદેવે ભદ્રેશ્વરનો દુર્ગ તોડી નાખ્યો છે, એ વાત તો મારા જાણુવામા છે અને આપણે તેને ફરી બધાવવાને માટે બીજા યુદ્ધ વગેરેના કામોમા રોકાયાથી આજ સુધી ધ્યાન આપી શક્યા નથી હવે જ્યારે નગરશેઠ જગડુશાહ પોતેજ દુર્ગ બધાવે છે, ત્યારે આપણે તેમને દરેક પ્રકારની સહાય કરવી જોઇએ, પરતુ હુ જાણુવા માગુ છુ કે શુ પીઠદેવ એટલો બધો જોરાવર અને બળવાન છે કે તે કોટ બધાવવાના કાર્યમા વિઘ્ન ઉપસ્થિત કરવાનુ અને એ રીતે આપણા ક્રોધને વ્હોરી લેવાનુ સાહસ કરી શકશે ?"

"રાજાજી !" વસ્તુપાળે ઉત્તર આપ્યો "પીઠદેવ એટલો બધો જોરાવર નથી, પરતુ ઉદ્ધત અને મિથ્યાભિમાની છે અને તેથી તે કદાચ

ા નથી દુર્ગ બંધાવવાનું કામ [illegible] [illegible] [illegible]
ગનુ કામ જગડુશાહ પોતેજ કરે છે, ત્યાં [illegible] દુર્ગ [illegible]
ને જોઈતી મદદ કરવી અને જગડુશાહની સાથે તેમના મદદમા
પણ એક દળ સૈનિકો મોકલવા અને તેઓ દુર્ગ સપૂર્ણ બધાય
ત્યાસુધી ત્યાજ રહે એવી ગોઠવણ કરવી, એવો મારો અભિપ્રાય છે "

" મંત્રીશ્વર ! તમારો અભિપ્રાય વાજબી છે " વીરધવળ કહ્યુ. જગડુશાહ શેઠને આ કામને માટે સહાય કરવી, એ આપણી ફરજ છે, ! તેમને તેટલુ સૈન્ય ખુશીથી આપો અને તે સાથે તેમને ધનની વશ્યકતા હોય, તો પણ તેઓ માગે તેટલુ ધન પણ આપો જગડુ- ; જેવા રાજભક્ત, લોકમાન્ય અને સજ્જન પુરૂષને આપની સહાય પવામા જરા પણ કચાશ રાખવાની નથી "

" પ્રજાવત્સલ મહારાજ ! " જગડુશાહે અત કરણનો આનદ શૅત કરતા કહ્યુ " આપની પ્રજાવત્સલતા, લોકોના જાનમાલની ામતી માટેની કાળજી તથા તે સાથે અપૂર્વ ઉદારતા જાણીને હુ ઘણો નદ પામ્યો છુ અને તે માટે આપનો અત કરણ પૂર્વક ઉપકાર નુ છુ મને ધનની આવશ્યકતા નથી, કારણકે પૂર્વના પુણ્યના યોગે રી પાસે પુષ્કળ ધન તથા સપત્તિ છે મને માત્ર જરૂર છે આપના ાની અને તે આપ જોઇતુ સૈન્ય આપીને પૂરી કરો છો એટલે હવે । કાંઇ ચિંતા નથી "

જગડુશાહ બોલી રહ્યો કે તુરતજ વીરધવળ હસતો હસતો ઉભો ાા વસ્તુપાળ તથા જગડુશાહે તેનુ અનુકરણ કર્યુ તેણે ખડના દ્વાર મે આવતા આવતા એક વાર જગડુશાહ તરફ તથા એક વાર વસ્તુ- ળ તરફ જોઇ હસીને કહ્યુ. " ઠીક ત્યારે, મત્રીજી ! હવે હુ જઉં છુ; રણકે રાજસભાનો વખત થવા આવ્યો છે તમે પણ શેઠજીની સારી તે ખાતર બરદાસ કરીને તેમની સાથે રાજસભામા વહેલા આવજો થા ભદ્રેશ્વર મોકલવાના સૈન્યને માટે યુદ્ધમત્રી તેજપાળને ઘટિત ાજ્ઞા આપી દેજો "

એટલુ કહીને વીરધવળ ખડની બહાર નીકળ્યો મત્રી તથા શેઠ ાની સાથેજ હતા તેણે શેઠને સબોધીને કહ્યુ " જગડુશાહ ! ભદ્રેશ્વર જવાને વાસ્તે તમે બહુ ઉતાવળા થશો નહિ પદરેક દિવસ નિરાતે રહીને પછી સુખેથી જશો તે પછી અમે તમને વધારે આગ્રહ કરશુ નહિ "

" આપના આગ્રહને માટે હુ આપનો ઘણો આભારી છુ, પરતુ એટલો બધો વખત રોકાવાનુ મને પાલવે તેમ નથી " જગડુશાહે

એક ગણું દાન
ને
સહસ્રગણું પુન્ય.



“દાન” એ મનુષ્ય જીવનને ઉંચે ચઢાવનાર વિમાન પણ એવું દાન સત્પાત્રે થાય તોજ તેની સાર્થકતા છે

અત્યારે તમારાં બાળકોને સંભાળવા, કેળવવા અને ધર્મે ચઢાવવાનું કામ શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુળ પાલીતાણામાં કરી રહેલ છે તેમાં મદદ દેવાથી સ્વામીભક્તિ, વિદ્યાદાન, અને બાળબ્રહ્મચારીઓની ભક્તિના લ્હાવાનો એક સામટો લાભ મળે છે.

આ ગુરૂકુળમાં જૈન બંધુઓના બાળ બ્રહ્મચારી બાળકોને અન્ન, વસ્ત્ર, કપડા, પુસ્તક વિગેરે દરેક પ્રકારની સગવડતા કરી આપવા સાથે ધાર્મિક જ્ઞાન, આધુનિક પદ્ધતિથી ઉત્તમ રીતે અપાય છે તથા રમત ગમત અને કસરતના સાધનોથી શરીર સુદૃઢ બનાવવામાં આવે છે.

કોઇપણ પ્રસંગની યાદગીરી માટે રૂા ૧૦૦૧) મા મિષ્ટાન્ન માટેનો તથા રૂા ૫૦૧) મા સાદા ભોજનનો દિવસ કાયમ માટે મુકરર થાય છે રૂા ૨૫૧) મા એક ટંક નોંધાય છે

જો તમોને તમારા આ બાળકો માટે પ્રેમ આવતો હોય તો હમણાંજ તેની મુલાકાત લ્યો, અને સંતોષ મેળવી કંઇને કંઇ મદદ મોકલો

પત્રવ્યવહાર } શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુળ
(બ્રાંચ ઓફીસ) } ૫૬૬ પાયધુની મુંબઇ.

જૈન સસ્તી વાંચનમાળા—ના ગ્રાહકોને [illegible]
[illegible]
ત્રણ વર્ષમાં આપેલાં [illegible]
ઉપરથી જણાશે [illegible]

સં. ૧૯૮૦ માં

	પૃ.	કિંમત.
૧ શ્રી આદિનાથ ચરિત્ર (ભાષાંતર [illegible])	[illegible]	[illegible]
૨ શ્રી મહાવીર સ્વામીના દશ શ્રાવકો [illegible]	[illegible]	[illegible]
૩ ધનપાળ પુરોહિત અને તિલકમંજરી	[illegible]	[illegible]

સં. ૧૯૮૧ માં

૧ શ્રીસિદ્ધસેન દિવાકર અને વિક્રમના સમયની [illegible]	[illegible]	[illegible]
૨ ઋષિમુનિ અને મહેશ્વરી [illegible]	[illegible]	[illegible]
૩ શ્રી મણિભદ્ર પાર્શ્વનાથ ચરિત્ર	[illegible]	[illegible]

પોસ્ટ ખર્ચ બચાવવાથી જુદા મંગાવતા [illegible] ઉપરની કિંમતે મળે છે તેથી [illegible] ગ્રાહકોને [illegible] થવામાં [illegible] પુસ્તક મળતા નથી

પંચપ્રતિક્રમણસૂત્ર સંપૂર્ણ

શુદ્ધ સુંદર પોકેટ સાઈઝમાં મોટા ટાઈપમાં સારા કાગળ અને પાકા [illegible] બુકે મુસાફરીમાં પણ આવશ્યક ક્રિયા કરી શકાય તે માટે ખીસામાં કે પુસ્તકની પેટીમાં રાખી શકાય તેવું છે વળી વિવિધ અને પ્રસિદ્ધ ચૈત્યવંદનો સ્તવનો સ્તુતિઓ, શ્રી ગૌતમસ્વામીનો રાસ, છંદો, નવસ્મરણ વિગેરે અને તે ઉપરાંત જરૂરી સ્તોત્રો સ્નાત્રપૂજા [illegible] નવપદ ભાવના આદીનો સમાવેશ કરવામાં આવેલ છે પૃષ્ઠ લગભગ [illegible] છતાં કિં ૦–૧૦–૦ પચાસ નકલ સાથે મંગાવનારથી રૂા ૨૫) માં મળશે

ગુજરાતી અક્ષરમાં નવસ્મરણ.

નિત્યની પ્રાતઃકાળની ક્રિયામાં સ્મરવા યોગ્ય બીજા સ્તોત્રો, છંદો, રાસ, વિગેરેના સમાવેશ સાથે કિં ૦–૪–૦ આના રૂા ૨૦)

લખો— } જૈન સસ્તી વાંચનમાળા.
રાધનપુરી બજાર—ભાવનગર.

પ્રકરણ ૨૮ મું.

બાદશાહી ફોજનો પરાજય.

સવિતા નારાયણ ઉદયાચળના શિખર ઉપર આરૂઢ થયા છે. આકાશ કેવળ સ્વચ્છ અને નિર્મળ છે. આબુ પર્વત પાસેનો વનપ્રદેશ કાળી કોયલોના પંચમસ્વરી ટહુકાર અને ઈતર પક્ષીઓના મધુર કિલકિલાટથી ગાજી રહ્યો છે. પ્રભાતમાલિન સૂર્યના ઉગતો પ્રકાશ આબુ ઉપરનાં મહા પ્રતાપી મંત્રી વિમળશાહે બધાવેલા અત્યુચ્ચ દેવાલયોનાં ધવલ શિખરોને વધારે તેજસ્વી બનાવી રહ્યો છે. શાસ્ત્રોમા પવિત્ર મનાતા આબુ પર્વત અને તેની ઉપરનાં દેવાના વિમાન જેવા સુંદર મંદિરોની છાયામા આવેલો પ્રદેશ, વૃક્ષોની ઘટા, નાના મોટા ડુંગરોની હારો, તે વચ્ચેની ઉંડી ખીણો, શુભ્ર અને મીઠા જળથી ભરેલા સરોવરો, નિર્મળ પાણીના ઝરાઓ, જુદા જુદા ડુંગરોમાથી નીકળતી નદીઓ તથા વિવિધ જાતિના પશુઓ અને પક્ષીઓથી અતિ શોભાયમાન, સુંદર અને રમણીય જણાય છે.

પ્રકૃતિના આ આનંદ આપનારા સ્થાનમા એક નિર્મળ પાણીના ઝરાની પાસે બે પુરૂષો પરસ્પર વાર્તાલાપ કરતા ઉભા છે. તે બન્ને પુરૂષોએ ઉત્તમ વસ્ત્રાલંકારો પહેરવાની સાથે શસ્ત્રોને પણ સારી રીતે સજેલા હતા. તે બે પુરૂષો માહેનો એક પુરૂષ કે જે શરીરે ઉંચો, બળવાન અને લાંબા બાહુવાળો હતો, તે ગુજરાતનો મહામાત્ય વસ્તુપાળ હતો અને બીજો પુરૂષ કે જે કદમા સહેજ નીચો, સૌમ્ય મુખવાળો અને વસ્તુપાળની જેમ આજાનબાહુ પણ હતો, તે આબુ પ્રદેશનો રાજા અને ગુજરાતનો માંડલિક પરમાર ધારાવર્ષ હતો.

"રાજાજી!" વસ્તુપાળે ઝરામા વહેતા પાણી પ્રત્યે જોઇને ધારાવર્ષને ઉદ્દેશીને કહ્યું. "ચંદ્રાવતીમા તમારા પિતાના સમયમા ચાલતી રાજકીય ખટપટનો અંત આવ્યો છે અને રાજતંત્ર ઘણીજ સરલતાથી ચાલે છે, એ જાણીને હું ઘણો ખુશી થયો છું અને હું ઇચ્છું છું કે તમે તમારા રાજ્યને સુખપુર્વક ભોગવવાને શક્તિવાન થાઓ."

"તમારી શુભેચ્છા માટે હું તમારો આભારી છું." ધારાવર્ષે ઉપકારનો ભાવ દર્શાવીને કહ્યું.

"એમા આભાર બતાવવાની કશી જરૂર નથી. તમે ગુજરાતના

[illegible] મિથ્યાભિમાની [illegible] મિથ્યાભિમાનની [illegible] દુર્બળ બનવાની [illegible] સમયમા મુસલમાનો [illegible]

વસ્તુપાળનુ [illegible] સ્પષ્ટ [illegible] બળીને રાજા ધારાવર્ષ નિસ્તેજ બની ગયો, તેણે પોતાની બેદરકારી અને અજ્ઞાનનો ખ્યાલ કરીને શરમથી નીચુ જોઇ લીધુ થોડીવાર પછી તણે ધીમા સ્વરે કહ્યુ. "મત્રીશ્વર ! તમારુ કટાક્ષયુક્ત કથન સ્થળ બાબતમાં છે અમે પરસ્પર અને અદરાઅદર લડવામા એવા મશગુલ બની ગયા છીએ કે અમે અમારા મારા ધર્મને તદ્દન વિસારી મૂક્યો છે પોતાનુ મિથ્યાભિમાન દેખાડવાને માટે કોઇ નિર્બળ રાજાને મદદ આપવાને બદલે તેને કચરી નાખવાને વાસ્તે અને કોઇ રૂપાળી રાજકુવરીની પ્રાપ્તિને માટે અમે મહાન્ લડાઇઓ લડીએ છીએ અને હજારો વીરનુ બલિદાન આપીએ છીએ, પરતુ દેશ, સમાજ કે ધર્મના રક્ષણના સર્વ-સામાન્ય કાર્યને માટે અમે અમારા બધુરાજાઓને સહાય આપવાની ઉદારતા બતાવતા નથી હુ ફરીને પણ કહુ છુ કે તમારૂ કહેવુ તદ્દન સાચુજ છે, પરતુ તે સાથે એટલુ કહેવાને પણ હિમત કરૂ છુ કે આબુનો આ પરમાર રાજા ધારાવર્ષ મિથ્યાભિમાની અને બેદરકાર નથી તેને તેના ધર્મ અને જવાબદારીનો ખ્યાલ છે અને તે પોતે દેશના સર્વસામાન્ય કામને માટે ચાહે તેટલો ભોગ આપવાને સદા તૈયારજ છે તમે મને એવાજ કોઇ કામને માટે બોલાવ્યો હોય, તો ગુજરાતના મહારાજાના માડલિક રાજા તરીકે તેમની બાજુમા ઉભા રહેવામા હુ જરાપણ આનાકાની કરીશ નહી "

"એ સબધમા અમને તમારામા સપૂર્ણ વિશ્વાસ છે " વસ્તુપાળે સતોષનો ભાવ બતાવીને કહ્યુ " તમને આહી બોલાવવાનુ કારણ પણ એવુજ છે દિલ્હીના નવા સુલ્તાન મોજુદ્દીને તેના સેનાપતિને લશ્કર સાથે ગુજરાત ઉપર ચડાઇ લઇને મોકલ્યો છે, એવા ખબર અમા-

[illegible]

[illegible]

"ખુશીથી" વસ્તુપાળે કહ્યુ અને [illegible] "અને મે આપેલી સૂચના પ્રમાણે વખતસર ગોઠવણ કરવાનુ ધ્યાનમા રાખશો."

"તે માટે તમે નિશ્ચિત રહેજો" એમ કહીને ચંદ્રાવતી-આબુનો પરમાર રાજા ધારાવર્ષદેવ પોતાના ઘોડાને ત્યાથી દોડાવી ગયો

ધારાવર્ષના જવા પછી મહામંત્રી વસ્તુપાળ તથા રાજા સામંત-[illegible]ળ તેમના ઘોડા ઉપર સ્વાર બનીને છાવણી તરફ રવાના થયા

બીજા દિવસનું પ્રભાત થતાજ ગુજરાતી સૈનિકો વહેલા તેયાર [illegible] ગયા અને દિલ્હીના સૈન્યના આગમનની રાહ જોવા લાગ્યા. રાજા [illegible]રાવર્ષ પણ વસ્તુપાળની સૂચના પ્રમાણે પોતાના સૈન્ય સાથે રણભૂમિ-[illegible] આવી ગયો હતો અને એક અતિ ઊંડી ખીણમા છુપાઇને રહ્યો હતો. [illegible]ર્યોદય થયા પછી થોડીવારમા બાદશાહી સૈન્ય આબુના સાકડા માર્ગ[illegible]થી આવી ગયુ અને માર્ગની સકડાશનો કાઇ પણ ખ્યાલ કર્યા વિના [illegible] જોસમા સાકડા માર્ગે થઇને આગળ વધ્યુ. સેનાપતિ પોતે પાછળ [illegible], તે પણ તેના ખાસ સ્વારો સાથે સાકડા માર્ગમા પ્રવેશ કરી [illegible]યો કે તુરતજ ધારાવર્ષે ખીણમાંથી બહાર આવીને એ માર્ગને પાછળથી પોતાના સૈનિકોને આડા ગોઠવીને બધ કરી દીધો દિલ્હીનું સમગ્ર સૈન્ય સાકડા રસ્તામા આવી ગયુ કે આગળથી ગુજરાતી સૈનિકો અને પાછળથી ચદ્રાવતીના પરમારો મુસલમાનો ઉપર એકદમ અને અચાનક તુટી પડ્યા આવા બન્ને બાજુના અચાનક આક્રમણથી મુસલમાન સેના ગભરાઇ ગઇ, તેનો ધમારો મદ પડી ગયો અને તેની ગોઠવેલી હારો તૂટી ગઇ આગળ તથા પાછળ બન્ને બાજુથી મુસલમાન સૈનિકોની એવી કાપાકાપી ચાલી રહી કે તેઓ ત્રાસ પામી ગયા અને તેમનામા ભયકર ખૂમરાણ મચી રહ્યુ સુલ્તાન મૌજુદ્દીનનો સેનાપતિ પ્રથમ તો તેના સૈનિકો ખૂમરાણ મચાવતા કેમ પાછા હઠે છે, એ ..

ધાર[illegible]મા આવી પહોંચ્યા [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] આદર[illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] સન્માન અને [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
અને આસપાસના બધા [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
તેની [illegible]તા, [illegible] [illegible] [illegible] [illegible]
અને તેના ગુણાનુવાદ ગાવા લાગ્યા

પ્રકરણ ૨૯ મું.

પ્રપંચ.

મહામંત્રી વસ્તુપાળ કેટલોક સમય થયા ખંભાતમાં આવ્યા છે. [illegible]ભાતકાળનો સમય હોવાથી આવશ્યકીય ક્રિયાઓથી પરવારીને તે ખંભાત નગરના રાજમહાલયના બાગમાં સવારના મંદ મંદ વહેતા વાયુનું સેવન કરવાને માટે એક આસન ઉપર એકલો બેઠેલો છે. તે આ પ્રમાણે [illegible]ડીવાર બેઠા હશે, એટલામાં એક પુરૂષ ત્યાં આવી પહોંચ્યો અને અધિકારીની રીત મુજબ નમન કરીને તેની સન્મુખ ઉભો રહ્યો

“ સલક્ષ મહેતા ! ” વસ્તુપાળે આવેલા પુરૂષને સંબોધીને પૂછ્યું. “ તમે આવી પહોંચ્યા, એ ઠીક થયું, કારણ કે હું તમારી રાહજ જોતો હતો. ગઇ કાલે સાંજે તમને સૂચના આપ્યા મુજબ બધી ગોઠવણ થઇ ગઇ કે નહિ ? ”

સલક્ષ મહેતા ખંભાતનો અધિકારી હતો તેનું શરીર જો કે દુર્બળ જણાતું હતું, પરંતુ તેના દરેક અવયવો મજબુત હતા, તેની આંખો તેજસ્વી હતી અને તેનું મુખ ભવ્ય હતું સારાંશ કે સલક્ષ પ્રભાવશાળી પુરૂષ હતો તેણે વસ્તુપાળના પ્રશ્નનો જવાબ આપતાં કહ્યું “મંત્રીશ્વર આપની સૂચનાનુસાર તમામ ગોઠવણ ગઇ રાતેજ થઇ ગઇ છે દિલ્હીના સુલતાનની મા જે મુસલ્માન વહાણવટીને ત્યાં ઉતરી છે, તેનું ઘર આપની આજ્ઞા મુજબ લુંટી લેવરાવ્યું છે અને લુંટનો બધો માલ ગુપ્ત સ્થળે રખાવ્યો છે આ સંબંધમાં વહાણવટી હમણાજ ફરિયાદ કરવા આવી પહોંચવો જોઇએ ”

“ કાંઇ ફીકર નહિ તમે એ બાબતમાં નિશ્ચિંત રહો અને જૂઓ કે હવે શું થાય છે ? ” વસ્તુપાળે સહેજ હસીને એ પ્રમાણે કહ્યું

[illegible] આવ્યા ગયા [illegible] પ્રમાણે [illegible] ફરિયાદ કરવા માટે આવ્યો [illegible] [illegible] પાન [illegible] માટે આપ [illegible] તેમને પાછો માલ [illegible] નહીં [illegible]

વસ્તુપાલ યાકુબની ફરિયાદ સાંભળી [illegible] યાકુબ [illegible] ઉપર જુલમ થયા છે હું [illegible]ઓને પકડવાને માટે [illegible] માટે તને તમારા લુટાયલા માલની [illegible] નહિ. પણ તમારે ત્યા આવેલા મહેમાન [illegible]

"જી, હા" યાકુબે ઉત્તર આપતા કહ્યુ "અને મારા એ મહેમાન દિલ્હીના હાલના સુલતાન મોઝુદ્દિનના અમ્મા પોતેજ છે"

વસ્તુપાળે યાકુબનો ખુલાસો સાભળીને ઘણાજ આશ્ચર્યનો ભાવ દર્શાવ્યો અને એકદમ કહ્યુ "શુ તમારે ત્યા સુલતાનાના માતા આવેલ છે અનેતેમનો માલ લુટારા લૂટી ગયા છે યાકુબ ! સુલ્તાનાના માતા મક્કે જવા માટે આંહી આવવાના છે, એવુ તમે મને પ્રથમ કેમ કહ્યુ નહિ ? જો તમે મને એ વાત પહેલેથી કરી હોત તો હુ તેમના માટે પૂરતો બદોબસ્ત કરત અને તેમને આંહી રાજ્યમહેલમા ઉતારો તથા જોઇતી બધી સગવડ કરીઆપત, પણ હવે થયુ તે ખરૂ એ લુટારાઓને પકડવાને માટે સલક્ષ મહેતાને આજ્ઞા આપુ છુ અને આજ સાજ સુધીમા લુટાયેલો તમામ માલ તમને પાછો મળી જાય તેવી તાકીદ કરૂ છુ એ દરમ્યાન બેગમ સાહેબની સગવડ માટે મારા માણુસોને તમારી સાથે અત્યારેજ મોકલુ છુ અને હુ પોતે પણ તેમને મળવાને માટે સાજે તમારા મકાને આવીશ"

યાકુબ સુલ્તાનાની મા પ્રત્યે વસ્તુપાળની કાળજી અને માનબુદ્ધિ જોઇને ખુશી થઇ ગયો તેણે આભારની લાગણી દર્શાવતા કહ્યુ "જનાબ મત્રીશ્વર ! આપે મારી ફરિયાદને સાભળીને તે સબધમા જે કાળજી બતાવી છે તે માટે હુ આપનો અહેશાન માનુ છુ આપ ખુશીથી મારા મકાને પધારજો બેગમ સાહેબ તેથી ઘણા ખુશી થશે"

વસ્તુપાળે સલક્ષ મહેતાને ઉદ્દેશીને કૃત્રિમ ગભીર અવાજે કહ્યુ મહેતા ! "તમારા અધિકારમા આ પ્રમાણે લૂટ થાય, એ યોગ્ય કહેવાય નહિ અને તેમા યાકુબ જેવા મોટા વ્યાપારી અને તેને ત્યા મ્હેમાન થઇને આવેલા દિલ્હીના સુલતાનના માતુશ્રી લુટાય, એ તો તદ્દન અયોગ્ય અને શરમ ભરેલુ છે માટે તમે જાતે લુટારાઓની તપાસ કરો, લુટાયેલો માલ પાછો મેળવીને યાકુબને આજ સાજ સુધીમા સોપી આ

બહુ સારૂ." મોઝુદ્દીને કહ્યુ અને જણાવવા માડ્યુ ' તમારી કેમ જે માગણી કઇ કઇ છે, તે કહી બતાવો '

" મારી પહેલી માગણી એ છે કે આપે અમારી સાથે સધિ કરી મૈત્રિસબધ બાધવો, કારણકે પરસ્પર સલાહ સબધ રાખવાથી અમને અને આપને બન્નેને લાભ છે " વસ્તુપાળે તુરતજ કહ્યુ

આ વખતે દિલ્હીનો સેનાનાયક બોલવાને એકદમ ઉભો થયો પરંતુ મોઝુદ્દીને તેને બોલવાની મના કરીને વસ્તુપાળને પૂછ્યુ " અને તમારી બીજી તથા ત્રીજી માગણી શી છે ? "

વસ્તુપાળે જવાબ આપ્યો " આપે અમારા હિન્દુ તથા જૈનના મદિરો, ઉપાશ્રયો તથા મહાલયોનો કોઇ પણ સ્થળે નાશ કરવો નહિ તેમજ કોઇની પાસે કરાવવો પણ નહિ કારણ કે એ લોકોની જાહેર મીલ્કત છે અને તેથી તેને સુરક્ષિત રાખવી, એ દરેક રાજકર્ત્તાની ફરજ છે આ મારી બીજી માગણી અને મારી ત્રીજી માગણી એવી છે કે આપે મને દિલ્હી નગરમા અથવા તો તેની નજીકમા અમારૂ એક દેવાલય બાધવા દેવાની રજા આપવી "

આ સમયે વૃદ્ધ કાજી દાઢીના વાળને હાથના આગળાવતી વળ દેતો દેતો કાઇક જુસ્સામા અને કાઇક ક્રોધમા બોલવાને ઉભો થયો પરંતુ સુલ્તાને તેને ચૂપ રહેવાની ઇશારત કરતા તે મનમા ને મનમા બડબડતો બડબડતો બેસી ગયો પણ ત્યા બેઠેલા બે-ત્રણ ઉમરાવો માહેનો એક ઉમરાવ કે જે વૃદ્ધ અને મુખ્ય હતો, તે પોતાનો જુસ્સો દબાવી શકયો નહિ તેણે સુલ્તાનને એકદમ કહી નાખ્યુ " શાહનશાહ

સાહેબ ખાતરી આપો છો, ત્યારે એ સંબંધમાં મારી પણ મોકલી છે "

"બહુ સારૂ." મોઝ્ઝુદીને કહ્યુ અને જાણવા માગ્યુ ' તમારી એ ત્રણે માગણી કઇ કઇ છે, તે કહી બતાવો '

" મારી પહેલી માગણી એ છે કે આપે અમારી સાથે સંધિ કરીને મૈત્રિબંધ બાંધવો, કારણકે પરસ્પર સલાહ સંબંધ રાખવાથી અમને અને આપને બન્નેને લાભ છે " વસ્તુપાળે તુરતજ કહ્યુ

આ વખતે દિલ્હીનો સેનાનાયક બોલવાને એકદમ ઉભો થયો પરંતુ મોઝ્ઝુદીને તેને બોલવાની મના કરીને વસ્તુપાળને પૂછ્યુ " અને તમારી બીજી તથા ત્રીજી માગણી શી છે ? "

વસ્તુપાળે જવાબ આપ્યો " આપે અમારા હિન્દુ તથા જૈનના મંદિરો, ઉપાશ્રયો તથા મહાલયોનો કોઇ પણ સ્થળે નાશ કરવો નહિ તેમજ કોઈની પાસે કરાવવો પણ નહિ. કારણ કે એ લોકોની જાહેર મીલ્કત છે અને તેથી તેને સુરક્ષિત રાખવી, એ દરેક રાજકર્ત્તાની ફરજ છે આ મારી બીજી માગણી અને મારી ત્રીજી માગણી એવી છે કે આપે અમને દિલ્હી નગરમા અથવા તો તેની નજીકમા અમારૂ એક દેવાલય બાંધવા દેવાની રજા આપવી "

આ સમયે વૃદ્ધ કાજી દાઢીના વાળને હાથના આગળાવતી વળ દેતો દેતો કાંઇક જુસ્સામા અને કાઇક ક્રોધમા બોલવાને ઉભો થયો. પરંતુ સુલ્તાને તેને ચૂપ રહેવાની ઇશારત કરતા તે મનમા ને મનમા બડબડતો બડબડતો બેસી ગયો પણ ત્યા બેઠેલા બે-ત્રણ ઉમરાવો માહેનો એક ઉમરાવ કે જે વૃદ્ધ અને મુખ્ય હતો, તે પોતાનો જુસ્સો દબાવી રાખી શક્યો નહિ તેણે સુલ્તાનને એકદમ કહી નાખ્યુ " શાહેન

દિલ્હીનો સેનાનાયક વસ્તુપાળના ઝુસ્સાભરેલા આ શબ્દો સાંભળીને ગુસ્સે થઇ ગયો તેણે જમણા ઝુસ્સાની ... “ વસ્તુપાળ ! તમારા બાહુમા કેટલુ બળ છે, એ નથી જાણતા ? તમે આ વખતે અમોને ને ફસાવાને છૂટી ગયા છો એટલે અત્યારે ગર્વથી વાત કરો છો, પરંતુ એ તમારું મિથ્યા ગુમાન છે અમારી અગણિત સેનાથી અમે તમને મહાત કરવાને પુરતા શક્તિવાન છીએ અને તેથી હુ તમને સાફ કહુ છુ કે અમારા જેવા સુતેલા સિંહને ખોટો ગર્વ બતાવી વિના કારણે જગાડવામા સાર નથી, એ નક્કી સમજી રાખજો ”

વસ્તુપાળે પોતાના ઝુસ્સાને કાબુમા રાખીને કહ્યુ “ સેનાનાયક ! જેમ મારા બાહુમાં કેટલુ બળ છે એ તમે જાણો છો, તેમ હુ પણ જાણુ કે તમારા બાહુમા કેટલુ બળ છે, પરંતુ બળની પરીક્ષા મોઢાની ખાલી વાતોમા થતી નથી તેની પરીક્ષા તો યુદ્ધની ભૂમિમા તલવારોના ઉપયોગથી થાય છે, સમજ્યા ! ”

આબુ પર્વતના સાંકડા માર્ગમા વસ્તુપાળના હાથે મહાત થવાથી સેનાનાયક વસ્તુપાળની ઉપર ગુસ્સે તો હતોજ અને તેમા તેના વધારે ગંભીર અને મશ્કરીયુક્ત વચનો સાંભળવામા આવ્યા, ત્યારે તે વધારે ક્રોધાતુર થઇ ગયો તેણે એકદમ કહ્યુ “ વસ્તુપાળ ! તમારા બાહુમા કેટલુ બળ છે તેની પરીક્ષા હુ અત્યારેજ કરવા માગુ છુ અને તમારા અભિમાનનો હમણા નાશ કરૂ છુ ”

એટલુ કહીને તેણે બુમ પાડી ‘ સિપાઇઓ ! ગુજરાતના આ બોલકણા બનિયા વઝીરને કેદ કરો ”

દિવાને ખાસની બહાર કેટલાક સિપાઇઓ ! ખુલ્લી તરવાર ઉભેલા હતા, તેમાથી ચાર પાચ સિપાઇઓ સેનાનાયકની બુમ

" તમારી ઇચ્છા આજ્ઞા છ અને મારી મરજી પણ તેવીજ છે ' મોજુદીને કહ્યુ " પણ આપણો અત્યારે કરેલો સલાહ નબધ ભવિષ્ય મા દિલ્હીની બાદશાહી અને ગુજરાતના રાજ્ય માથે લાબો વખત ટકશે નહિ, એ પણ તમારે નમજી રાખવાનુ છે "

" તેની ચિતા નહિ, કારણકે ભવિષ્યની ચિતા અત્યારથી કરવાની અગત્ય નથી. ' એમ કહીને વસ્તુપાળે વિનતિના રૂપમા પ્રશ્ન કર્યો ' ત્યારે હવે મને મારા દેશમા જવાની રજા છે ' "

" એ સબધમા હુ અમ્માને પૂછી જોઇશ " મુલ્તાન મોજુદીને સહેજ હસીને જવાબ આપ્યો અને ત્યારબાદ તેણે તખ્ત ઉપરથી ઉઠીને પૂછ્યુ " પણ તમે તમારૂ મદિર બધાવવાને વાસ્તે શો બદોબસ્ત કરવાના છો ? "

" એ બાબતમા હુ અહીના એક જૈન ગૃહસ્થને યોગ્ય સૂચના આપતો જઇશ " વસ્તુપાળે આસન ઉપરથી ઉભા થઇને ઉત્તર આપ્યો

સુલ્તાનને તખ્ત ઉપરથી ઉભો થયેલો જોઇને બધા દરબારીઓ પણ ઉભા થઇ ગયા હતા તેમાથી વઝીર તથા કાજીને પોતાની સાથે લઇને સુલ્તાન દિવાનેખાસનો ત્યાગ કરી ગયો અને સેનાનાયક તથા ઉમરાવો બાદશાહનુ આજનુ વર્ત્તન જોઇને તેની ઉપર નાખુશ થતા તથા ચર્ચા કરતા કરતા ચાલ્યા ગયા. વસ્તુપાળ પોતે પણ તેના ઉતારે ગયો અને ત્યારબાદ એકાદ દિવસ દિલ્હીમા રહી તથા નવુ મદિર બધાવવાના સબધમા યોગ્ય ગોઠવણ કરીને યથાસમયે ધોળકામા આવી પહોચ્યો

નસ્કારી [illegible] સ્વામી પણ ન ગુણી, [illegible] તથા અનુપમાની સલાહ પ્રમાણે વર્તતા હતા અનુપમા જેમ ગુણ ખીણી હતી, તેમ વીર નારી પણ હતી અને તેનો પતિ તેજપાળ [illegible] સંગ્રામના અંગે યુદ્ધમા જતા, ત્યારે તે વીરાંગનાને શોભે તેવી રીતે તેને ઉત્સાહિત કરતી હતી અને હસતા મુખે વિદાય પણ આપતી હતી આવી દેવસ્વરૂપા અનુપમા સંબંધી આટલી પ્રસ્તાવના કરવામા અમારો આશય માત્ર એટલોજ રહેલો છે કે અનુપમા એ ખરેખર અનુપમાજ હતી

મધ્યાન્હના સમયને થોડી વાર હતી, મતલબ કે ભોજનનો વખત થવા આવ્યો હતો આ વખતે તેજપાળ તથા તેની પત્ની અનુપમા તેમના આવાસના એક ખંડમા હિંડોળા ઉપર બેઠેલા હતા અને રંગભર્યો વાર્તાલાપ કરતા હતા

અનુપમાને કાંઇક યાદ આવ્યુ હોય તેમ સહેજ ઉતાવળથી તથા કાંઇક જીજ્ઞાસાથી પૂછ્યુ "બીજી બધી રાજકીય વાત તો ઠીક, પરંતુ નાથ, આબુ પર્વત ઉપર મંદિરો બંધાવવાનુ કામ ચાલે છે, તેના ખબર છે ? તથા મંદિરો તૈયાર થવ મા હવે કેટલી વાર છે ?"

તેજપાળે જવાબ આપતા કહ્યું "તે એ વાત ઠીક સંભારી તને એ સંબંધી ખબર આપવાનેજ આવ્યો છું, પરંતુ બીજી વાતોમા મૂળ વાતને વિસરી જવાથી તને અત્યારસુધી કહી શક્યો નથી વ્હાલી અનુપમા ! તારા સુખકર સહવાસમા હું જેટલો સમય ગાળુ છું, તેટલા વખતમા મારા સ્વાભાવિક ભાનને ભૂલીને તારા વ્યક્તિ-

... વસ્તુપાળના આપેલ ... ના તમામ ખાતાની સારસંભાળ સાથે જીવનની સાહજિક તરીકેનીએ પણ ... ચતુરતાને ... આ પિયરાની સાથે દરેક તેની ... ને ... આપતો હતો ... ઉપરાંત વસ્તુપાળ અને તેની બન્ને સ્ત્રીઓ પણ સ્ત્રી ... વસ્તુપાળ તથા તેજપાળ અનુપમાની સલાહ પ્રમાણે વર્તતા હતા અનુપમા જેમ બુદ્ધિશાળી હતી, તેમ વીર નારી પણ હતી અને તેનો પતિ તેજપાળ ... સંગ્રામના અંગે યુદ્ધમાં જતો, ત્યારે તે વીરાંગનાને છાજે તેવી રીતે તેને ઉત્સાહિત કરતી હતી અને હસતા મુખે વિદાય પણ આપતી હતી આવી દેવસ્વરૂપા અનુપમા સબંધી આટલી પ્રસ્તાવના કરવામાં અમારો આશય માત્ર એટલોજ રહેલો છે કે અનુપમા એ ખરેખર અનુપમાજ હતી

